
કુમાર

સંસ્થાપક • સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી - સ્વ. બચુભાઈ રાવત
આવતી કાલનાં નાગરિકોનું માસિક • વર્ષ ૫૮મું અંક ૭મો • સળંગ અંક ૬૯૧ • જુલાઇ ૧૯૮૧
તંત્રી • બિહારીલાલ ટાંક



તારાજીનાં એંધાણ

આ અંકની કલાવાર્તામાં જેમનો પરિચય આપ્યો છે તે કલાકાર વજુભાઈ ભગતની લાક્ષણિક શૈલી દાખવતા
આ દૃશ્યચિત્રમાં એમણે થોડાંક પંખી અને કાળમુખા શિયાળ સાથે પર્ણહીન વૃક્ષો,
સુકાઈ જતા ઘાસ તળે ઉઘાડી થતી જમીન અને રહીસહી હરિયાળીને યે જાણે કોરી કાઢતા ક્રૂર પંજા જેવાં થોરનાં ઝૂંબડાં આલેખીને
વિલાતી જતી વનશ્રીનો ખયાલ બહુ સચોટતાથી રજૂ કર્યો છે.



સોસાયટી (કલાકાર : વજુભાઈ ભગત) ભારતીય ઢબે દ્વિપરિમાણમાં ચિત્રાંકન, ભારતીય રંગાવટ અને પ્રથમ દૃષ્ટિએ સામાન્ય લાગે તેવા ચિત્રવિષયો એ વજુભાઈના ચિત્રસર્જનની આગવી લાક્ષણિકતાઓ છે. આ ચિત્રનું નામ તથા તેનું આલેખન જોતાં તેમાં પ્રથમ દૃષ્ટિએ લાગે છે-તેમ ગરીબ લાચાર વ્યક્તિ, તેના પ્રત્યે દયા દાખવનાર અને કદાચ આ બંને વર્ગની વ્યક્તિ પ્રત્યે અથવા દયાની ભાવના માટે ઘૃણા બતાવનાર વર્ગને પ્રતીકાત્મક રીતે ચિત્રાંકિત કરવાનો જ ખયાલ માત્ર હોય તેમ લાગતું નથી. ચિત્રમાં જેના ઉપર પાત્રોનું મંડાણ કરેલું છે એ ભોંયને કાળી ચીતરીને આજે આપણે અંધકારમાં ફાંફાં મારી રહ્યા છીએ એમ પણ કદાચ ચિત્રકારને કહેવું છે. એ જ રીતે પશ્ચાદ્‌ભૂમાં સફેદ ભીંતને જેનાથી બગાડેલી દર્શાવી છે તે ચિતરામણોમાં ઈનામની રકમ સાથે બતાવેલો ઘોડદોડનો ઘોડો, જુગારનો અંકચોરસ તથા ગરીબ માના ખભે બેઠેલા રડતા બાળકની પાછળ દેખાતો લાચારીથી અકળાયેલો ચહેરો પણ સમાજમાં ભળી ગયેલી વિકૃતિઓને સૂચવે છે. સાફ-સૂથરી ભીંત બગાડવી જેમ આપણને ગમવી ન જોઈએ તેમ જ સમાજને પણ વિકૃત કરવા પ્રતિ પણ આપણને અણગમો હોવો જોઈએ એમ જાણે ચિત્રકારને કહેવું છે. (બ્લૉકો - કલાકારના સૌજન્યથી)

કુમાર

જુલાઈ ૧૯૮૧

સળંગ અંક ૬૯૧

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે વધારે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ રીતે ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માટે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮-૦૦ અથવા પાઉન્ડ ૩-૦૦ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

પ્રતીક્ષા વૃક્ષની / રઘુવીર ચૌધરી

• ગઝલ •

હવે વાદળને કેવળ સંગ આ મારી નજરનો છે,
પવન પર્વતની પેલી પાર પાછો જાય અત્યારે.

જુલમની વાતમાં મન લાગતું ના જ્યારથી, જોયું
જીવે છે કેટલું કાંટા, ફૂલો કરમાય છે ક્યારે.

વિરહ વનવાસમાં આપી કરી કૃપા; હરી વાણી,
કરું છું બંધ આંખો, દૂરનું દેખાય છે ત્યારે.

મને ઋણી કીધો બહુ પ્રેમથી બોલાવનારાએ,
જતનથી દૂર રાખ્યો આપને મળવું હતું જ્યારે.

દીઠો ના ભાવ તો પાછાં વળી ગ્યાં પંખીઓ નભમાં,
પ્રતીક્ષા વૃક્ષની ભીતર હવે સંકોરવી મારે.

છલોછલ છાકમાં / દેવેન્દ્ર દવે

હરિણી • સૉનેટ

દરદ વસમાં વેંઢારીને વહ્યે જતું જીવન —
પ્રગટ થતી શી શબ્દે શબ્દે વ્યથામય લાગણી,
પ્રિયજન તણા સંગે રહેવું છતાં અવધૂત-શું
ઉર ભટકતું! પોકારી ના શકે પ્રિય! આવ તું!
સકલ દુનિયા માને કેવો રહે નિજ મસ્તીમાં!!
અહહ, કવિનું જીવ્યું કેમે સહ્યું અવ જાય રે!
અવશપણું ને ઓછી લક્ષ્મી, પલેપલ વાંકમાં!

અરવ દીસતા છોને ઓષ્ઠો, વહે નિત જાહ્નવી
સતત ભીતરે વાણી કેરી, સુકાયલ ભાસતો
કુસુમ સરખો ચ્હેરો – ખીલે સુધામય ચિંતને.
હળુ ઊઘડતી પંક્તિ પ્હેલી ચહે પ્રીત પોષતી
મધુર રવના શિલ્પો કોરી રહે મીઠી કાળપે
મુકુલિત થતા આલાપોને! ટહુકતી લેખણે:
અમિયલ પીતો એકાન્તોનાં છલોછલ છાકમાં!

આપણી તો / યોસેફ મૅકવાન

• ગાન •

આપણી તો ખુશી છે હથેલી જેવી ને જેટલી
ને સળવળતી વેદનાની આંગળીઓ સળગે છે કેટલી!
ખોબા શી છાંયડી તો માથે તોળાય
ઉપર તપતા તડકાનો અવસાદ,
પળનો અવકાશ આ આખ્ખુંયે આભ
અને વાદળના બે-ત્રણ વરસાદ.
સુખની લકીર સમી સરકંતી વીજ
પછી આંખોમાં રાત હોય મેઘલી!
આપણી તો ખુશી છે હથેલી જેવી ને જેટલી!
છાતીમાં ખળખળતો વ્હેતો સમય અને
સપનાનું ગામ સામે કાંઠે,
શ્વાસોના હલ્લેસે હલ્લેસે આપણે
તરવાનું એકલે તે હાથે
દર્પણ સપાટીનું છૉળ છૉળ ફૂટે-
તે વ્હેરાતી જાય જાત એટલી!
આપણી તો ખુશી છે હથેલી જેવી ને જેટલી!

મુક્તક / કરસનદાસ લુહાર

રેતાળ આંખમાં કશું અંકુરતું નથી,
પથરાળ મનને કાંઈ હવે સ્ફુરતું નથી.
નિષ્પર્ણતાને નામ હયાતીનું દઈ શકો;
કે વૃક્ષ હવે પર્ણનેય ઝૂરતું નથી.

પકડી લે હાથ / રાજેશ વ્યાસ

• ગાન •

તું હાથ હતો એક લહિયાનો,
ને કેટકેટલાં પહેરણ પહેરી,
વેશ ધર્યો નરસૈંયાનો.

તું માણસ ઠાગાઠૈયાનો,
તેં ઓળઘોળ આ પ્રાણ કરીને,
દૂહોળ કર્યો તરવૈયાનો.

શબ્દોના પણ તારે સાંસા,
ને પંથ કાપવાના ખાસા.
સઘળી આવનજાવન છોડી
પકડી લે હાથ કન્હૈયાનો.

એવું થાય કે / કિશોર બારોટ

• ગાન •

આજ તો એવું થાય કે માની છાતીએ ફરી કિસલો બની વળગી પડું.
હે...યને નીંદર નોંજણે* બાંધી ગાયને ખીલે ઘાસનો પૂળો છોડતી માને છાલિયું ધરું
ફળિયે–શેરી–પાદરે–તળાવ–ગોંદરે આખ્ખી સીમમાં ભમ્મર હળવો પવન થઈને ફરું
ઘરને ખૂણે જઈ છુપાઈ કોઈ બપોરી વેળને ટાંણે શોધતી ઝાંખી આંખ્યને જડું
આજ તો એવું થાય કે માની છાતીએ ફરી નાનકો બની વળગી પડું.
ગોઠિયા હારે જઈને નદી–ભેખડે થઈ નાગોડિયો હું ભફાંગ ધૂબકા ખાઉં
મોરનું પીંછું શોધતો આંબાવાડિયું ખૂંદું; કાકડી, ગૂંદું, બોર, લીંબોળી ખાઉં
પણ મને આ શૂળ બનીને વીંધતા દાઢી-મૂછ પછી તો હું જ મારાથી છાનકો રહું
આજ તો એવું થાય કે માની છાતીએ ફરી નાનકો બની વળગી પડું.

* દોહતી વખતે ગાયને પાછલે પગે બાંધવામાં આવતું દોરડું.

કૉમ્પ્યુટરનાં મૂળિયાં

ડૉ. ગુણવંત શાહ

ક્યારેક પ્રશ્ન થાય કે આદિમાનવ પહેલી વાર જૂઠું ક્યા સંજોગોમાં બોલ્યો હશે. સમાજમાં ખાનગી માલિકી, રાજ્યવ્યવસ્થા, લગ્નસંસ્થા, નિશાળ, ન્યાયાલય ને દેવળો ન હોય ત્યારે કોઈ માણસ માટે જૂઠું બોલવાનું માનીએ તેટલું સહેલું જણાતું નથી. અસત્યના મૂળમાં સંસ્કૃતિ નહિ હોય? અસત્ય જેમજેમ વધારે ને વધારે વ્યવસ્થિત બનતું જાય, સંસ્થાગત બનતું જાય અને સ્વીકાર્ય બનતું જાય તેમતેમ આપણી કહેવાતી 'સંસ્કૃતિ' વિકાસ પામતી રહે એવું તો નહિ હોય ને! કુંભારનો ચાકડો હવે ફ્લાયવ્હીલ બનીને આપણી સમક્ષ ફરતો રહે છે. ચાકડો કાયમ માટીના સંપર્કમાં રહેતો. ફ્લાયવ્હીલને તો માટી સાથે હવે ઉપરછલ્લી ઓળખાણ પણ રહી નથી અને કુંભારનો તો ક્યાંય પત્તો જ નથી!

આહાર માટે મેળવેલા શિકારના ભાગ પાડતી વખતે માણસ સૌ પ્રથમ જૂઠું બોલ્યો હોય એ બનવાજોગ છે. સંભવ છે કે જૂઠું બોલ્યા પછી ય એણે એ વાતને છુપાવી નહિ હોય. અસત્ય ગોપનીય ન હોય ત્યાં સુધી વ્યવસ્થિત નથી બની શકતું. એ વ્યવસ્થિત ન બને ત્યાં સુધી સંસ્થાગત શી રીતે બને? અસત્ય, વિકાસની અમુક કક્ષા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ન્યાયાલય ઊભું થઈ શકે ખરું?

કૂતરો પગલાં સૂંઘીસૂંઘીને ગુનેગાર સુધી પહોંચી જાય એ રીતે માણસ ક્યારેક પોતાનાં મૂળ સુધી પહોંચી જવા ઝંખે છે. આવી ઝંખનાને 'ઊર્ધ્વમૂલ' ગણાવીને એના પર બ્રહ્મવિદ્યાની ગહનતાનું આરોપણ કરવાનું પણ ટાળવા જેવું છે. સાહજિકતા જ્ઞાનના વહેમ હેઠળ દબાઈ મરે એના કરતાં તો જે કાંઈ અજ્ઞાન મારા તાબામાં છે તેને સાચવી રાખવાનું હું પસંદ કરું. મૂળ સુધી પહોંચવાની આ ઝંખના ગુરુત્વાકર્ષણ જેટલી સહજ જણાય છે. ન્યુટને 'ગુરુત્વાકર્ષણ' નામની ઘટના પર નિયમો રચ્યા તે જ રીતે માણસની આ મૂળગામી ઝંખના પર ઘણાં શાસ્ત્રો રચાયાં છે.

એક માણસે ખૂન કર્યું. જો ગુનો પુરવાર થાય તો ફાંસીની સજા મળે એવી શક્યતા હતી. વકીલની ચતુરાઇને કારણે એ નિર્દોષ છૂટી ગયો ત્યારે પાછળથી એ કેસ સાથે સંકળાયેલા ફોજદારે એને પૂછ્યું: 'મને હવે સાચું જણાવ, તેં ખરેખર ખૂન નહોતું કર્યું?' જવાબમાં પેલા માણસે જણાવ્યું: 'અત્યાર સુધી મેં ખૂન કરેલું તે બાબત અંગે મારા મનમાં કોઈ જ શંકા ન હતી. પરંતુ મારા વકીલની દલીલો સાંભળ્યા પછી મને ય થવા માંડ્યું છે કે કદાચ મેં ખૂન ન પણ કર્યું હોય?' આ પ્રસંગ સાવ સાચો છે. અસત્યને સંસ્થાગત (institutionalized) બનાવવામાં ન્યાયાલયોનો ફાળો ઘણો મોટો હોવાનો સંભવ છે.

શિકાર કરીને જીવનારા આદિમાનવે જે હિંસા કરી તે એની જીવન ટકાવી રાખવાની મથામણની અનિવાર્યતા હતી. સદીઓ પછી 'રાજા' નામની સંસ્થાનો જન્મ થયો, પછી શિકારને ક્રીડાનો દરજ્જો મળ્યો. ક્રીડા ખાતર પ્રાણીઓને મારવાની શરૂઆત થઈ ને આજે ક્રીડા ખાતર માણસોને મારવામાં આવે છે. ચલચિત્રોમાં ઘાતકી ખલનાયક કોઇને મારે તે ય સ્ટાઇલપૂર્વક! બિલાડી ઊંદરને રમાડે એમ એ પોતાના સકંજામાં આવેલા માણસને મારતાં પહેલાં રમાડતો હોય એવા સંવાદો બોલે છે. ઈદી અમીને કેટલાય માણસોને ખાલી શોખ ખાતર જ મારી નાખેલા.

માણસો બે પ્રકારના જોવા મળે છે. કેટલાક માણસો કશુંક ખોટું કરે ત્યારે એમના ચહેરા પરથી અરધી ખબર પડી જાય. તેઓ જૂઠું બોલે, ક્રોધ કરે, કશુંક છુપાવે કે કોઈ ગુનો કરે ત્યારે એમનો ચહેરો બધી વાતની ચાડી ખાય એટલે સામા માણસને સમજ પડી જાય. કેટલાક માણસો એવા કે અંદરથી નફરત કરતા હોય તો ય ચહેરો પ્રેમાળ રાખી શકે; અંદરથી ક્રોધ કરતા હોય તો ય ચહેરા પર શાંતિનો ઢોળ ચડાવી શકે અને જૂઠું બોલતી વખતે પોતે સત્યવક્તા હોય એવી મુદ્રા ચહેરા પર ઉપસાવી શકે. પોતાનાં મૂળ સુધી પહોંચવાની ઝંખના અકબંધ રાખવાનું બીજા વર્ગના લોકો માટે સરળ નથી હોતું. 'ટ્રાફિક જામ'માં સપડાયેલો આદમી ઝટ પાછો નથી વળી શકતો.

પોતાના સ્વ-ભાવથી દૂર ને દૂર ઘસડાતા જતા આદમીની દશા ધોધની છેક નજીક પહોંચી ગયેલી હોડી જેવી થાય છે. પોતાના 'સ્વ'થી અળગા પડી ગયેલા માણસોએ પરિચયને બદલે ઓળખાણથી ચલાવી લેવું પડે છે. ઓળખાણ હોય તે માણસ પાસે ઉછીના પૈસા લેવાય પણ અપાય નહિ એવું ડાહ્યા માણસો કહે છે. કાર્લ માર્ક્સે પોતાનાથી વિખૂટા પડી ગયેલા માણસની વાત કરી હતી. જે પોતાની જાતથી વેગળો થઈ જાય તે પારકાને પોતીકા શી રીતે કરી શકે? પોતે જેને પ્રેમ કરતો હોય એને પૂરી સમગ્રતાપૂર્વક પામવાની ઉત્કટ ઝંખના માણસને રહે છે. આ ઝંખના એટલી તો મૂળભૂત અને સહજ છે કે જગતના સાંપ્રત રીતરિવાજો જાળવીને પ્રેમ કરવાનું થોડું મુશ્કેલ બની રહે છે. કહેવાતા ડાહ્યા માણસોએ બે પદાર્થો વચ્ચેના આકર્ષણના નિયમો બનાવ્યા છે તે જ રીતે બે વ્યક્તિઓ વચ્ચેના આકર્ષણ અંગે પણ નિયમો ઘડ્યા છે. પદાર્થો વચ્ચેના આકર્ષણમાં નિયમો કોઈ મુશ્કેલી ઊભી નથી કરતા; પ્રેમ અંગેના નિયમોનું એવું નથી.

ચોરી કેટલી સહજ હોઈ શકે તેનો ખયાલ વ્યવસ્થિત ચોરીના આ જમાનામાં નથી આવી શકતો. ઝાંબિયામાં ચોમા નામનું એક ગામ છે. ત્યાં ન્યાયાધીશ તરીકે કામ કરતા ગુજરાતી સજ્જને મને, મકાઇનું ડૂંડું ચોરવા બદલ ન્યાયાલયમાં હાજર કરાયેલા આફ્રિકન આદિવાસીની વાત કરેલી. 'તેં મકાઈની ચોરી કેમ કરી?' એમ જ્યારે ન્યાયાધીશે પૂછ્યું ત્યારે પેલાએ સરળતાથી જણાવ્યું! 'મને કકડીને ભૂખ લાગી હતી ને સામે મકાઈનું ડૂંડું હતું.' ચોરીને જો આટલી સહજ રાખી શકીએ તો કોઇને સોનાની દાણચોરી કરવાનું પાલવે ખરું?

ગીતાના અઢારમા અધ્યાયમાં ભગવાને અર્જુનને એક અનોખી શિખામણ આપી છે:

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत्।

હે કુંતીપુત્ર! પોતાનું સહજ કર્મ દોષવાળું હોય તો પણ તેનો ત્યાગ કરવો ન જોઇએ. આવું કહેતી વખતે શ્રીકૃષ્ણ લાઓત્સેની ખૂબ જ નજીક આવી જતા જણાય છે. લાઓત્સે તાઓનો ઉપાસક હતો. તાઓ એટલે માર્ગ. જે (સહજ) છે તે 'માર્ગ' કહેવાય. એ માર્ગને બનાવવામાં આવે ત્યારે તે 'સંસ્કાર' કહેવાય. **Culture is what cultivates the way.** સંસ્કાર જ્યારે સામાજિક સ્થાયીભાવ બનીને ઘનીભૂત બને ત્યારે સંસ્કૃતિ જન્મે.

આપણાં મૂળને પામવાની સહજ ઝંખના એ આપણો સ્વ-ભાવ છે. સ્વ-ભાવ ગુમાવી દઇને માણસ 'સ્વ'ની શોધ શી રીતે કરી શકે? એ જવાબદારી હવે એણે કવિઓ પર છોડી દીધી જણાય છે. 'સ્વ'ને ગુમાવી દીધા પછીના સ્વ-રાજ્યમાં ય ખરી મજા નથી હોતી. જ્ઞાનદેવે ક્યાંક આકાશને ગલેફ ચઢાવવાની નિરર્થક ચેષ્ટાની વાત કરી છે. સ્વ-રાજ્ય ભોગવવાના આપણા પ્રયત્નોનું પણ કંઈક એવું જણાય છે.

એક માણસ બીજા માણસનો વિશ્વાસ નથી કરતો પરંતુ એને કૉમ્પ્યુટર પર પૂરો ભરોસો હોય છે. દુકાનના ગલ્લા પર માનવ સંચાલિત ત્રાજવા પર એને વિશ્વાસ નથી બેસતો પરંતુ સ્ટેશન પર પોતાનું વજન કરનારા યંત્ર પર એને વહેમ નથી પડતો. જેને તાવ ચઢ્યો હોય તે માણસ પર ભારોભાર અવિશ્વાસ હોય તો ય એનો તાવ માપનારા થર્મોમીટર પરની એની શ્રદ્ધા અકબંધ જણાય છે! અણુબૉંબની વિનાશકતામાં અશ્રદ્ધા રાખવાને કારણ નથી, પણ એ બનાવનાર પર ભરોસો મૂકવાનું મુશ્કેલ!

કૉમ્પ્યુટરનાં મૂળ શોધતાંશોધતાં આપણે ક્યારેક આપણાં મૂળ સુધી પહોંચી જઈશું — કૉલમ્બસ અમેરિકા પહોંચી ગયેલો તેમ! □

કાર્યનિષ્ઠા પરિશ્રમ અને સેવાભાવનાના બળે દીન-દુઃખીઓની સેવાનું ભગીરથ કાર્ય ઉપાડનાર કરુણાદેવી



કમલાબાઈ હોસ્પેટ


લેખક · પ્રફુલ્લ રાવળ


એને વિધિની વક્રતા જ કહીશું ! પાંગરવાની પળે જ જીવન-વેલ વિલાય એવી પરિસ્થિતિને સર્જનહારનો ન્યાય કહીશું કે અન્યાય ? આયુના સોળમે વર્ષે જ વૈધવ્ય અને તેથી પ્રકટતા દુઃખ સંઘર્ષનું આગમન. એ વયે પુનર્લગ્નનો વિચાર ઉદ્ભવે અથવા સામાજિક પરિસ્થિતિને વશ થવું પડે. જમાનો એવો હતો કે સામાજિક રૂઢિમાં બદ્ધ કુટુંબમાં પુનર્લગ્નનો વિચાર કરવો ઉચિત નહોતો. ઇચ્છે તો પણ એ શક્ય નહોતું. તેથી વિકલ્પે સામાજિક રીતરિવાજના બંધિયાર વાડામાં જીવન પસાર કરવું પડે તેવી પરિસ્થિતિ. પરંતુ એણે એક નવી જ દિશા ગ્રહી. આવી પડેલી સંઘર્ષમય પરિસ્થિતિમાંથી નૂતન સંવાદિતા પ્રકટાવી. પોતાના દુઃખને નિવારવા અન્યના દુઃખની સમભાવ થઈને એ સતત પ્રવૃત્તિશીલ બની રહી. વિકટ નાજુક પરિસ્થિતિમાંથી નૂતન સદ્ભાવનાનો આવિષ્કાર કરનાર આ સન્નારીનું નામ છે કમલાબાઈ હોસ્પેટ. આજે બાવીસ જેટલી શાખાઓ ધરાવતી મહારાષ્ટ્રની 'માતૃસેવા સંઘ' નામની સંસ્થાના એ આદ્ય સ્થાપિકા – આદ્ય પ્રણેતા.


ઈ. સ. ૧૮૯૬ના મે માસની ત્રેવીસમી તારીખે તે કાળના મુંબઈ પ્રાંતના ખાનદેશ જિલ્લાના પશ્ચિમ ભાગમાં આવેલા શિરપુર ગામમાં એક સંસ્કારી ઉચ્ચ મહારાષ્ટ્રીય બ્રાહ્મણ કુટુમ્બમાં નવમાંના સાતમા સંતાન તરીકે તેમનો જન્મ થએલો. કમલાબાઈનું કુટુમ્બીય નામ ચમુતાઈ હતું. પિતા કૃષ્ણરાવ મોહોની પોલીસ સબ-ઈન્સ્પેક્ટર હતા. પાંચ પુત્રો, ચાર પુત્રીઓ અને પતિપત્ની મળીને કુલ અગિયાર સભ્યોનું મોટું કુટુમ્બ હોવા છતાં ઉચ્ચ નીતિમત્તાના સંસ્કારબળે એ ખાતામાં સ્વાભાવિક લેખાતી લાંચ લેવાની વૃત્તિથી તેઓ અલિપ્ત હતા. સંપૂર્ણ નિષ્ઠાથી એ ફરજ બજાવતા. સરળતા ને સાદાઈ એમના વ્યક્તિત્વને દીપાવતી. પ્રામાણિકતાએ એમની સુવાસ સર્વત્ર પ્રસરતી. આ સજ્જન પુરુષનું પચાસ વર્ષની વયે,ઈ. ૧૯૦૨માં જ્યારે ઓચિંતું નિધન થયું ત્યારે એમની પાસે માંડ પાંચસો રૂપિયાની મૂડી હતી. સ્વાભાવિક જ એમના નિધનથી કુટુમ્બ પર આફતનાં વાદળો ઘેરાયાં. આવકનું કોઈ સાધન નહિ, કે પોતાનાં કહી શકાય તેવાં નજીકનાં કોઇ સગાં-સંબંધી પણ નહિ. આવી કપરી પરિસ્થિતિમાં દસ વ્યક્તિઓનું કુટુંબ નિભાવવું એ કમલાબાઈની માતા રાધાબાઈ માટે પડકાર હતો. બાળકોને ઉછેરવાં અને એમને શિક્ષણ આપવું એ રાધાબાઇનું પ્રથમ કર્તવ્ય હતું. રાધાબાઈ સંતાનોને લઇને નાસિક આવીને રહ્યાં. ભાઈની સહાયથી નજીવા ભાડામાં ઘર રાખ્યું અને કપરી પરિસ્થિતિ સામે હિમ્મતપૂર્વક આપબળે–આત્મબળે સતત પ્રવૃત્તિશીલ રહીને કુટુમ્બને છિન્નભિન્ન થતું બચાવ્યું. સ્વમાની રાધાબાઈએ ધર્માદા-સંસ્થાની મદદ લીધા વગર સ્વકીય પરિશ્રમે જીવનને પગભર બનાવીને બાળકોને ઉછેરવા સાથે શિક્ષણ આપવાનું પ્રારંભ્યું. પ્રભુ પ્રત્યે પ્રબળ આસ્થા-શ્રદ્ધા ધરાવતી આ પવિત્ર નારી પ્રવૃત્તિને જ જીવન બનાવીને આદર્શ જીવન જીવી ગઈ. પતિ કૃષ્ણરાવના મૃત્યુ બાદ છેક ૧૯૪૭માં અવસાન પામી ત્યાં સુધી સતત યાતનાઓને પડકારતી આ આર્ય ગૃહિણી કમલાબાઈની પ્રથમ પ્રેરણામૂર્તિ હતી.


ઈ. ૧૯૦૨માં કૃષ્ણરાવનું અવસાન થયું તે કાળે સમગ્ર મહારાષ્ટ્ર-બાહ્ય-આંતરિક રાજકીય પ્રવૃત્તિથી ધમધમતું હતું. રાષ્ટ્રાભિમાન વૃત્તિનો ઉદય થઈ રહ્યો હતો. તિળકના નેતૃત્વના દિવસો હતા. 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે'નું સૂત્ર પ્રત્યેક ઘરમાં ગૂંજતું'તું. ક્રાંતિકારીઓનો એ જ પવિત્ર મંત્ર હતો. તિળકની પ્રતિભા તળે યુવાનોમાં રાષ્ટ્રને સ્વતંત્ર કરવાની તમન્ના આકાર લઈ રહી હતી. કમલાબાઈના જ્યેષ્ઠ બંધુઓ પણ આ રાષ્ટ્રભાવનાથી અલિપ્ત નહોતા. એમના એક ભાઈએ એડ્યુકેશન સોસાયટીને પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. દેશભક્તિની ભાવનાથી સ્વતંત્રતાની લડતના તે ભાઈઓ હિમાયતી બનેલા. પરંતુ પ્રબળ રાષ્ટ્રભાવના સામે કુટુમ્બની આર્થિક સ્થિતિ સધ્ધર ન હોઈ સક્રિય કાર્યકર નહોતા બની શક્યા. છતાં ય એ કાળના યુવાનોના આદર્શોથી તેઓ વંચિત નહોતા. માતાએ યાતનાઓ વેઠીને એમને શિક્ષણ આપવાની જે ઉચ્ચ ભાવના ટકાવી રાખી હતી તે પુત્રોએ ખંતથી ભણીને તથા સખ્ત પરિશ્રમ અને તેજસ્વીતાએ શિષ્યવૃત્તિઓ મેળવીને પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં પણ સારું શિક્ષણ પ્રાપ્ત કરીને રાધાબાઈની અભિલાષાને સાકાર કરી હતી. પરંતુ એ લાભ પુત્રીઓને નહોતો મળી શક્યો. પુત્રોને શિક્ષણ આપવા સાથે પુત્રીઓને પણ ભણાવવાની અનુકૂળતા નહોતી. એથી કમલાબાઈ શાળાકીય શિક્ષણ મેળવી શક્યાં નહિ. પણ ધગશ અને પ્રવૃત્તતા એ એમના ગુણ હતા એથી માતાની પ્રેરણાથી આપમેળે એમણે માતૃભાષા મરાઠી વાંચતાં-લખતાં તો શીખી લીધું અને ક્રમશઃ વાચનરસ કેળવ્યો. હિન્દુ સંસ્કૃતિ-ધર્મના હાર્દસમ મહાકાવ્ય રામાયણ-મહાભારત રસપૂર્વક વાંચીને એમાં નિર્દિષ્ટ ઉદાત્ત-ઉત્તમ સંસ્કારોનું એમણે જીવનમાં સિંચન કર્યું. બાળપણથી ઉદાત્ત સંસ્કારોથી પુષ્ટ થએલું કમલાબાઈનું માનસ ભાવિ જીવન માટે માર્ગદર્શક રૂપ બન્યું.

નાનપણથી કમલાબાઈ માતાને ઘરનાં કામોમાં મદદ કરતાં. માતાના સાન્નિધ્યે કમલાબાઈએ નાની વયે જ ધીર ગાંભીર્ય ગ્રહી લીધું. બાર વર્ષની નાની વયે કર્ણાટકના હોસ્પેટ કુટુમ્બમાં ચમુતાઈનાં લગ્ન થઈ ગયાં. પતિ ગુરુરાવ હોસ્પેટ અને શ્વસુરગૃહના અલ્પકાલીન વસવાટ દરમિયાનનાં કોઇ સુખદ સ્મરણો એમની પાસે નથી. વળી, એ કાળનાં પરંપરિત લક્ષણો ધરાવતી સાસુની કઠોરતાનો પરિચય એમને અવશ્ય થએલો. એ કાળમાં વહુને કુટુમ્બમાં આગંતુક ગણીને









△ મથાળે જમણી બાજુ 'માતૃસેવા સંઘનું મુખ્ય મકાન. સીતાબુલ્ડી–નાગપુરમાં કમલાબાઈ હોસ્પેટ તથા વેણુતાઇએ સ્થાપેલા સીતાબુલ્ડી પ્રસૂતિગૃહથી આરંભીને ઈ. ૧૯૫૪માં ઊભી કરેલી આ સંસ્થામાં આજે અદ્યતન હૉસ્પિટલમાં જરૂરી એવાં બધાં સાધનસગવડ સાથે નર્સિંગ અને મિડવાઈફરીની તાલીમ તથા સ્ત્રીઉન્નતિની અન્ય અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. ડાબી બાજુ માતૃસેવા સંઘના જ એક અંગ તરીકે મંદ બુદ્ધિવાળાં અને અપંગ બાળકોના વિકાસ તથા તાલીમ અર્થે ઈ. ૧૯૬૧માં સ્થાપેલી 'નંદનવન' શાળા. નીચે: સંયુક્ત કુટુંબભાવનાના હ્રાસનો ભોગ બનેલા વૃદ્ધોને જરૂરી એવી બધી સુવિધાઓ સાથે આશ્રય આવતા 'પંચવટી આશ્રમ'નાં બે દૃશ્યો. ડાબી બાજુ ત્યાંનું રામજી મંદિર અને જમણી બાજુ ત્યાંના વિસ્તારનો એક ભાગ. (આ ચાર તથા સામેના પૃષ્ઠ પરની છબીઓ 'માતૃસેવા સંઘ'ના સૌજન્યથી.)

એના પ્રત્યે સમભાવની લાગણી રાખવી એ જાણે સામાજિક ગુનો ગણાતું! વળી પતિ ગુરુરાવનો વ્યવહાર પણ માનવતાની દૃષ્ટિએ સ્તુત્ય ન ગણી શકાય એવો હતો. પરંતુ સામે કમલાબાઈનું આભિજાત્ય પણ એટલું જ પ્રશંસનીય હતું. એની નણંદ પ્લેગના રોગમાં ઝડપાઈ ત્યારે કુટુંબનાં અન્ય સભ્યોએ ચેપ લાગવાના ભયે એને દૂર રાખીને પોતાના સ્વાસ્થ્યનું વિચાર્યું ત્યારે કમલાબાઈએ પોતાનો કૌટુમ્બિક ધર્મ સમજી કાળજીપૂર્વક સેવા કરીને એને રોગમુક્ત કરી. પતિ ગુરુરાવ સઘળા અવગુણોના શિકાર બની લગ્નજીવનનાં બે વર્ષ બાદ ક્ષયરોગની ગંભીર માંદગીમાં સપડાયા ત્યારે એ સમયમાં અસાધ્ય રાજરોગ ગણાતા અને લગભગ મૃત્યુના આવાહક લેખાતા એ રોગનો પોતાનો ચેપ લાગશે એવો સહેજ પણ વિચાર કર્યા વગર રાતદિવસ કમલબાઈએ પતિની શુશ્રૂષા કરવામાં પણ કોઈ કમી નહોતી રાખી. પરંતુ પૂરા ભાવ, નિષ્ઠા અને ધીરજથી પતિને રોગમુક્ત કરવાના એમના પ્રયત્નો ફળ્યા નહિ અને કમલાબાઇના લલાટેથી સૌભાગ્યનો ચાંલ્લો ભૂંસાઈ ગયો.

સામાન્યત: સોળ વર્ષે જીવનસમજ ખીલે, અરમાનો-આશાઓ પાંગરે, લગ્નજીવનનો ખયાલ દૃઢ બને, દામ્પત્યજીવનને સુમધુર બનાવવાનાં શમણાં ફૂટે. પરન્તુ કમલાબાઇના ભાગ્યમાં આમાંનું કાંઇ નહોતું. આટલું ઓછું હોય તેમ સામાજિક રીતરિવાજોની હિમાયતી સાસુએ, સૌભાગ્યના ચિહ્ન રૂપ વાળ કઢાવીને મૂંડન કરાવી કમલાબાઇને ખૂણે બેસવા જેવાં સામાજિક બન્ધનોના પાલન માટે પણ અત્યાગ્રહ રાખ્યો.

આ બંધિયાર સામાજિક વાતાવરણ કમલાબાઇને કોરવા લાગ્યું. એનો અંતરાત્મા આ પરિસ્થિતિ વિષે મંથન કરતો રહ્યો. એણે અનુભવ્યું કે તે કોઈ અન્યાયનો શિકાર બની રહી છે. પરંતુ રૂઢિચુસ્ત સાસુને મનાવવી એ અઘરું હતું. એમાં ય વળી બાળવિધવા વહુ પ્રતિ સાસુનું વલણ કડક જ રહેતું. છતાં ય કમલાબાઇએ થોડોક ઊહાપોહ કરીને સામનો કર્યો, પણ વ્યર્થ નીવડ્યો. રૂઢિચુસ્ત સાસુનું માનસ મક્કમ જ રહ્યું. સમાજવ્યવસ્થા જ એ પ્રકારની હતી કે કશુંક નવું કરવું એ જાણે પાપ લેખાતું.

પ્રવૃત્તિશીલ કમલાબાઇને સમય આમ વેડફાય તે કેમ ગમે? એમણે પોતાના ભાઈ નાનાસાહેબ મોહોનીને પોતાની આંતરવ્યથા કહીને આ બંધિયાર વાતાવરણમાંથી મુક્ત થવાની ઇચ્છા દર્શાવી. નાનાસાહેબે કમલાબાઇને પોતાના ઘેર લઈ જવાની દરખાસ્ત મૂકી. સાસુએ પ્રથમ તો ઈન્કાર કર્યો, પણ નાનાસાહેબના આગ્રહથી છેવટે તેમણે સંમતિ આપી. અને માત્ર હોસ્પેટ અટક સાથે કમલાબાઈએ શ્વસુર-ગૃહ છોડી પિયર આવીને પુન: માતાના સાંનિધ્યમાં નવી જિંદગીનો આરંભ કર્યો. સાસરિયામાં એમને સુખ નહોતું, છતાં ય એ બન્ધનમાંથી મુક્ત થવા સિવાય માતાના ઘરે આવવામાં એમને કોઈ વિશેષ આનન્દ પણ નહોતો. કારણ આર્થિક ભીંસ વેઠતી માતાને એ ભારરૂપ થવા ઇચ્છતાં નહોતાં. એમણે માતા ભેગ જ ભાળીને ઘરકામમાં ઉપયોગી થવાનો ખ-

ચાલ તો રાખ્યો જ, સાથોસાથ કોઈ આછીપાતળી નોકરી માટે યે પ્રયત્નો કર્યાં. સમય મળ્યે આજુબાજુની સ્ત્રીઓની સેવા કરવાનું પણ એ ચૂકતાં નહિ. અનેક સ્ત્રીઓની પ્રસૂતિ સમયે એ સહાયભુત બની રહેતાં.

કમલાબાઈના પિયરવાસનાં તે પછીનાં સાત-આઠ વર્ષમાં એમના ભાઇઓ પણ ક્રમશઃ પોતપોતાના જીવનમાં સ્થિર બનતા ગયા. ઈ. ૧૯૧૫માં એમના ભાઈ ડી. કે. મોહોની સ્થળાંતર કરીને વિદર્ભમાં એક મારવાડી હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે જોડાયા. બે ભાઈ નાગપુરમાં સ્થિર થયા. ચોથા ભાઈ હરિભાઉએ તો સેવાર્થે 'ખાનદેશ એડ્યુકેશન સોસાએટી'ને જ પોતાનું વન સમર્પિત કરી દીધું. આજી હરિભાઉએ કમલાબાઈને સામાજિક સેવાર્થે પ્રોત્સાહિત કર્યાં હતાં. માતા પછી કમલાબાઈના એ બીજા પ્રેરક બળ હતા.

વ્યક્તિમાં રહેલી સર્જનાત્મક શક્તિને ઈષ્ટ દિશામાં વાળવી જોઇએ, અન્યથા સારી વ્યક્તિમાં પણ શેતાન ઘર કરીને બેસે છે. કમલાબાઈ પાસે પણ શક્તિનો સંચય હતો અને એ કંઈક કરવાની વૃત્તિ ધરાવતાં હોઈ ભાઇઓએ અનુભવ્યું કે કમલાબાઈ માત્ર વિધવા જીવન જીવે તે પર્યાપ્ત નથી, પરંતુ એ કોઈ એવી પ્રવૃત્તિમાં રમમાણ રહે જેના થકી તેઓ આવી પડેલું દુઃખ સહી શકે અને ભાવિ જીવન સુખમય-રસમય રીતે પસાર કરી શકે. આવી જ વિચારધારા કમલાબાઈના માનસમાં પણ આકાર લઈ રહી હતી. આમેય સેવાકીય પ્રવૃત્તિ પ્રતિ કમલાબાઇને સવિશેષ રુચિ હતી. ઘરેલું કામમાં બેએક વર્ષ વ્યતીત કર્યાં પછી એમણે અનુભવ્યું કે જો પોતે નર્સિંગની તાલીમ લીધી હોય તો અન્યની સેવા કરવાનું વધુ સાનુકૂળ થઈ શકે. સંકટોથી નિર્ભય બનતાં તેમ જ પોતાને સ્વાશ્રયી બનાવવાના હેતુથી તેઓ નાગપુરની હૉસ્પિટલમાં નર્સ-મિડવાઈફ્રી(દાયણ)ની તાલીમ લેવા જોડાયાં. બે વર્ષમાં એમણે એ શિક્ષણ મેળવી લીધું. આ હૉસ્પિટલમાં વેણુતાઈ નેને સાથે પરિચય થયો. એમણે પણ ઘણી લીલીસૂકી અનુભવી હોઇ કમલાબાઈની વિચારધારા સાથે એમનો સુમેળ સધાયો, અને એ પરિચય પકવ થતાં સમાન ખયાલો ધરાવતી આ બંને સ્ત્રીઓ વચ્ચે જે વિચારવિમર્શ થયો તેના ફળ રૂપે આગળ જતાં ઉભયના સહયોગથી એક નવી સંસ્થાનો જન્મ થયો.

તાલીમ દરમિયાન કમલાબાઈનું વ્યક્તિત્વ નિષ્ઠા અને પરિશ્રમ થકી વિશેષ દીપ્તિમાન થયું. હૉસ્પિટલમાં દર્દીઓ પ્રત્યે કુટુંબી જેવો વ્યવહાર, પ્રેમાળ રીતભાત અને સહુને પોતીકા ગણીને સમજવાની વૃત્તિ કમલાબાઈમાં હોઈ, તેઓ સહુના પ્રેમભાજન બન્યાં, સહુની કૂણી લાગણી ને શુભેચ્છાઓનાં અધિકારી બન્યાં અને ડૉક્ટરોનો વિશ્વાસ સંપાદન કર્યો. પોતાના સ્વભાવની આવી સરળતાથી જ તેઓ મહાન કાર્યનાં પ્રેરક બન્યાં. એ સમયે રાષ્ટ્રીય કક્ષાએ આમૂલ પરિવર્તન આણવાની દિશામાં સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ ને ખાદી પહેરવાનો અનુરોધ ગાંધીજીએ કરેલો. કમલાબાઇએ પણ ખાદી અપનાવી અને તેનું પાલન આજ પર્યન્ત કરતાં રહ્યાં છે કુટુંબને બોજા રૂપ ન થવાની ઈચ્છાએ કમલાબાઇની ઈચ્છા તાલીમ મેળવીને પોતાના પગ પર ઊભા રહેવાની હતી. એ તાલીમ સરળ છતાં ય શોષણયુક્ત હતી, અને એથી ય વિશેષ અંગ્રેજોનું પક્ષપાતી વલણ હતું. કમલાબાઇને તે રુચતું નહિ. આમ' જ તાલીમકાળ દરમિયાન એમના મનમાં સતત કોઈ સર્જનાત્મક વિચારપિંડ આકાર લઈ રહ્યો હતો. એમાં ય વળી એક પાંગળી હિન્દુ સ્ત્રી દર્દીને કમલાબાઇએ પથારી આપી તે બદલ અંગ્રેજ મેટ્રને એમને સજા કરી. તેનો જખમ તેમના હૃદય પર ઊંડો પડ્યો ને તે પ્રસંગથી કમલાબાઈના માનસમાં ગતિમાન વિચારને દિશા મળી ગઈ. ગરીબ-પીડિતોને સહાયભુત થઇને સેવા કરવાની વૃત્તિ સતેજ બની. વળી, હૉસ્પિટલનું સંચાલન, દર્દીઓને અપાતું ભોજન તથા એમના પ્રત્યે દર્શાવાતી બેદરકારી અને લાગણીહીનતાના



ગઈ ૪ ઑગસ્ટે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે 'જમનાલાલ બજાજ ઍવોર્ડ-૮૦' સ્વીકારતાં કમલાબાઈ.

પ્રત્યક્ષ દર્શને કમલાબાઈનું મન ક્ષુબ્ધ બની ગયું હતું. આથી તાલીમ મેળવ્યા બાદ અંગ્રેજ સરકાર દ્વારા સંચાલિત હૉસ્પિટલમાં જોડાવું એમને ઉચિત ન લાગ્યું. પ્રત્યક્ષ અનુભવે થોડીક સૂગ પણ ખરી. કોઇ ખાનગી હૉસ્પિટલમાં જોડાવાથી આર્થિક પ્રશ્ન હલ થઈ જાય, પરંતુ એથી સામાન્ય-ગરીબ લોકોની સેવા કરવાની ભાવના પૂર્ણ થવાની શક્યતા ઓછી લાગતાં, પૂરા મનોમન્થન અંતે વેણુતાઈના સહયોગથી સેવાને કેન્દ્રસ્થાને રાખીને નાગપુરમાં ઈ. ૧૯૨૧માં રસોડાસહિત ચાર પથારીવાળું 'સીતાબુલ્દી મૅટાનટી હોમ' શરૂ કર્યું. કમલાબાઇએ સ્થાપેલા આ પ્રસૂતિ ગૃહના પાયામાં અંગ્રેજોના ભારતીઓ પ્રત્યેના ઘૃણાયુક્ત વલણના પ્રતિઘોષ રૂપ સામાન્ય ભારતીયની સેવા કરવાનો ઉદાત્ત હેતુ હતો. અનુભવેલી પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવેલા માનસિક સંઘર્ષમાંથી એમણે સંવાદિતા પ્રકટાવી હતી. એના મૂળમાં જાતિ, જ્ઞાતિ અને ધર્મથી અપમાનિત સ્ત્રીઓની સેવાની ઉદાત્ત વિભાવના હતી. હરિજનો માટે પણ આ ગૃહ ખુલ્લું જ હતું. ગરીબ સ્ત્રીઓની વિના મૂલ્યે પ્રસૂતિ કરાવી અપાતી. જેની પાસે કિંમત લેવાતી તે રકમ પણ અતિ અલ્પ હતી. આથી ક્રમશઃ બહુ થોડા કાળમાં આ પ્રસૂતિગૃહ ખ્યાતિ પામતું ગયું. કમલાબાઈની ભાવના ને કાર્યનિષ્ઠાથી સીતાબાઈ ગાડગીલ, લક્ષ્મીબાઈ ગાડગીલ, ગંગુબાઈ ગોખલે, 'મૌશી' કેલકર, ડૉ. ઇન્દીરાબાઈ નિયોગી જેવી પરોપકારી સ્ત્રીઓ તેમ જ વિખ્યાત ડૉક્ટરોનો સહયોગ મળી રહ્યો. તા. ૮ મે, ૧૯૨૧માં ગોખલેનું ઘર નર્સિંગ હોમમાં ફેરવાયું, જેમાં બાળકોને સૂવા માટે કાથીની દોરડીથી ગૂંથેલાં પાંચ ઘોડિયાંનો સમાવેશ પણ હતો.

'સીતાબુલ્દી મૅટર્નિટી હોમ'નો જન્મ ને તેનો આજ સુધીનો વિકાસ એ કમલાબાઈના જીવનના છેલ્લાં સાઠ વર્ષની અથાક પરિશ્રમપૂર્ણ પ્રવૃત્તિનો ઇતિહાસ બની રહે છે. વ્યક્તિની પ્રવૃત્તિ ને સંસ્થાની પ્રગતિનું સમીકરણ એટલે કમલાબાઈ હોસ્પેટનું જીવન.

સ્વાભાવિક જ આ નાનકડા પ્રસૂતિગૃહમાં ખૂબ કામ રહેતું. કમલાબાઈ અને વેણુતાઈ પ્રસૂતિ કરાવતાં. પ્રસૂતા સ્ત્રીઓ માટે ખાવાનું રાંધતાં ને કપડાં પણ ધોતાં પરિચારિકા તરીકેનું કામ કરનારને માત્ર વીસ રૂપિયા પગાર અપાતો. પ્રસૂતિ પેટે પાંચ રૂપિયા ને જમવાના દશ

લઘુકથા

દશરથ

પ્રફુલ્લ રાવલ

કાનન અને કામિની એ બે પત્ની, બે પુત્રો, બે પુત્રી અને હું. પરિવાર-સપ્તક રચાયું છે અમારું. હું સહુને ચાહું છું. પણ સવિશેષ આકર્ષણ છે મારી દ્વિતીય પત્ની કામિનીનું. એ સાચે જ કામિની છે. નાગરાણીનો પૂરો ઠસ્સો એ જાળવે છે, એણે મારી સખ્ત માંદગીમાં શુશ્રૂષા કરી છે. એથી જ ક્યારેય હું એનું વચન ઉથાપી શકતો નથી. પુત્રો-પુત્રીઓ મોટાં થઈ ગયાં છે. એમનો પણ અલગ સંસાર રચાયો છે. મનેય પંચોતેર થયાં. હવે સહુને સમાન ભાગે મિલ્કત વહેંચી દેવી છે.

સાંજે સહુ ભેગાં થયાં. કામિનીએ પોતાના પુત્ર પ્રત્યે પક્ષપાત રાખીને કાનનના પુત્ર રામેન્દ્રને અન્યાય કરાવ્યો અને એની શુશ્રૂષાની શેહમાં તેનું વચન હું ટાળી ન શક્યો. જાણે કે વચનબદ્ધ ન હોઉં! બન્ને પુત્રો મારા, છતાં ય વિપરીત બની ગયું. મારું અંતર કોચાતું હતું. પરન્તુ રામેન્દ્ર કશું જ ન બોલ્યો. મોડી રાત સુધી મને ઊંઘ ન આવી. બીજે દિવસે યે તે સાવ ચૂપ જ હતો. કશો જ પ્રતિભાવ નહિ. કેવળ મૌન. એ મૌન મને કહેતું હતું: 'તું દશરથ છે.'

રૂપિયા લેવાતા. કોઈ ઊંચા નફાની અપેક્ષા આ પાંચ પથારીવાળા પ્રસૂતિ-ગૃહમાં કેવી રીતે રખાય? અને એવી અપેક્ષા પણ તેઓની નહોતી. નર્સો તેમ જ કમલાબાઈ–વેણુતાઈની સેવા અને પરિશ્રમથી ગૃહની પ્રગતિ થતી ગઈ. એ કાળે સંસ્થામાં જોડાએલી પરિચારિકાઓનો પ્રમુખ ઉદ્દેશ પણ સેવાનો જ હોઈ રાત કે દિવસ જોયા વગર તેઓ પણ સતત કામ કરતી રહેતી. નર્સિંગ એમને મન ઘરકામ સમાન હતું. ત્યાં કામનો અંત નહોતો. આજની જેમ પાળી-પદ્ધતિનો વિચાર પણ ઉદ્ભવતો નહોતો. આ સઘળાં સ્મરણો એ કાળની નર્સો આજે પણ વાગોળે છે ને સુખની લાગણી અનુભવે છે. પરિશ્રમ, નિષ્ઠા ને સેવાથી હોમની કીર્તિ ચોતરફ ફેલાઈ. દર્દીઓની ભીડ પણ થવા માંડી ને શહેર-માં બીજાં સ્થળે પણ આવું ગૃહ હોવું જરૂરી લાગવા માંડ્યું. અંતે ઈ. ૧૯૨૭માં નાગપુરના મહલ નામના લત્તામાં સીતાબુલ્ડી મેટર્નિટી હોમની પ્રથમ શાખા ખોલવામાં આવી. બીજે જ વર્ષે નર્સિંગનો કોર્સ પણ શરૂ કરાયો. ૧૯૩૧માં ન.સંગ કાઉન્સિલ તરફથી આ ટ્રેનિંગ કોર્સને માન્યતા મળતાં મોટા પાયા પર મીડવાઈફ્રી અને એલિમેન્ટરી નર્સિંગ કોર્સ શરૂ કરવામાં આવ્યો. ઈ. ૧૯૨૭ થી ૧૯૪૬ના વીસેક વર્ષના સમયગાળામાં એ જ સંસ્થામાં મિડવાઈફ્રીની તાલીમ લેનાર બહેનોના સહયોગથી નાગપુરની બહાર, રાજ્યના અન્ય વિસ્તારોમાં એની દસ શાખાઓ ખોલવામાં આવી. આ બધો વિકાસ કમલાબાઈની મહેનતનું સુફળ હતું. એની સ્થાપનાથી પ્રારંભી ઈ. સ. ૧૯૪૬ સુધીનો આ સમયગાળો રાષ્ટ્રને સ્વતંત્ર કરવા માટે ચાલતી દેશપ્રેમીઓની ચળવળનો હતો. સમગ્ર રાષ્ટ્રમાં સ્વાતંત્ર્યની ભાવનાનાં ગીતો ગૂંજતાં હતાં. ભાગ્યે જ એવું કોઇ ઘર હશે જેમાં સ્વાતંત્ર્યનું રણશિંગુ ફૂંક-નાર એકાદ વ્યક્તિ ન હોય! જેલો ભરાતી. નવી પરણેલી સ્ત્રીઓના પતિઓ પણ ચળવળમાં જેલ ભેગા થતા. ક્યારેક ઘરમાં કમાનારું કોઈ ન હોય તેવી પરિસ્થિતિ સર્જાતી. આવી નિઃસહાય સ્ત્રીઓને કમલા-બાઇએ મેટર્નિટી હોમમાં રાખીને પરોક્ષ રીતે રાષ્ટ્રની ચળવળને ઉત્તે-જન આપ્યું હતું. આશ્રય મળતો અને આર્થિક પ્રશ્ન સહજ હલ થઈ જતો. પણ લોકોમાં રૂઢિચુસ્તતા ઘર ઘાલી બેઠી હોઈ સ્ત્રીઓ પ્રસૂતિ માટે મેટર્નિટી હોમમાં જતાં ગભરાતી. શ્રીમંત કે ભણેલાં જ ત્યાં પ્રસૂતિ કરાવે એવી માન્યતા પ્રચલિત હતી. આથી ક્યારેક અશિક્ષિત દાયણો દ્વારા પ્રસૂતા સ્ત્રીઓની હાલત ગંભીર પણ બની જતી, અને ક્યારેક જીવલેણ પણ. વિધવા સ્ત્રીઓ ખૂણામાં બેસીને વૈધવ્યનો કાળ વ્યતીત કરતી પણ વ્યવસાય કરવાની વૃત્તિ નહોતી. વસ્તુત: સ્ત્રીઓનો વિકાસ જ અલ્પ થયેલો. એ જ જૂની પુરાણી ઘરેડમાં સહુ જીવ્યે જતાં. કમલાબાઇએ હોમ માટે સહકાર મેળવવા નાગપુરની શેરીએ શેરીએ ફરીને જનસંપર્ક દ્વારા ચોક્કસ સમજ આપી હતી. સતત સજગતાએ સંસ્થા ક્રમશ: પ્રગતિનાં સોપાન સર કરતી જતી હતી.

ઈ. ૧૯૫૪માં ન.સંગ હોમની સીમિત પ્રવૃત્તિના સ્થાને બંધારણ બદલી સામાજિક સેવાના હેતુને અનુલક્ષીને પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તૃત કરાયો અને સંસ્થાને 'માતૃસેવા સંઘ' નામ અપાયું. સંસ્થાની પ્રતિષ્ઠા સાથે એનું કાર્ય, કાર્યરીતિ અને ઉદાત્ત હેતુઓનું પ્રત્યક્ષીકરણ થતાં કૉમ્યુનિટી પ્રૉજક્ટ તરીકે નર્સ-મિડવાઇફ્રીની તાલીમ માટે ભારત સર-કારના સ્વાસ્થ્ય-મંત્રીએ 'માતૃસેવા સંઘ'ને કેન્દ્ર તરીકે પસંદ કર્યું. આ એક સિદ્ધિ હતી. નર્સિંગની પ્રવૃત્તિ વધુ વેગવંતી કરવા સાથે ૧૯૬૧માં સેવાપ્રવૃત્તિનાં અન્ય ક્ષેત્રોમાં 'માતૃસેવા સંઘ' સક્રીય બન્યો.

પરંતુ સ્વાતંત્ર્ય પછી યે દેશમાં રચનાત્મક કાર્યોની ગતિ શિથિલ હતી. દેશ આર્થિક રીતે પાંગળો હતો. વિશ્વયુદ્ધ અને ભયંકર ગરીબીના કારણે સગર્ભા માતાઓને જે અપૂરતું પોષણ મળતું તેના પરિણામે જન્મતાં બાળકોમાં માનસિક મંદતા પ્રવર્તતી હતી. કમલાબાઈ જેવી વિલક્ષણ-વિચક્ષણ સ્ત્રીની નજરે આ ન આવે એમ બને ખરું? આથી ઈ. ૧૯૬૧સાં 'માતૃસેવા સંઘ'ના નેજા હેઠળ ૬થી ૧૨ વર્ષનાં, અપંગ તેમ જ માનસિક રીતે મંદ બુદ્ધિશક્તિવાળાં બાળકોના વિકાસાર્થે 'નંદનવન' નામની શાળા શરૂ કરવામાં આવી. એ શાળામાં બાળકોને પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. માત્ર આ-ટલું શિક્ષણ આપવું એટલું મુનાસિબ ન માનતાં, એમની માનસિક શક્તિને અનુરૂપ ધંધાકીય રોગઉપચાર-પદ્ધતિનું શિક્ષણ આપવાની પણ વ્યવસ્થા છે. એ પછી અપંગ કે માનસિક મંદતાવાળાં બાળકો મોટી ઉંમરે, સામાન્ય રીતે અન્ય બાળકો યુવાન વયે વ્યવસાય કરે છે કે મેળવે છે તેવો વ્યવસાય મેળવવા શક્તિમાન ન થાય એથી શાળામાં વ્યાવસાયિક તાલીમ આપવા માટે વર્કશૉપ ઊભું કરાયું છે, જેથી એ બાળકો પ્રવૃત્તિ કરીને કશુંક મેળવી શકે. અપંગો સ્વાવલંબી બની શકે તેવી પ્રવૃત્તિ પ્રતિ તેમને દોરવા તે પણ એક મોટી માનવસેવા લેખાય. આ રીતે આ શાળા ખરેખર 'નંદનવન' સમાન છે.

જેમજેમ કમલાબાઇનો અનુભવ વધતો ગયો તેમતેમ એમની દૃષ્ટિ પ્રવૃત્તિનાં વિધવિધ ક્ષેત્રો પ્રતિ મંડાતી ગઈ. સમાજમાં એમને સાચા કાર્યકરોની અછત દેખાઈ. એમાં સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ નાજુક જણાઈ. આથી એમણે સામાજિક કાર્ય પદ્ધતિસર કરી શકે તે હેતુસર સ્ત્રીઓ માટે ઈ. ૧૯૬૧માં સામાજિક કાર્યની શાળા સ્થાપી. 'માતૃસેવા સંઘ ઈન્સ્ટીટ્યૂટ ઑવ સોશ્યલ વર્ક' તરીકે જાણીતી આ સંસ્થામાં સામાજિક કાર્ય માટે સર્ટિફિકેટ કોર્સ અપાતો. પછીનાં વર્ષ-માં આ કોર્સને નાગપુર યુનિવર્સિટી સાથે જોડાણ મળ્યું. ઈ. ૧૯૬૦-'૬૧માં એ જ કોર્સ ત્રણ વર્ષીય સ્નાતક ડીગ્રી કોર્સના રૂપે શરૂ થયો, અને ઈ. ૧૯૬૮માં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરાયો. શાળા-ની આ ક્રમિક પ્રવૃત્તિએ થોડાંક વર્ષોમાં સામાજિક કાર્ય માટે મોટી સંખ્યામાં યોગ્ય તાલીમ પામેલી કાર્યકર સ્ત્રીઓનું ઘડતર કર્યું. આજે એ સ્ત્રીઓ વિવિધ સંસ્થાઓમાં સામાજિક સેવા કરી રહી છે. સમાજ-વાદનો ઢંઢેરો પીટનારે આ પ્રવૃત્તિમાંથી ધડો લેવા જેવો છે.

ઈ. ૧૯૬૧ની ત્રીજી નોંધનીય પ્રવૃત્તિ તે 'પંચવટી આશ્રમ'ની સ્થાપના. સંયુક્ત કુટુમ્બભાવનાનો ક્રમશ: હ્રાસ થતો જઈ આજે વૃદ્ધ માતા-પિતાને સાથે રાખવામાં પણ એમનાં સંતાનો (અનુ. પૃષ્ઠ ૧૮૬)

લેખક પુષ્કરભાઈ ગોકાણીની એક નવી રહસ્યકથા

મોનાનું ખૂન *

જેનો ભેદ ઉકેલવામાં દિલ્હીનો ઉસ્તાદ ઉઠાવગીર કાબેલ પોલીસ ઇન્સ્પેક્ટરને સહાય કરે છે. શા માટે?

ઈન્સ્પેક્ટર કાર્તિકે ઝટપટ ચા-નાસ્તો પતાવી, તેની પત્ની દેવસેનાની આરાધ્ય ગણેશમૂર્તિ સમક્ષ બે હાથ જોડી ઉતાવળે ઘર બહાર પગ મૂક્યો. ઑફિસે પહોંચવા માટે મોડું થઈ ગયું હતું. રાતે ત્રણેક વાગ્યે કોઇનો ફોન મળતાં એક ખૂનની તપાસ માટે એને કોલાબા જવું પડ્યું હતું. એ ઉજાગરાનો થાક અત્યારે એની ચાલમાં વરતાતો હતો.

બહાર એના સારુ જીપ લઇને સખારામ તેની રાહ જોતો હતો. કાર્તિકને જોતાં જ એણે જીપમાં ચાવી લગાડી અને સામે આવી સૅલ્યૂટ કરી ઊભો. એની સલામનો જવાબ આપતાં કાર્તિકે કરેલી ઈશારત સમજી જઈ સખારામ રસ્તાની સામી બાજુની દુકાનેથી કાર્તિક માટે સિગારેટ લઈ આવવા ઊપડ્યો. એ ત્યાં પહોંચ્યો એ જ વખતે આ તરફ ઉતાવળે જતા બે માણસો અચાનક ઈન્સ્પેક્ટર સાથે અથડાયા અને કાર્તિક કંઈ કહે તે પહેલાં તેની માફી માગતાં એકદમ ત્યાંથી ખસીને આગળ ચાલતા થઈ ગયા. રાતે થએલા ખૂનના વિચારોમાં ગરક ઈન્સ્પેક્ટરને ખલેલ પડી અને સ્વાભાવિક જ તેનો હાથ પોતાના ખિસ્સા તરફ વળ્યો. એકદમ તેને ખયાલ આવ્યો કે ખિસ્સામાંથી તેનું પાકીટ ગુમ થયું હતું. તુરત તેને સમજાઈ ગયું કે પેલા બે ગઠિયાઓ તેની સાથે કેમ અથડાયા હતા. પેલા બે જણ ગએલા એ તરફ કાર્તિક દોડયો. એણે જોયું કે તેઓ આગળ રસ્તા પર પડતી એક ગલીના સામે છેડે લગભગ દોડતા નાસી રહ્યા હતા. એમાંનો એક જણ વારંવાર પાછળ નજર નાખતો હતો, બીજો તેનો હાથ પકડી એને ખેંચી રહ્યો હતો. ઈન્સ્પેક્ટરે તેમની પાછળ દોટ મૂકી. એને જોતાં જ પેલા બંને નજીકની એક બીજી ગલીમાં વળી ગયા.

કાર્તિકે ખિસ્સામાંથી સીટી કાઢી, પણ પછી એ વિચાર માંડી વાળ્યો. પોતાના જ ખિસ્સામાંથી પાકીટ ઊપડી જાય એ કોઈ જાણે તો પ્રથમ તો પોતાની જ હાંસી થાય. મુંબઈના પોલીસ ખાતામાં એક બુદ્ધિશાળી ઈન્સ્પેક્ટર તરીકે એની સારી ખ્યાતિ હતી. એની કાબેલિયતને કારણે જ તો સાયન પોલીસ સ્ટેશન પરથી બે જ વર્ષમાં બઢતી આપીને તેને કોલાબા જેવા મહત્ત્વના મથક પર ઈન્સ્પેક્ટર તરીકે મૂકવામાં આવ્યો હતો. બઢતી મળી, પણ હજી એને રહેવા માટે ક્વાર્ટર મળી શક્યું નહોતું, અને એટલે એને ભાયખલા સ્ટેશન પાસે ભાડાના એક મકાનમાં રહેવું પડ્યું હતું. અવિરત કામ કરવાની શક્તિ અને ગુનેગારોના માનસની ઊંડી સમજના કારણે દિલ્હીમાં તાલીમ દરમિયાન પણ એણે ઝડપી પ્રગતિ બતાવી હતી, એટલું જ નહિ, ત્યાં શર્વિલક નામના એક નામચીન ઉસ્તાદ ગુનેગારને પકડવામાં ત્યાંની પોલીસને એણે સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

શર્વિલકની યાદ આવતાં એનું મુખ મલકી ગયું. ગુનો કરવામાં પણ તેની આગવી નીતિ હતી. ઘણી વાર તો એ પહેલેથી જાણ કરીને પછી ચોરી કરતો, ને છતાં પકડાતો નહિ.

પણ અત્યારે શર્વિલકને યાદ કરવાનો વખત નહોતો. તેણે પેલા પાકીટચોરોની પાછળ દોટ મૂકી. એક ગલીમાંથી બીજીમાં, એમ સંતાકૂકડી રમતા તે બે જણની પાછળ કાર્તિક છેક જૅકબ સર્કલને એક તરફ રાખી પુલ પાસેની જૂની ચાલીઓવાળા વિસ્તારમાં આવી પહોંચ્યો.

ત્યાં તેણે ગલીમાં દૂર એક રેસ્ટોરાંના પાનના ગલ્લા પાસે પેલા બે જણને હાંફતા ઊભેલા જોયા. કાર્તિક પર નજર પડતાં જ તેઓ દોડ્યા, અને પાસેના એક જૂના મકાનમાં પેસી ગયા. કાર્તિક પણ તેમની પાછળ એ મકાનમાં પેઠો. મકાનમાં નીચે પથરાએલી શાંતિ જોતાં કાર્તિકને લાગ્યું કે તેઓ ઉપરના માળે ગયા હોવા જોઈએ. દબાતે પગલે અને ચોપાસ દૃષ્ટિ દોડવતો કાર્તિક ઝડપથી ઉપર ચડવા લાગ્યો. ચોથે માળે એણે મકાનની મરામત તથા રંગકામ માટે થએલો પથારો જોયો. અહીંના ફ્લૅટ ખાલી હશે, અને એટલે જ આ બધું કામ ચાલતું હશે, અને ખાલી ફ્લૅટમાં પેલાઓને છુપાવું સરળ પડે એમ ધારી તે આગળ વધ્યો. સામે ખૂણા તરફ કંઈક અંધારું હતું એટલે પ્રથમ એ તે તરફ આગળ વધ્યો. એણે પોતાની પિસ્તોલ કાઢી અને હળવે હાથે ફ્લૅટના બારણાને ધક્કો મારી જોયો. બારણું ખૂલી ગયું. એથી પડતા આછા અજવાળામાં એણે ઉંબર પાસે ઊભા રહીને જ અંદર નજર ફેરવી લીધી. ખંડમાં કોઈ હાજર હોય તેમ લાગ્યું નહિ. એક સાદું ટેબલ અને બે ખુરશી સિવાય કંઈ સજાવટ કે બીજું ફર્નિચર પણ ત્યાં હતું નહિ. સામે જ એક બારણું હતું પણ તે બંધ હતું. કદાચ તેની પાછળ પેલા બે જણ છુપાયા હોય એમ સમજી સંભાળપૂર્વક એ તરફ એણે પગલાં માંડ્યાં. એકાએક તેની પાછળનું બારણું બંધ થઈ ગયું અને ખંડમાં અંધારું ફરી વળ્યું. તેનો હાથ પિસ્તોલ પર ગયો.

'નમસ્તે, ઇન્સ્પેક્ટરસાહેબ!' એક અવાજ આવ્યો, 'જો જો, પિસ્તોલ ઉઠાવશો નહિ, તમે ચારે તરફથી ઘેરાએલા છો.'

કાર્તિક એકદમ સાવધ બની ગયો. ત્યાં ફરી અવાજ આવ્યો, 'પ્લીઝ, કાાતકસા'બ, પિસ્તોલ ટેબલ પર મૂકી દઈ ત્યાંથી જરા દૂર ખસી ઊભા રહો. ગભરાશો નહિ અમે તમારા દોસ્ત છીએ.' કાર્તિક એમ ગણકારે તેવો તો નહોતો જ, પણ અહીં તેને અવિશ્વાસ કરવા જેવું લાગ્યું નહિ, અને એણે સાંભળ્યા પ્રમાણે તે ઘેરાએલો હોય તો એમ કર્યા સિવાય છૂટકો પણ નહોતો. કાર્તિકે ટેબલ ઉપર પિસ્તોલ મૂકી અને જરૂર પડે તો કૂદીને એ પાછી હાથ કરી શકે તેટલો દૂર ખસીને એ ઊભો રહ્યો. બરાબર એ જ વખતે રૂમમાં બત્તી થઈ કાર્તિકે જોયું કે રૂમમાં એના સિવાય બીજું કોઈ જ નહોતું. એકાએક સામેનું બારણું ખૂલ્યું અને—

'વેલકમ, કાર્તિકસાહેબ! તમને અહીં સુધી દોડાવવા બદલ હું દિલગીર છું. પણ તમને અહીં ખેંચી લાવવા માટે અમારે આ નાટક કર્યા સિવાય છૂટકો નહોતો.' ખૂલેલા બારણામાંથી સેન્ટની આછી સુગંધ સાથે પ્રવેશતા માણસે કહ્યું.

'શર્વિલક!?' એને જોતાં જ આશ્ચર્ય પામતા કાર્તિકથી બોલાઈ ગયું.

'જી. બરાબર યાદ રાખ્યો છે તમે મને.' શર્વિલકે મંદમંદ હસતાં આગળ આવી કહ્યું. શર્વિલકની રીતભાતમાંથી ચોર-ગઠિયા જેવું એક પણ લક્ષણ જોવા મળતું નહોતું. પૂરા કદનો સશક્ત રૂપાળો દેહ અને તેના પરના બિલકુલ સુઘડ કિંમતી પોષાકમાં એ કોઈ ઊંચા ખાનદાનનો નબીરો જ લાગતો હતો. આંખો પરના આછા રંગના ગૉગલ્સની પાછળ તગતગતી સ્થિર નજર અને મરકતા હોઠ એના વ્યક્તિત્વને

* વર્ષો પહેલાં વાંચેલી આરસીન લ્યુપિનની વાર્તાના એક વિચાર સિવાય આ વર્તાની સમગ્ર ગૂંથણી મૌલિક છે. તેમાં આવતાં નામો, સ્થળો, ઘટનાઓ વગેરે બધું જ કાલ્પનિક જ છે. તેમાં કોઇપણ જાતનું મળતાપણું એ કેવળ અકસ્માત જ હોઈ શકે. —લેખક

વધુ ઓપ આપતાં હતાં. આગળ વધતાં એણે લંબાવેલા હાથમાં ઈન્સ્પેક્ટર કાર્તિકનું પાકીટ હતું. એ આપતાં તેણે કહ્યું, ‘લો સાહેબ, આ આપનું પાકીટ. તપાસી લો, અમે એમાંથી કશું જ લીધું નથી.’

કાર્તિકે પાકીટ લઇને જોયા વિના જ ખિસ્સામાં મૂકી દીધું. શર્વિલકના બોલમાં અવિશ્વાસ રાખવાની કોઈ જ જરૂર નહોતી એ તે જાણતો હતો. પણ આ રીતે પોતાને અહીં શા માટે બોલાવ્યો હશે તે હજી એને સમજાયું નહોતું. એનો એ ભાવ કળી જઈ શર્વિલકે કહ્યું:

‘બેસો સાહેબ, કાલે રાતે કોલાબામાં કૅબરે ડાન્સર મિસ મોનાનું ખૂન થયું તે માટે તમારે દોડવું પડેલું એટલે જરા થાક્યા પણ હશો, અને અત્યારે પણ તમે એ ખૂનના વિચારોમાં ડૂબીને ચોક્કસ થોડા બેધ્યાન હશો એ ખયાલમાં રાખીને જ અમે પાકીટ તફડાવીને તમને અમારા પાછળ દોડાવી અહીં આણવાની યોજના વિચારી હતી. બાકી હું જાણું છું કે ઈન્સ્પેક્ટર કાર્તિકના ખિસ્સા પર હાથ મારવો આસાન નથી. ખેર, પણ તમે આજે જરૂર સારા શુકને ઘર બહાર નીકળ્યા છો. મેં તમને ડીવાય. એસ. પી. (ડૅપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઑાવ પોલીસ) બનાવવા માટે અહીં બોલાવ્યા છે.’

‘કેમ, મુંબઈના આઈ. જી. પી. સાહેબ તારા દોસ્ત કે સગા છે?’ કાર્તિકે હવે પૂરી સ્વસ્થતા મેળવી લીધી હતી.

‘ના, સાહેબ. મોનાના ખૂન સાથે સંકળાએલો રોહતગી શેઠ તમારા ડેપ્યુટી સાહેબનો સાળો છે. એટલે કાં તો ડેપ્યુટીને પાણીચું મળે અથવા તો તેની બદલી થાય. બંને રીતે તમારી બઢતીનો માર્ગ ખુલ્લો થશે. અને મોનાના ખૂનની તપાસ તમે એકાદ અઠવાડિયામાં જ પૂરી કરી દો પછી તો તમારા મોટા સાહેબે પણ વિચારવું પડશે ને?’

‘શર્વિલક, એમ વાતમાં મોણ ન ઘાલ. મારા પર આટલો પ્રેમ ક્યાંથી ઉભરાઈ આવ્યો? તેં મને અહીં શા માટે આણ્યો છે? અને આ સાળા-બનેવીના સંબંધની વળી શી વાત—’

‘ધીરા પડો, કાર્તિક સાહેબ. એટલા માટે જ તો મેં તમને અહીં બોલાવ્યા છે. મોનાના કેસ અંગે હું તમને કેટલાક પુરાવા આપી શકું તેમ છું. પણ તે પહેલાં તમે અમારું સ્વાગત સ્વીકારો.’ શર્વિલકે આટલું કહ્યું ત્યાં સામેના ખુલ્લા બારણામાંથા એક યુવતી ચા-નાસ્તાની ટ્રે લઇને આવી. શર્વિલકની સાથે શોભે એવી જ એ સુંદર હતી. ક્ષણભર તો કાર્તિકને તેના ચહેરામાં કંઈક પરિચિતતા પણ લાગી. એણે એ પણ જોયું કે ઉપરથી સ્વસ્થ લાગતા એના ચહેરા પાછળ કંઈક ઉદાસીનતા પણ દબાએલી હતી. મૂગે મોંએ એણે ટ્રે ટેબલ પર મૂકી. પરિચય કરાવતાં શવર્લિકે કહ્યું, ‘આ છે ઈન્સ્પેક્ટર કાર્તિકસાહેબ. શર્વિલકને પકડવામાં સફળ થનાર આ જ એક માણસ છે, અને એથી એ મારા મિત્ર છે. અને આ છે મદનિકા, મારી પત્ની. જેના ખૂનની તમે તપાસ કરી રહ્યા છો તે મોનાની બેન.’

‘નમસ્તે!’ બહુ જ મીઠા, પણ ધીમા અવાજે મદનિકા બોલી.

એનો ઉત્તર વાળતાં કાર્તિકને મદનિકાના ચહેરામાં દેખાએલી પરિચિતતા સમજાઈ ગઇ. હજી રાતે જ તો એણે મોનાનું શબ જોયું હતું. મદનિકાના ચહેરા પર છવાએલી ઉદાસીનું કારણ પણ હવે એ સમજી ગયો. મદનિકા ત્યાં ન રોકાતાં અંદરના ખંડમાં ચાલી ગઈ.

‘લો સાહેબ, ચા-નાસ્તો લો.’ શર્વિલકે કહ્યું.

‘ના, શર્વિલક. હું ઘેરથી એ પતાવીને જ નીકળ્યો છું.’

‘નહિ, સાહેબ. અત્યારે તમે અમારા મહેમાન છો. આટલું સ્વાગત તો સ્વીકારવું જ પડશે!’ અને પછી મજાક કરતાં ઉમેર્યું, ‘ભય ન રાખશો, તમે તો જાણો છો કે આમાં હું ઝેર ભેળવીશ તો એ પણ કહીને જ ભેળવીશ.’

કાર્તિક જાણતો હતો કે એણે ચા પીવી જ પડશે. તેણે પીધી અને પછી પૂછ્યું, હવે બોલ, શર્વિલક. શા પુરાવા આપે છે?’

શર્વિલકે હાથથી ચપટી વગાડી. તુરત અંદરથી એક માણસ ખોખું લઈને આવ્યો. પેલા બે ગઠિયામાંનો જ એ એક હતો. શર્વિલકે પોતાના ખિસ્સામાંથી રબ્બરનાં હાથમોજાં કાઢીને પોતાના હાથ પર ચડાવ્યાં અને ખોખા પર બાંધેલી દોરી છોડતાં બોલ્યો, ‘આમાં એક ચાકુ છે; જેનાથી મોનાનું ખૂન થયું છે.’ પછી ખોખામાંથી છાપાના કાગળમાં વિંટાળેલું એક પડીકું બહાર કાઢીને ખોલ્યું. તેમાંથી જે ચાકુ નીકળ્યું તેના ઉપર તથા જેમાં એ વિંટાળેલું તે કાગળ ઉપર કાર્તિકે લોહીના ડાઘ જોયા. લાગતું હતું કે એ કાગળ વડે જ ચાકુ પરનું લોહી લૂછવામાં આવ્યું હતું કાર્તિકે પૂછ્યું, ‘આ જ ચાકુથી ખૂન થયું છે તેની શી ખાતરી?’

ચાકુ પર લાગેલું લોહી અને મોનાનું લોહી એક જ છે. તમારી લૅબોરેટરી એની ખાતરી કરી આપશે, ને કોર્ટમાં એ અંગે સાક્ષી આપશે.’

‘પણ આ ચાકુ તારી પાસે છે. તેં જ આ ખૂન નથી કર્યું તેની શી ખાતરી? આના આધારે હું તને પકડી પણ શકું. તું અત્યારે જ...’

અત્યારે તો તમે પોતે જ મારા કબજામાં છો. મારી ઈચ્છાથી જ તમે અહીં આવ્યા છો, અને મારી ઈચ્છાથી જ જઈ શકશો.’

તેની વાત પણ ખરી હતી. કાર્તિકે ચૂપ રહેવું મુનાસિબ માન્યું. શર્વિલકે વાત આગળ ચલાવી, ‘હા, એક રીતે તમારી શંકા સ્વાભાવિક છે. હું કાલે રાતે મોનાના ફ્લૅટ પર ગએલો પણ ખરો, પણ મોડો પડચો. ખેર! હવે આ ફોટો જુઓ.’ શર્વિલકે પોતાના ખિસ્સામાંથી કેટલાક ફોટા કાઢીને કાર્તિકને આપ્યા. ‘આમાં હીરાની જે માળા છે તેની કિંમત સહેજે દસેક લાખ રૂપિયા જેટલી હશે. એ માળા મોનાની છે. તેણે આનો વીમો પણ ઉતરાવેલો છે. પણ આ માળા હાલ ક્યાં છે તે જાણી શકાયું નથી. પરમ દિવસે તેની કાર કોઇ ઉઠાવી ગયું હતું. એ મેં જ ઉઠાવેલી. એમાં બેસીને મદનિકા બૅંકમાં જઈને મોનાનું લૉકર પણ તપાસી આવી હતી. પણ ત્યાં એ માળા નથી.’

‘બૅંકવાળાને ખબર ન પડી કે આ મોના નથી?’

‘મેં બધું અગાઉથી વિચારીને જ ગોઠવેલું, તે દિવસે બૅંક-મૅનેજર રજા પર હતો. લૉકરની ચાવીની પણ મેં વ્યવસ્થા કરી લીધી હતી. મદનિકાએ મોનાના જેવો જ પોષાક અને તેના જેવી જ હેર-સ્ટાઈલ રાખેલી. તમે તો હવે જાણો છો કે બંને બહેનોના ચહેરામાં કેટલું સામ્ય છે. એ બંને જોડિયા બહેનો જ છે. અને, શહેરની પ્રસિદ્ધ ડાન્સરની સુંદરતા તથા તેની ઇમ્પોર્ટેડ ગાડી સાથેનો તેનો ઠસ્સો વગેરેનો પ્રભાવ પણ ઘણું કામ કરી જાય એ પણ તમે સમજી શકશો. મેં મારી રીતે તપાસ કરી છે. આ માળાનો ક્યાંય પત્તો નથી.’

એ જ વખતે મદનિકા પાણીના ગ્લાસ લઇને આવી. કાર્તિક તેને જોઈ રહ્યો. શર્વિલકનું કહેલું તેને ખરું લાગ્યું. જે વાત ચાલતી હતી તેની મદનિકાને ખબર હતી. એટલે સ્વાભાવિક જ એને પોતાની બહેન યાદ આવી જતા એની આંખો ભરાઈ આવી. બે હાથ વડે મોં છુપાવી તે તુરત અંદર દોડી ગઇ, શર્વિલકે વાત આગળ ચલાવી, ‘તમે સમજી શકશો કે મેં ખૂન કર્યું નથી. એટલું જ નહિ, ખરા ખૂનીને યોગ્ય સજા થાય તેમ હું ઈચ્છું છું.’ પછી તેનો અવાજ જરા ભાવસભર બની ગયો, ‘વાત જરા લાંબી છે. તમે મને દિલ્હીની જેલમાં મોકલ્યા પછી મોના અમારા કાબૂ બહાર બહુ આગળ વધી ગઈ હતી. જોકે કેટલાક સમયથી એ અમારાથી ઘણું છુપાવતી હોવાની અમને શંકા હતી જ. હકીકતે એ હીરાની દાણચોરીમાં સંડોવાઈ હતી. મોનાને આ રસ્તે ચડાવી એની જિંદગી ખરાબ કરનાર એ દાણચોરોને પણ પકડાવીને જ હું ઝંપીશ. પણ એ તમારા ક્ષેત્રની વાત નથી. એ માટે મારે તમારા

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૧)

પ્રદેશે જયવિજયના-૨૦

અલવિદા, ઑસ્ટ્રેલિયા

પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

હેન્સવિલેનો પ્રાણીબાગ જોઈને અમે બસમાં પાછાં ફરતાં હતાં. પી. ઈ. એન. કૉંગ્રેસના પ્રતિનિધીઓ માટેનો છેલ્લો કાર્યક્રમ આ સાથે પુરો થતો હતો. અમે સૌ છૂટાં પડવાનાં, એટલે એકબીજાનાં સરનામાં લીધાં, અરસપરસ હવે પછીના કાર્યક્રમોની પૂછતાછ કરી. તા. ૨૫મીએ વિમાનના કર્મચારીઓએ હડતાલ જાહેર કરેલી તે અંગે પણ સ્વાભાવિક રીતે જ વાત નીકળી.

ઝુલાવાલીન કહે, 'હડતાલ પડે કે ન પડે, મને કંઈ ફિકર નથી. હું તો પરણ્યો જ નથી એટલે આગળપાછળની ચિંતા નથી. જર્મનીમાં રહું કે ઑસ્ટ્રેલિયામાં, મારે માટે બંને સરખું જ છે.' અને કેમ પરણ્યા નથી એવું કોઈ પૂછે એ પહેલાં જ એમણે કહ્યું, 'યુરોપમાં—અને તેમાં યે ફ્રાન્સ-જર્મનીમાં પત્ની એટલી બધી ખર્ચાળ છે કે કુટુંબ નિભાવવામાં જ માણસ ખલાસ થઈ જાય. આથી સ્વતંત્ર મિજાજના સમજદાર માણસો પરણવાનું પસંદ કરતા નથી. હું નથી પરણ્યો એટલે દુનિયામાં ગમે ત્યાં અને ઇચ્છા થાય ત્યારે હરીફરી શકું છું.'

પણ હવે અમે બીજાં સૌ એમની ઇર્ષા કરીએ તેનો કોઈ અર્થ નહોતો. બસ મેલ્બર્ન તરફ દોડી જતી હતી. બહાર પડતો પુષ્કળ તાપ યુરોપના પ્રતિનિધિઓ માટે તો અસહ્ય હતો. એકાએક રસ્તા પર અમે એક મોટી ટ્રક જોઈ. પાટિયાં જડીને એક ઉપર એક એમ ત્રણ ખાનાં પાડી તેમાં ત્રણ થરમાં સંખ્યાબંધ ઘેટાં ભર્યાં હતાં.

'આટલાં ઘેટાં છતાં એકેયનો અવાજ સંભળાય છે?' કોઈક બોલ્યું.

'ક્યાંથી સંભળાય? અત્યારે તો કતલ પહેલાની મૂગી વેદના અનુભવતાં હશે.' બીજાએ ઉત્તર આપ્યો.

બીજાં સૌ માટે તો આ સહજ હતું, પણ આટલાં બધાં ઘેટાંની કતલના ખયાલથી મેં આઘાત અનુભવ્યો અને આવી તો બીજી યે અનેક ટ્રકો રોજ આવતીજતી હશેને?

'ઑસ્ટ્રેલિયામાં તો ઊન માટે ઘેટાં ઉછેરાય છે ને?' મેં પૂછ્યું.

'હા, અને માંસ માટે પણ. ઊનની સાથે માંસની નિકાસમાંથી યે ઑસ્ટ્રેલિયાને મોટી આવક થાય છે.'

ઑસ્ટ્રેલિયા એટલે ઘેટાંનો દેશ. દુનિયાના પાંચમા ભાગનાં ઘેટાં આ દેશમાં છે, અને ઉત્તમ ગણાતા 'મેરિનો' ઊનની અર્ધા ઉપરાંતની પેદાશ આ એક જ દેશમાં થાય છે. ઊનની આ પેદાશ ન હોય તો ઑસ્ટ્રેલિયાનું અર્થતંત્ર ભાંગી જ પડે. માત્ર આઠ ટકા જેટલું ઊન જ પોતાના માટે રાખી બાકીનું બધું ઊન એ નિકાસ કરે છે, જેમાંનો ચાળીસ ટકા જેટલો ભાગ જાપાન, બ્રિટન, ફ્રાન્સ તથા જર્મની જાય છે. અમેરિકા, રશિયા અને ચીન પણ તેના મોટા ગ્રાહક છે.

અહીં ફક્ત ત્રીજા ભાગના પ્રદેશમાં જ વરસાદ પડે છે. ન્યૂ સાઉથ વેલ્સ, ક્વીન્સલૅન્ડ ને ટાસ્માનિયા તથા દક્ષિણ ઑસ્ટ્રેલિયાના કેટલાક વિસ્તારમાં ચરાણ માટે ઘાસની છત હોઈ ત્યાં ઘેટાંનો ઉછેર શક્ય છે. દેશની આવક વધારવામાં તેનો સૌથી વધુ ફાળો છે.

આ વ્યવસાયનો અહીંના વિકાસનો ઇતિહાસ પણ રસિક છે. ઈ. ૧૭૮૮માં કૅપ્ટન આર્થર ફિલિપ અનેક પ્રાણીઓ સાથે આઠ માસની આકરી દરિયાઈ સફર ખેડીને ઑસ્ટ્રેલિયા પહોંચ્યો ત્યારે માર્ગમાં એનાં ઘણાં જાનવરો માર્યાં ગયાં હતાં. જે બચ્યાં તેમાં થોડાં ઘેટાંઓ પણ હતાં. મૂળ તો તે બધાં આહારાર્થે અહીં આણ્યાં હતાં, પણ પછી જે થોડાં બચેલાં તેમને તેણે મારવાને બદલે ઉછેરવાનું વિચાર્યું. ચરાણની સગવડ અને હવામાનની અનુકૂળતા મળતાં આ ઘેટાંઓ પરથી સારી પેઠે ઊન ઊતરવા લાગ્યું.

ઘેટાં-ઉછેરની આવી અનુકૂળતા જોઈ ન્યૂ સાઉથ વેલ્સના એક લેફ્ટેનન્ટ જૉન મૅકઆર્થરે બ્રિટિશ સરકાર સમક્ષ એક યોજના રજૂ કરી. સરકારે તેને જમીન આપી અને મેરિનો જાતનાં ચૌદ ઉમદા ઘેટાં પણ મોકલી આપ્યાં. મૅકઆર્થરે એમનું સંવર્ધન કરી વર્ષોવર્ષ ઉત્તમ પ્રકારનું ઊન ઉતારવા માંડ્યું. ઉછેર માટે બધી જ રીતની અનુકૂળતા અને મૅકઆર્થરની ચીવટભરી પ્રયોગશીલતાથી ઉત્તરોત્તર ઉમદા ઘેટાંઓની સંખ્યાની વૃદ્ધિ થવા સાથે ઊનનો પ્રકાર પણ સુધરતો ગયો. પહેલે વર્ષે ૧૭૯૭માં ઘેટા દીઠ એક કિલો. જેટલું ઊન ઊતર્યું હતું. એક સૈકા બાદ સાડા ચાર કિલોગ્રામ અને હવે તો આઠ-આઠ કિલો., અને ક્યારેક બાર-પંદર કિલો. જેટલું ઊન ઊતરે છે. વળી, આ મેરિનો ઊન ઘણું મુલાયમ અને ઉનાળામાં પણ વાપરી શકાય તેવું હોય છે. ચૌદ ઘેટાંથી આરંભાએલો આ વ્યવસાય આજે ચૌદ કરોડથી યે વધુ ઘેટાંને પાળે છે. ઊન ઉપરાંત, ઘેટાંના માંસને પણ પરદેશ મોકલીને ઑસ્ટ્રેલિયા મબલખ કમાણી કરે છે. આમ, ઘેટાં આ દેશના અર્થતંત્રનું એક અતિ મહત્ત્વનું અંગ બની ગયાં છે.

ક્રોઈડનના માર્ગે જ અમારી બસ પસાર થતી હતી એટલે સૌની વિદાય લઈ હું ત્યાં વચ્ચે જ ઊતરી ગયો.

ઘેર પહોંચતાં જ ઝરણાબેને કહ્યું. 'રમણભાઈ, તમે ૨૫મીએ ફિજી નહિ જઈ શકો. વિમાનની હડતાલ અંગે કંઈ સમાધાન થયું નથી, એટલે એ નિશ્ચિત છે. હમણાં જ ટી. વી. પર એ જાહેર થયું.'

મારાથી હવે ફિજી જઈ નહિ શકાય એમ સમજીને અનિલભાઇએ તો મધ્ય ઑસ્ટ્રેલિયામાં એલિસ સ્પ્રિંગ અને રૉક માઉન્ટનનો પ્રવાસ તથા મિ. સ્પાઈકના આઠ દિવસના ધ્યાનશિબિરમાં સાએ સાથે જોડાવાનું વિચારી લીધું હતું. સૂચનો ગમી જાય તેવાં હતાં પણ હડતાલ શી ખબર કેટલી લાંબી ચાલે. એટલે એ શરૂ થયા પહેલાં નીકળી જવું મને વધુ મુનાસિબ લાગ્યું. વચ્ચે ૨૪મીનો એક દિવસ હતો તે દિવસની ટિકિટ માટે કૉન્ટાસની ઑફિસે તપાસ કરવાનું નક્કી કર્યું.

બીજે દિવસે સવારે અમે કૉન્ટાસની ઑફિસે પહોંચી ગયાં. ત્યાંની એક કર્મચારી મિસ યંગને મેં અગાઉ જુદીજુદી ફ્લાઈટ અને ભાડાની રકમ માટે વારંવાર પૂછતાછ અને ઘણી માથાકૂટ કરીને અંતે એની પાસે ૨૫મી તારીખની ફ્લાઈટ 'ઓ. કે.' કરાવી હતી. મને જોતાં જ ઓળખી ગઈ. 'કેમ, મિ. શાહ! વળી, પાછું શું છે?'

'૨૫મીએ તો તમારી હડતાલ છે એટલે મારાથી ફિજી જઈ નહિ શકાય ને?' 'હા, એ ખરું.'

'તો પછી મારે એ પહેલાં અહીંથી ચાલ્યા જવું છે.'

'પણ એ શક્ય નથી. ૨૪મીની બંને ફ્લાઈટ પૂરી ભરાએલી છે.'

'છતાં પ્રયત્ન કરી જુઓને!'

'જરૂર,' અને જરાય કંટાળો દર્શાવ્યા વિના એણે કૉમ્પ્યુટરનાં બટનો દબાવવા માંડયાં. પર્દા પર લખાણ સ્પષ્ટ વંચાતું હતું. બંને ફ્લાઈટમાં એકે ય બેઠક ખાલી નહોતી. હું નિરાશ થઈ ગયો.

'હવે, તમે જ કહો મિસ યંગ, મારે શું કરવું?' મેં પૂછ્યું.

'એક રસ્તો છે. તમે સીડની જાઓ. અને ત્યાં પ્રયત્ન કરી જુઓ.'

'અને ધારો કે ત્યાંથી યે જગ્યા ન મળે તો ?'

'તો પછી સીડનીમાં જ રોકાઈ જાઓ, યા અહીં પાછા આવો.'

'એમાં તો દિવસ ને પૈસા બેય બગડે. હું તો મેલ્બર્ન તો જ છોડું જો તમે મને અહીં જ સીડનીથી ફિજીની ટિકિટ ઓ. કે. કરી આપો.'

'એ તો અશક્ય છે. પણ તમે એમ કરો, અમારી ઑફિસ સાંજે સાડા ચારે બંધ થાય છે. તમે ત્યાં સુધીમાં એકબે વાર ફરી તપાસ કરવા આવી શકો ? કદાચ છેલ્લી ઘડીએ કોઈની ટિકિટ રદ થઈ હોય તો આપણને અહીં કૉમ્પ્યુટર પર તુરત જાણ થઈ શકશે.'

મતલબ કે મારે આખો દિવસ અહીં શહેરમાં જ રોકાઈ રહેવું પડે. છૂટકો જ નહોતો. અનિલભાઈ અને ઝરણાબેનને મેં પાછાં મોકલ્યાં. બેએક કલાક અહીંતહીં લટારો મારી અને મિસ ચંગ પાસે પહોંચી ગયો. ફરી એમણે કૉમ્પ્યુટરનાં બટનો દબાવ્યાં. જવાબ નિરાશાજનક હતો. ખેર ! ફરી એક વાર બરાબર ચાર વાગ્યે તપાસ કરવાનું મિસ ચંગે સૂચવ્યું.

વળી આડાઅવળા રખડીને ચાર વાગ્યે કૅન્ટાસની ઑફિસે પહોંચ્યો. મિસ ચંગે ફરી તપાસ આદરી, બટનો દબાવ્યાં અને...અને, 'ઓહ, મિ. શાહ ! યુ આર વેરી લકી. ધેર ઈઝ વન સીટ અવેલેબલ નાઉ. કોઈ બીજું એ બેઠક રોકી લે તે પહેલાં જ હું એ કન્ફર્મ કરી દઉં.' અને તુરત એમણે સીડનીથી નાન્દી (ફિજી) જતી સવારની ફ્લાઈટમાં મારું નામ કૉમ્પ્યુટર પર 'ફીડ' કરી દીધું અને મારી ટિકિટ ઉપર પણ શેરો મારી આપ્યો.

બસ, પાકું થઈ ગયું. મારું ફિજી જવાનું નિશ્ચિત થઈ ગયું. મિસ ચંગનો મેં ખૂબખૂબ આભાર માન્યો. મેલ્બર્ન આવ્યો ત્યારથી મારી ટિકિટ માટે હું એમને એટલી બધી વાર મળ્યો હતો કે બીજું કોઈ હોત તો જરૂર કંટાળી જાત. પણ મિસ ચંગે દરેક વેળા હસતે મુખે મારું કામ પતાવી આપ્યું હતું. આવાં કર્મચારીઓ વિદેશમાં યે વિરલ હોય છે. ભારતીય વિમાન-સેવાની તો વાત જ ક્યાં કરવી ? રાજી થતો હું ત્યાંથી નીકળ્યો, અને ફ્લાઈટના ફેરફારની જાણ કરતો તાર કરી દીધો.

નાતાલના દિવસો હતા. એટલે અહીં હમણાં રોજ રાતે પાર્ટીઓ ચાલતી. અનિલભાઈને આજે તેમાં જવાનું હતું પણ સવારે મારે ફિજી જવાનું પાકું થઈ ગયાનું જાણી એમણે આજે પાર્ટી પોતાને ઘેર ફેરવાવી.

નાતાલનો 'મૂડ' આવી પાર્ટીમાં જોઈ શકાય. બસ, આ દસબાર દિવસ, એટલે કે છેક પહેલી-બીજી જાન્યુઆરી સુધી રોજ ઘેરઘેર રાતના બે ત્રણ કે ચાર સુધી મહેફિલો જામવાની. ખાણીપીણી, હસાહસ, ટોળટપ્પાં, મોંઘી ભેટસોગાદોના રોજના જુદાજુદા કાર્યક્રમો. જમવા કરતાં પીવા ઉપર વધારે જોર રહે. આ દિવસોમાં સાધારણ માણસો પણ શરમેધરમે ગજા બહારનો ખર્ચ કરી બેસે.

રાતે મંડળી જામી હતી. તેમાં ઝરણાબહેને પૂછ્યું, 'આટલા દિવસોમાં તમને કેવું લાગ્યું ઑસ્ટ્રેલિયા ?'

'દેશ અત્યંત વિશાળ અને સમૃદ્ધ છે. યુરોપના લોકો કરતાં ઑસ્ટ્રેલિયનો સ્વભાવે વધુ ઉદાર, આનંદી અને મળતાવડા છે. અહીં લોકો ખાધેપીધે બહુ જ સુખી. આધુનિક સગવડોવાળાં, ઘણુંખરું પોતાની માલિકીનાં ઘરો, અહીંનું જીવનધોરણ પણ ઘણું ઊંચું અને તેને ટકાવી રાખવાનો પુરુષાર્થ પણ દેખાય છે. પરંતુ બાહ્ય દૃષ્ટિએ વધુ પડતાં સુખી લોકોનાં જીવનમાં કેટલીક વાર બને છે તેમ, તેમના રસના વિષયો ઓછા અને વિચારોની દુનિયા નાની હોય છે. અહીં દારૂ પીવો, પાર્ટીઓ કરવી, રેસ્ટોરાંમાં જમવું, બીચ પર જવું, હોડીમાં સહેલગાહ કરવી, ગાડીમાં ફરવા નીકળવું, ટી. વી.-કાર્યક્રમો જોવા વગેરેમાં જ અહીંના લોકોની દુનિયા સમાઈ જતી દેખાય છે. ઑસ્ટ્રેલિયામાં તો રાજકારણ પણ બહુ નથી અને આંતરરાષ્ટ્રીય રાજકારણથી તો મોટાં શહેરોમાં સુશિક્ષિતો પણ બહુ પરિચિત લાગતાં નથી. એકંદર મને અહીંનાં લોકોનું બૌદ્ધિક સ્તર બહુ ઊંચું નથી લાગ્યું.'

મને થયું કે કોઈક પોતાના દેશના બચાવ માટે કંઈક કહેશે, પરંતુ મહેફિલના નશામાં ગંભીર વાત કે ચર્ચાને અવકાશ નહોતો.

રાત્રે અગિયાર વાગ્યે બધાંની રજા લઈ હું સૂઈ ગયો. સવારે સાડા પાંચ વાગ્યે જાગી ગયો. પાર્ટીને લીધે રાતે મોડાં સૂતાં હશે તેથી બધાં ઘસઘસાટ ઊંઘતાં હતાં. એટલે રસોડામાં જઈ મેં જાતે ચા બનાવી લીધી. પછી સામાન બાંધી લઈ હું તો તૈયાર થઈ ગયો. ઍરપોર્ટ પર જવાનો સમય થઈ ગયો હતો, પણ કોઈને જગાડતાં જીવ નહોતો ચાલતો. દસેક મિનિટ રાહ જોઈ. અંતે મેં જરાક ટકોરો કર્યો અને ઝરણાબહેન જાગી ગયાં. વહેલાં ન જગાડવા માટે ઠપકો આપ્યો. મેં કહ્યું, 'હું સાવ તૈયાર છું. તમારે ચાપાણી કરવાં હોય તો હજી સમય છે.'

'ઍરપોર્ટ પહોંચતાં કલાક થશે. આપણે તુરત નીકળીએ. અનિલ બહુ થાકેલા છે. હું તમને મૂકવા આવું છું.' એટલામાં તો અનિલભાઈ જાગી ગયા. તેઓ મૂકવા આવતા હતા પણ મેં કહ્યું, 'તમે રહેવા દો. રાતનો ઉજાગરો છે અને તમે થાકેલા યે છો. વળી, આખો દિવસ તમારે દોડાદોડ તો કરવાની જ છે.'

અમે તુરત ગાડીમાં બેઠાં. સાથે ઝરણાબહેનનો દીકરો તથા એક મિત્રનાં પત્ની પણ આવ્યાં. પાછાં ફરતાં કંપની રહે. ઉજાગરાને લીધે એની જરૂર પણ ખરી.

સવારના પહોરની ખુશનુમા ઠંડક હતી. આ દિવસોમાં બધે જ લોકો મોડા ઊઠવાવાળા. એટલે માર્ગમાં વાહનોની અવરજવર પણ બહુ નહોતી. સમયસર ઍરપોર્ટ પહોંચી ગયાં. સૌનો આભાર માની હું છૂટો પડ્યો. નાન્દી (ફિજી) જવા માટે મારે સીડનીમાં વિમાન બદલવાનું હતું. પરંતુ મેં મારો સામાન 'ઈન્ટરલાઈન ટ્રાન્સફર' માટે આપ્યો કે જેથી સીધો નાન્દીના વિમાનમાં ચડી જાય અને સીડનીમાં મારે એ ઊંચકીને ફરવું ન પડે.

નાતાલ હતી એટલે આખું વિમાન રંગબેરંગી ફુક્કા, અને તોરણોથી શણગાર્યું હતું. આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ હતું.

સીડનીમાં આંતરરાષ્ટ્રીય હવાઈ-મથક પર જવા માટે આ આંતદેશીય મથકેથી દર પંદર મિનિટે બસ મળતી હતી. અહીં મુસાફરોની સગવડ માટે દરકાર રખાતી દેખાઈ આવતી હતી. દરેક સ્થળે તુરત માહિતી મળે અને તુરત સગવડ મળે. લાંબી કતારોમાં ઊભા રહેવાનું નહિ અને ખોટા ધક્કા ખાવાના નહિ.

સીડનીનું ઍરપોર્ટ ઘણું મોટું છે. જુદાજુદા દેશની જુદીજુદી ફ્લાઈટ માટે હારબંધ અલગઅલગ ખંડો છે. નામ વાંચીને મુસાફર તે ખંડમાં બેસે. એથી ભૂલથી બીજી ફ્લાઈટની લાઈનમાં પડે નહિ કે ગૂંચવાય નહિ. હું નાન્દી માટેના ખંડમાં પહોંચી ગયો, અને સમય થતાં વિમાનમાં. એ પણ નાતાલના શણગારથી સજ્જ હતું.

વિમાન ઊપડતાં જ કૅપ્ટને બધાંને ક્રિસ્ટમની શુભેચ્છા આપી. અને કહ્યું કે આજે જેને જેટલો દારૂ પીવો હોય તેટલો પી શકે છે. પ્રથમ વર્ગના મુસાફરોને તો વિમાનમાં વિના મૂલ્યે દારૂ મળે જ છે પણ આજે કૅપ્ટન તરફથી નાતાલની ભેટ રૂપે ઇકોનોમી વર્ગનાં મુસાફરો માટે પણ છૂટ હતી.

વિમાન નાન્દી તરફ જવા લાગ્યું. ચાર કલાકનો રસ્તો હતો. નીચે લહેરાતા નીલરંગી મહાસાગર પર ક્યારેક વાદળાં ઝળૂંબતાં દેખાતાં હતાં. અલવિદા ! ઑસ્ટ્રેલિયા !

(સંપૂર્ણ)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ
પ્રકરણ ૧૧મું

લોકનાટ્ય : ભવાઈ

લેખક • પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

અંગ્રેજોના રાજ્યઅમલ અગાઉ, મધ્યકાળમાં ગુજરાતમાં રંગભૂમિ નહોતી. સંસ્કૃત નાટકો મધ્યકાળમાં રચાયાં હતાં ને ભજવાયાં હતાં એવા નિર્દેશો સાંપડે છે, તથાપિ જેને અર્વાચીન ઢબની રંગભૂમિ કહે છે તે તો પશ્ચિમના સંપર્ક પછી જ ગુજરાતમાં ઉદ્ભવ પામી. મધ્યયુગમાં ગુજરાતમાં જ્યારે ગુજરાતી ભાષામાં રચાએલાં નાટકો નહોતાં ત્યારે લોકસમુદાયને મનોરંજન પૂરું પાડનાર માધ્યમ ભવાઈ હતું. આ ભવાઈ તે લોકનાટ્ય. આમ તો નાટ્ય માત્રને લોકકળા કહી શકાય, પણ ભવાઈને વિશિષ્ટ અર્થમાં લોકનાટ્યનું નામ આપવામાં આવ્યું છે. એમાં તત્કાલીન લોક(સમાજ)નું સુરેખ ને સચોટ ચિત્ર ઊપસે છે. અંગ્રેજોના આગમન પૂર્વે ભારતના અનેક પ્રાંતોને તેમનાં આગવાં 'લોકનાટ્ય'રૂપો હતાં. બંગાળમાં એ સ્વરૂપ 'જાત્રા' નામે ઓળખાતું. એ જાત્રામાં ભજવાતા પ્રસંગો 'પાલા' કહેવાતા. તેમાં લોકકથા, ધાર્મિક કે ઐતિહાસિક પ્રસંગો વગેરેનો સમાવેશ થતો. ઓરિસ્સામાં પણ આ સ્વરૂપ પ્રચલિત હતું. બિહાર ને સંયુક્ત પ્રાંતોમાં 'રામલીલા' હતી, પંજાબમાં 'રામલીલા' અને 'સાંગ' (સ્વાંગ ઉપરથી), તમિલનાડુમાં 'જોરૂ કોથુ' (રસ્તા પર ભજવાતાં નાટકો), મહારાષ્ટ્રમાં સોંગ (સ્વાંગ), ઉત્તર હિંદના કેટલાક ભાગોમાં 'કહાણી', મલબારમાં 'કથકલી' વગેરે લોકનાટ્યના પ્રકારો હતા. એ પ્રમાણે ગુજરાતમાં 'ભવાઇ' હતી. આ લોકનાટ્યના પ્રકારો 'નાટક' તો નહોતાં જ પણ રંગભૂમિ પર તેમની ઓછીવત્તી અસર થયા વિના રહી નહિ હોય.

'ભવાઇ' શબ્દનું મૂળ

'ભવાઇ' શબ્દ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો, તેની વ્યુત્પત્તિ શું એ વિશે અનેક વિદ્વાનોએ વિવિધ મંતવ્યો પ્રગટ કર્યાં છે. ભવાઈના વેશનો સંગ્રહ પ્રગટ કરનાર મહીપતરામ નીલકંઠે 'એ શબ્દ સંસ્કૃત મૂળ પરથી નીકળ્યો' હોવાનું માને છે. હરિ હર્ષદ ધ્રુવે ભવ એટલે શંકર અને ભાવ એટલે નટ – એ ઉપરથી 'ભવાઇ' શબ્દ બન્યો હોવાની કલ્પના કરી છે. વિવેચક નરસિંહરાવને એ વ્યુત્પત્તિ કૃત્રિમ અને અયોગ્ય લાગી છે. જયશંકર ('સુંદરી'), ભોજકે 'ભવાઇ' શબ્દ 'ભવ-વહી' એટલે કે 'જગતનું જમા-ઉધાર પાસું સૂચવે છે' એવો તર્ક લડાવ્યો છે. તે સંદર્ભ પકડીને વિવેચક અનંતરાય રાવળ સૂચવે છે કે 'એના કરતાં 'ભવ' એટલે સંસાર પરથી સંસારલીલાનું અનુકરણ તે ભવાઈ એમ માનવું વધુ ઠીક છે.' ('સાહિત્યવિહાર', ૧લી આવૃત્તિ, ઈ. ૧૯૪૬, પૃ. ૧૬૭).

એમણે એમ પણ સૂચવ્યું છે કે 'ભવાઇનો શક્તિપૂજા સાથે થોડો સંબંધ હોવાનું ભવાયાઓની જ 'ચાચર ત્યાં જાતર ભલી' એ ઉક્તિ પરથી, તેમજ નવરાત્રમાં અંબાજીની આગળ તેમ બીજે ભવાઈ થાય એવો નિયમ હજી સુધી પળાઈ રહ્યો છે તે પરથી, સમજાય છે. નારી-સ્વાંગ સજીને ભગવતીપ્રીત્યર્થ કરાતા નાટ્યાભિનયનું દેવીભક્તોમાં ઠીક માહાત્મ્ય મનાયું છે. આ પરથી એક તર્ક એવો પણ ન કરાય કે 'ભવાઇ' શબ્દ 'ભગવતીયજન' પરથી, 'ગર્ભદીપ'નો 'દીપ' ઊડી જઈ 'ગર્ભ' પરથી 'ગરબો' થયો છે તે પ્રમાણે, પાછળથી 'યજન' કે 'પૂજા' જેવો શબ્દ ઊડી ને આગલામાં સમાઈ જઈ ભગવતી—ભઅવઈ—ભવાઈ એવા કોઈ ક્રમે ઊતરી આવ્યો હશે?' (એજન, પૃ. ૧૬૭.)

ડૉ. હરિવલ્લભ ભાયાણીએ 'ભવાઇ' શબ્દ વિશે જે તર્ક કર્યો છે તે ધ્યાન માગી લે તેવો છે. તેમણે 'સાવયધમ્મદોહા' (શ્રાવકધર્મદોહા) નામની કૃતિમાં 'ભવાઇ' શબ્દ નોંધ્યો છે. ત્યાં એ શબ્દનો અર્થ ભપકો, શોભા સજાવટ એવો થાય છે. 'કાન્હડદે પ્રબંધ'માં પણ 'ભવાડવું' શબ્દ દિપાવવું, શોભાવવું એવા અર્થમાં પ્રયોજાએલો તેમણે નોંધ્યો છે. 'માધવાનલ કામકંદલા'માં 'ભવાઈઆ' શબ્દ આવે છે અને 'સિદ્ધ શબ્દાર્ણવ' કોશમાં 'ભૂ કુસ' શબ્દ સાથે એનો સંબંધ છે. 'ભૂ કુસ' શબ્દનો અર્થ 'સ્ત્રીનો વેશ લેનાર નટ' એવો આપવામાં આવ્યો છે. આ બધા ઉપરથી એમણે 'ભવાઇ' એટલે ભપકો કે સજાવટવાળી, ભજવવા માટેની કોઈક વિશિષ્ટ રચના અથવા તમાશો એવો અર્થ તારવ્યો છે.

પ્રસિદ્ધ નાટ્યલેખક અને વિવેચક શ્રી રસિકલાલ પરીખ 'ભવાઇ' શબ્દ અંગે નવો પ્રકાશ પાડે છે: રસોઈ અને તેનો કરનાર રસોઇઓ, ગવાઈ અને તેનો કરનાર ગવૈયો ઇત્યાદિ, તેમ ભવાઈ અને તેનો કરનાર તે ભવૈયો. રસોઈના બરાબર અર્થમાં નહિ પણ 'સ્વાદ આપે એવું' એ અર્થમાં 'રાસન' શબ્દ સંસ્કૃતમાં છે. ગાયન અને ગાન શબ્દ તો જાણીતા છે. આ સાદૃશ્યથી 'ભવાઇ' માટે 'ભાવન' શબ્દ ઘટે. વર્ણોચ્ચારની પ્રક્રિયા પ્રમાણે આ વાસ્તવિક વ્યુત્પત્તિ છે કે નહિ તે વિષે હું અભિપ્રાય આપી શકું તેમ નથી. છતાં એટલું સ્પષ્ટતાથી કહી શકું છું કે માંડણે પોતાની રચનાઓને 'ભાવન' કહી છે: જેમ કે ઝંદાના વેશમાં ઝંદો અને તેજા કહે છે કે—

માંડન નાયકે ભાવન જોડિયો રે, બોલણા બચાર
કીરત ઝુંદા તેજલી રે, મોકી સમંદર પાર.

ઉપરાંત ભવાઈના ચોપડાઓમાં આવા નિર્દેશો છે. ભાવન ત્રીજું, અબુના ધણીનું ભાવન; દ્વારકાના ધણીનું ભાવન, પૂરું થયું ભાવન ઈત્યાદિ.

જૈન પરિભાષામાં – રાતના મંદિરમાં અથવા પૂજાસ્થાનના ચોગાનમાં વાદ્ય સાથે સ્તવનો ગવાય છે, અને કોઈ કોઈ વાર નૃત્ય પણ થાય છે – તે હજી પણ ભાવના કહેવાય છે: જેમ કે 'આજે ભાવના છે', 'ભાવના બેઠી છે.' વગેરે.

ભવાઈ-ભાવનનો સંબંધ કેવળ શબ્દગત નથી, વસ્તુગત પણ છે:

ચાચર તહાં જાતર ભલી, જોત તણી જગમગ
ઘણાએક ગુણીજન રમી ગયા, તીંહાંના પગની રજ;
સકળ સભા તો બેઠી ભલી, સ. સક્ત (ભક્ત?) રો દાસ
ભવા ભવાઈ સાંભળે તેની અંબા પૂરે આસ.
સકળ સભા તો બેઠી ભલી, સૌની દૂરમત હરો;
અસાઈત મુખથી ઓચરે, હવે રામદે રમતો કરો.

અર્થાત્ ભવાઈ એ અંબા માતાના ચાચરમાં થતું ભાવન છે–ભક્તિનો એક પ્રકાર છે. ('આકાશભાવિત' આવૃત્તિ ૧લી, ૧૯૭૪, પૃ. ૨૬૮-૬૯)

આમ 'ભવાઇ' શબ્દની વ્યુત્પત્તિ અંગે અનેક અનુમાનો થયાં છે એમાંથી કોઈ ચોક્કસ તારણ પર આવવું શક્ય નથી, પણ અસલ અંબામાની પૂજા નિમિત્તે ભાવપૂર્વક ભક્તો-નટો કોઈ આરતી કે ભક્તિની રચના યોજતા-ભજવતા હશે એની સાથે ભવાઇનો સંબંધ છે એમ માની શકાય. એના અસલી રૂપમાં પછી કાળક્રમે પલટા આવ્યા હશે.

'ભવાઈ'માં કોઈક વિદ્વાનની કલ્પના કે 'પ્રવેશ'ને સ્થાને ભૂલથી 'વેશ' શબ્દ મુકાઇને પ્રચલિત બની ગયો હશે તે વાજબી નથી. 'વેશ' એ 'પ્રવેશ' નથી. વેશ એટલે તો અન્યનો પોશાક ધારણ કરી પોતે અન્ય રૂપે રજૂ થવું–વર્તવું તે. વેશ એટલે નાટ્ય. રસિકલાલ પરીખે ભવાઇનો સંબંધ 'પ્રેક્ષણક' રૂપકપ્રકાર સાથે જોયો છે. પ્રેક્ષણક એટલે મોટા માર્ગ ઉપર, જનસમુદાયમાં, ચોરામાં અને દેવમંદિર આદિમાં બહુપાત્રોથી જે ભજવાય તે.

ભવાઈનું સ્વરૂપ

મધ્યયુગમાં 'થીએટર'ની તો કલ્પના જ નહોતી. ખુલ્લા આકાશ નીચે મેદાનમાં ભવાઈ ભજવાય. ગ્રામજનો ખેતી કે અન્ય શ્રમકાર્યમાંથી છૂટી જમીપરવારીને મનોરંજન માટે રાતે નવરા પડે એટલે ભવાઈની રંગત રાતે જામે. ભવાઈમાં ન જોઈએ ભભકાદાર પોશાક કે ન જોઈએ આંખોને આંજી નાખે તેવી સીનસીનરી. વર્તુલાકારે ગોઠવાયેલા પ્રેક્ષકોની વચમાં ભવાઈ ભજવાય–વારાફરતી વેશ ચાલ્યા કરે ને એમાં રાત વીતે. 'રાત થોડી ને વેશ ઝાઝા' કહેવતનું મૂળ આમાં હોઈ શકે.

ભવાઈની સમગ્ર માંડણી નૃત્ત-નૃત્ય ઉપર થએલી છે. ભવાઈના વેશ ભજવતું પ્રત્યેક પાત્ર ભૂંગળના નાદ, પખવાજ કે તબલાંના તાલ મેળવતું લયબદ્ધ રીતે પ્રવેશ કરતું હોય છે. ભૂંગળ એ ભવાઈનું મુખ્ય સાધન. ભૂંગળ વિના ભવાઈ અર્થહીન બની રહે. ભૂંગળની સહાયમાં તબલાં અને કાંસીજોડાં. ભવાઈનું સંગીત માઢ, પરજ, આશાવરી, કાલિંગડો, ભૈરવી, બિલાવલ ઇત્યાદિ રાગોમાં પીરસાય. છંદોમાં કુંડળિયા, સવૈયા વગેરે હોય. ભવાઇને માટે સાજ-સામગ્રી કેવાં ને કેટલાં તેનું નિદર્શન અસાઇતે રામદેવના વેશમાં આપ્યું છે.

> પખાજી ઊભો પ્રેમસુ, રવાજી મનમોડ
> તાલગર ટોળે મળ્યા ભુંગળિઆ બે જોડ
> ભુંગળિઆ બે જોડ કે આગળ રંગલો ઊભો રહ્યો,
> ઈણી રીત અસાઇત ઓચરે, હવે રામદે રમતો થયો.

આ પંક્તિઓમાં પખાજી તે પખવાજ વગાડનાર. વેશ ભજવનાર પાત્ર પખવાજના તાલ મુજબ જ લયબદ્ધ પગલાં ભરીને ચાચર (પ્રેક્ષકની વચમાં અંતરિયાળ જગ્યા)માં આગમન કરે. રવાજી શબ્દ રવ કહેતાં અવાજ–સૂરીલા અવાજનું નિદર્શન કરે છે. ધાતુમાંથી બનાવેલું વાદ્ય કાંસીજોડાં વગાડનાર તે રવાજી. બે ભૂંગળિયામાં એક મુખ્ય, તે પાત્રને પોરસ ચડે તે રીતે ભૂંગળ વગાડે. તેનો સહાયક તેસાં સૂર પુરાવે. સ્વર અને તાલ બંને સાચવનાર ભૂંગળ એ ગુર્જરોનું વાદ્ય હતું. તાલગર તે સારંગીવાળા હોઈ શકે. અને રંગલો ભવાઈનું અનિવાર્ય અંગ. એ 'જૂઠણ' હોય કે 'ડાગલો' પણ હોય, ભવાઈનું આ કોરસ **(chorus)** ગણીએ તો કોરસ. સંગીત, નૃત્ય એ જ પીરસે અને કયું પાત્ર પ્રવેશશે તેનું સૂચન પણ કરે—એ 'આવણું' કહેવાય.

ભવાઈમાં પાત્રપ્રવેશની પણ આગવી પદ્ધતિ હોય છે. પાત્રપ્રવેશ પહેલાં કોરસ આગણું ગાય અને પછી પાત્ર ગીત ગાતું નૃત્ય કરતું પ્રવેશ કરે. ભવાઈના વેશમાં ક્યારેક નાટ્યતત્ત્વ હોય, પણ મહદંશે પાત્રનો પોતાનો જ વાર્તાલાપ-સ્વગતોક્તિ હોય અથવા બે પાત્રો સામસામાં સંવાદની રમઝટ જમાવતાં હોય. એમાં કાર્યનો વેગ કે ધમધમાટ ઓછો, પણ મનોરંજક સામગ્રી વિપુલ. ગીત અને નૃત્ય તો તેમાં હોય જ. તદુપરાંત વેશભૂષા, ઉખાણાં, સમસ્યા, ટુચકા, છપ્પા, ભજન એ બધી સામગ્રી પણ ભરપૂર. પાત્રો ગદ્યપદ્ય બંનેમાં વાર્તાલાપ ચલાવે. વેશમાં વિવિધ રસને અવકાશ ખરો, પણ હાસ્ય અને શૃંગાર તેમાં પ્રાધાન્ય ભોગવે, બંને રસ સ્થુલકોટિએ–અવારનવાર ગ્રામ્યકોટિએ પહોંચી જતા હોય. રંગલો કે જૂઠણ એ 'વેશ'માં 'વિદૂષક'ના વિકૃત અનુકરણ રૂપે ભાગ ભજવે.

ભવાઈ: સમાજનું દર્પણ

વેશમાં અઢારે વર્ણની ખાસિયતો રજૂ થાય. એમાંનું વસ્તુ મુખ્યત્વે સંસારલક્ષી. મોટેભાગે તત્કાલીન સમાજની ઘટનાઓની કે મોભાદાર વ્યક્તિઓની અંધારી બાજુનું કટાક્ષયુક્ત ચિત્ર તેમાં જોવા મળે. 'કજોડાં, પાખંડી બાવાઓના આચાર, વિધવાઓનાં છીનાળાં, ઢેડ માથેનો જુલમ, મુસલમાન-હિંદવાણીનો પ્યાર જેવી ઘણી બાબતો કેટલાક વેશનો મુખ્ય વિષય બનેલી છે. ઘણા વેશ મુસલમાન રાજ્યકાળના છે એટલે તે કાળના ગુજરાતી સમાજનું દર્શન એમાંથી થાય છે. જેમ લોકસાહિત્ય તેમ ભવાઈ પણ તત્કાલીન સમાજદર્શન માટે એક અગત્યનું સાધન પૂરું પાડે છે એમ આથી કહી શકાય. ભવાઈ પણ લોકસાહિત્ય જ છે. તરતા લોકસાહિત્યની કેટલીક પંક્તિઓ ઘણા વેશોમાં આવે છે.' ('સાહિત્ય વિહાર', આ. ૧લી, ઈ. ૧૯૪૬, પૃ. ૧૭૩)

ભવાઈની એક વિશેષતા તરફ વિવેચક રસિકલાલ પરીખે ખાસ ધ્યાન દોર્યું છે અને તે એ કે: 'ચાલુ લોક-અવસ્થાને લઈ લોકો આગળ તેનું અનુકરણ કરી બતાવવું. ગીત દ્વારા, નૃત્ય દ્વારા, ટુચકા કહીને અને તગતગતા ચાબખા મારીને અથવા લોકોને એમની મૂર્ખાઇઓ ઉપર ખડખડાટ હસાવીને. ભવાઈના ઉપહાસમાં સેટાયર અને હ્યુમરના તીક્ષ્ણ અને મૃદુ, સૂક્ષ્મ-સ્થૂલ બધા પ્રકારો આવી જાય છે. એમાંય જે 'અઢારે વરણ'નાં ચિત્રણ આવે છે તે આ વેશો રચનારાઓની અને ભજવનારાઓની સૂક્ષ્મ અવલોકનશક્તિની અને મીઠી 'હમદર્દી'ની શાખ જેવા છે. ('આકાશભાષિત', ઈ. ૧૯૭૪, પૃ. ૨૭૨)

ભવાઈ સ્વરૂપનો જનક અસાઈત

ભવાઈના વેશો મધ્યકાળમાં ચૌદમા સૈકાથી ભજવાવા માંડયા એમ કહી શકાય. એ વેશોનો રચનાર તે 'હંસાઉલી' પદ્યવાર્તાનો લેખક અસાઈત. એનો સમય અંદાજે ઈ. ૧૩૨૦થી ઈ. ૧૩૯૦નો માનવામાં આવે છે. આ અસાઈત ઠાકરે પોતાના યજમાન હેમાળા પટેલની પુત્રી ગંગાને મુસલમાન સરદાર પાસેથી, એ પોતાની પુત્રી છે એમ કહીને એ છોકરી સાથે એક ભાણે જમીને સરદારને પોતાના વિધાનની સત્યતા પ્રતીત કરાવીને છોડાવેલી. પટેલની છોકરી સાથે ભોજન લેવાને કારણે અસાઈતની જ્ઞાતિએ તેનો બહિષ્કાર કર્યો. એથી તે સિદ્ધપુર ત્યજીને ઊંઝામાં વસ્યો. તેના યજમાને તેને જમીન આપી અને અસાઈતના જીવનનિર્વાહનો પ્રશ્ન ઉકલી ગયો. તેને ભવાઈના ૩૬૦ વેશ લખ્યા અને પોતાના પુત્રો સાથે તે ભજવવાનો વ્યવસાય આરંભ્યો. અસાઈતના ત્રણ પુત્રોનાં ત્રણ ઘર હેમાળા પટેલે બંધાવી આપ્યાં ને ત્રણ ઘરાળા–તરગાળા કહેવાયા એવો કેટલાક વિદ્વાનોનો મત છે. આ રીતે એમની જાતિ તરગાળા તરીકે ઓળખાવા માંડી, કેટલાક વિદ્વાનો 'તરગાળા' શબ્દનું મૂળ 'ત્રાગાળા' (ત્રાગું કરનારા) અથવા 'તર્કાળા' (તર્ક લડાવી શકે તેવા, બુદ્ધિમાન)માં જુએ છે. કોઈક વળી ઔદીચ્ય, શ્રીમાળી અને વ્યાસ એ ત્રણ એમની જાતિમાં જઇને ભળ્યા તે ઉપરથી ત્રણ ગાળાવાળા અર્થાત્ ત્રણ ગાળાળા ને એ ઉપરથી 'ત્રાગાળા' એવું અર્થઘટન કરે છે. ગમે તેમ પણ ભવાઈના વેશોનો જનક અને ભવાઈ ભજવવામાં નિષ્ણાત ભવૈયા-તરગાળાનો આદિ પૂર્વજ તે અસાઈત. એણે લાલજી મણિયાર, મિયાંબીબી, કજોડાં, જોગણી, વણઝારો એમ અનેક જ્ઞાતિ અને વ્યક્તિ વિષયક વેશ લખ્યા છે. અલબત્ત, એણે પણ આ સ્વરૂપ-સામગ્રી પૂર્વે ભજવાતી કોઈક પ્રકારની રચનામાંથી લીધી હશે. અસાઇતે તેને સંસ્કારીને પોતાની આગવી મુદ્રા તેમાં ઉપસાવી હશે. એણે લખેલા મનાતા ૩૬૦ વેશોમાંથી જવલ્લે જ થોડા સચવાયા હોય. મહીપતરામે એમના જમાનામાં ભવાઈના એ વેશોને મઠારીને ભવાઇને-સંગ્રહનું સંપાદન કર્યું હતું. અત્યારે ભવાઈના જે વેશો મળે છે તે ભારોભાર ઉમેરણવાળા છે. એમાં મિશ્રણો થયાં છે.

અસાઈતે વેશો લખ્યા ત્યારે ગુજરાતમાં ઈસ્લામી સલ્તનત હતી. એ રીતે ભવાઈમાં એ જમાનાનું પ્રતિબિંબ પડે છે. ભવાઈના વેશોના અસલ સ્વરૂપમાં એ યુગમાં પલટાઈ રહેલી સમાજવ્યવસ્થાનો ચિતાર અવશ્ય મળી રહે. ભવાઈના વેશોમાં ફકીર-ઓલિયા કે મુસલમાની સૂબાઓનાં ચિત્રો વારંવાર દેખાય છે. ફકીરો અને સાંઈઓ તથા બાવાઓ પોતાનો પ્રભાવ સમાજમાં પાડતા હતા. એમાંના કેટલાકે તો મઝહબની એકતા લોકોને ઠસાવવાની કામગીરી પણ બજાવી. જુંદા-

તેજાના વેશમાં ઝુંદાની બંદગીમાં એનો પડઘો સંભળાય છે—

જિનસે ભયા જુજુઆ મત, યામે ભુલ રહ્યા જગત
સબ એક ભેખકી બીગત.
કોઈ રામકું ગાવે, કોઈ તો કૃષ્ણસુ ગાવે
કોઈ મહાદેવ મન ભાવ.

અને આવા ફકીરો-સાંઈઓ જડ ક્રિયાકાંડની ઠઠ્ઠા પણ ઉડાવે છે:

જટા બંધાએ ખુદા ન મીલતે, કયું રહેતા મન મસ્ત
જટા બંધાએ ખુદા મીલ તે, બડ પૌંચે સબ ભરત.

ભવાઈના વેશોમાં ગુજરાતી-હિંદી ભાષાનું મિશ્રણ તો છે જ, પણ ઈસ્લામી સલ્તનતના પ્રભાવને કારણે ભાષાને ફારસીનો રંગ ચડયો દેખાય છે. ભવાઈના રાગ, તાલ તથા નૃત્યનાં પગલાં પણ ફારસીનો પ્રભાવ પ્રગટ કરે છે.

ભવાઈમાં રાજસ્થાની રંગ

નાટકો કે એવાં મનોરંજનનાં અન્ય માધ્યમો નહોતાં તે કાળે ભવાઈએ તત્કાલીન સમાજનાં ચિત્રો મનોરંજક રીતે રજૂ કરીને વિશાળ જનતાનાં ચિત્તને તાજગીભર્યાં, પ્રફુલ્લ બનાવ્યાં એ તેની કીમતી સેવા છે.

ભવાઈ ભજવનારા નટોનો નિપુણ વર્ગ મુખ્યત્વે ઉત્તર ગુજરાતનાં વડનગર, વિસનગર અને પાટણ જેવાં નગરોમાં વસનારો છે. ઉત્તર ગુજરાતનું પ્રાચીન નામ આનર્ત. આ 'એ ગાયક, વાદક અને નાયક-નટોની જન્મભોમ છે. વડનગ વશે લોકવાયકા છે કે એમાં ૩૦૦ કામઠી હતી, અર્થાત્ એટલા ગ ગયાં એકલા વડનગરમાં જ હતા. ગુજરાતનો આ ઉત્તર ભાગ (મ)દેશની સીમા સાથે સંકળાએલો છે. ત્યાંની ભાષા રીતરસ ગરે ભવાઈનાં વેશોમાં ઊતરી આવી છે. ગણપતિની સ્તુતિ પ તરત મારુ દેશોનો મહિમા પ્રગટ કરતી સાખી ગવાય છે.

મારુ, તારા દેશમાં દીઠાં ત્રણ રતન:
એક ઢોલો, દુજી મારુડી, ત્રીજો કસુંબો રંગ.

ઢોલા-મારુ (પ્રેમી ને પ્રિયતમા)ની કથા ગુજરાતમાં મશહૂર છે. આમ ભવાઇ એ મરુ-ગુર્જર પ્રજાનું પ્રેક્ષણક છે.

ભવાઈનો વિનિપાત

આ પ્રેક્ષણકમાં પ્રવીણ તરગાળા-નાયક કોમ યોગ્ય તાલીમના અભાવે અને નવશિક્ષિત વર્ગની ઉપેક્ષાથી ક્રમેક્રમે કાળગ્રસ્ત થવા માંડી. એમની કળાનો હ્રાસ થવા માંડયો. ઓગણીસમા સૈકામાં તેમની કલા-અભિવ્યક્તિ કેવી નિકૃષ્ટતાની હદે પહોંચી હતી તેનો નિર્દેશ રણછોડભાઈ ઉદયરામે ટાંકેલા એક પ્રસંગમાંથી મળે છે—

'ભવાયા લોકો સુધરે તો ભવાઈમાં શિક્ષણ આપવાને બની શકે, એવો વિચાર મારા મનમાં ઘોળાયા કરતો હતો તેથી મારે જ્યારે અમદાવાદ જવાનો પ્રસંગ આવ્યો તે વેળાએ કવીશ્વર દલપતરામને અને રાવસાહેબ મહીપતરામ રૂપરામને ભવાયાને સુધારવાની વાત કરી. મુખ્યમુખ્ય ભવાયાને બોલાવીને તેઓને બીભત્સ અને કુડા, તેમ જ લજ્જામણા હાવભાવ નહિ કરવાનો બોધ કર્યો. આ લોકોનો બાપદાદાનો વંશપરંપરાનો ધંધો એ જ લોકોના હાથે સુધરાવવો ઉચિત છે એમ અમારી ખાત્રી થઈ હતી. તેથી તેમની સાથે માથું-કુટામણી કરવા માંડી. કવીશ્વર દલપતરામની એક કવિતા—

પિતાજી તમે જે કહો તે પ્રેમથી હું પાળું

ગવરાવતાં તેઓ ગાવા લાગ્યા કે

પત્યાજી તમે જે કહો તે પરમેથી હું પાળું.'

'રણછોડભાઈ ઉદયરામ શતાબ્દી સ્મારકગ્રન્થ' (૧૯૩૮, પૃ. ૫૨)

ભવાઈનું ભાવિ

વીસમી સદીમાં ભવાઈની સંસ્થાને મરણતોલ ફટકો લાગ્યો. સિનેમા, નાટકો પ્રતિ પ્રજામાનસનું પ્રબળ આકર્ષણ થવાથી જૂની ઢબની ભવાઈ પ્રત્યે ઉપેક્ષા જાગી. તરગાળા-નાયક કોમમાંથી પણ કેટલાક પોતાનો આ મૂળ વ્યવસાય મેલી બીજા વ્યવસાયમાં જોડાયા. નવી ઊછરતી પેઢીને ભવાઈના ધંધામાં કંઈ કસ ન લાગ્યો હોય કે અન્ય ગમે તે કારણે પણ એ પેઢીનો રસ વંશપરંપરાના ધંધામાંથી ઓસરવા માંડયો. યંત્રોદ્યોગથી ધમધમતા, જીવનનો તીવ્ર સંઘર્ષ પ્રગટ કરનારા વાતવરણે પણ આ સંસ્થાને નિરર્થક જેવી બનાવી દેવામાં ફાળો આપ્યો. આજના-સુરુચિયુક્ત (Sophisticated) માનસને ભવાઈનું સ્વરૂપ અણઘડ(crude)લાગે એ પણ સ્વાભાવિક છે. તદુપરાંત મધ્યયુગના પ્રશ્નો પણ આજે એના એ રહ્યા નથી.

તેમ છતાં ભવાઈનાં મૂળતત્ત્વો જાળવીને તેને નવો દેદાર-ઘાટ આપીને આજે પણ સામાજિક સુધારણાના કાર્યમાં કામિયાબ બનાવી શકાય. વસતિવધારો, કુટુંબનિયોજન, હડતાલ, દારૂબંધી જેવાં આધુનિક સમાજના પ્રાણપ્રશ્નોની અલ્પશિક્ષિત કે અર્ધશિક્ષિત પ્રજાને સમજણ આપવા માટે ભવાઈનું માધ્યમ આજે પણ ઉપયોગમાં લઈ શકાય – અને એવા પ્રયત્નો થતા પણ રહ્યા છે.

નિમણૂક

મુકુન્દરાય વિ. પારાશર્ય

સર પ્રભાશંકર પટ્ટણી ભાવનગર રાજ્યના એડમિનિસ્ટ્રેટર હતા (૧૯૩૦-૧૯૩૧) ત્યારે ભારતના સર્વ દેશી રાજ્યના ઉત્તમ સલાહકાર તરીકે તેમની નામના હતી.

ઉત્તરહિંદના એક રાજ્યમાં રાજા ગેરવહીવટ કરે છે તે બહાને વાઈસરોયે તેમની સત્તા ખૂંચવી લઇને રાજવહીવટ માટે કારોબારી નીમેલી. એ મહારાજા પોતાની કોઈ બાબતમાં પ્રભાશંકર પાસે માર્ગદર્શન મેળવવા ભાવનગર આવેલા. પ્રભાશંકરને મળ્યા ત્યારે પોતાની સાથેના એક આદમીનો પરિચય આપતા એ મહારાજાએ કહ્યુ કે, આ મારા પરમ મિત્ર છે. મારે તેને મારા રાજ્યમાં સારા હોદ્દા પર નોકરી દેવી હતી, પણ હાલમાં વાઈસરૉય સાહેબે મારી સત્તા ખૂંચવી લીધી છે તેથી હું તેમને મારી સાથે આપની પાસે લાવ્યો છું. આપ ભાવનગરમાં સર્વોપરી છો. આપ એમને ભાવનગરમાં કોઈ સારા હોદ્દા પર નીમી દો, એમને આવકની જરૂર છે.'

પ્રભાશંકરે કહ્યુ કે, 'સારી વાત છે પણ તેમને ન્યાય, વસૂલાત, શિક્ષણ યા કોઈ ખાતાનો અનુભવ કે જાણકારી છે? ભણતર કયાં સુધીનું?'

મહારાજાએ કહ્યુ કે, 'અનુભવ તો કંઈ નથી. શૈક્ષણિક લાયકાત પણ કોઈ નથી. પણ મારા પરમ મિત્ર છે. સાથે જ રહે છે. શિકાર સારો ખેલે છે ને રમીમાં નિષ્ણાત છે.'

પ્રભાશંકરે કહ્યું કે 'આપ જે હેતુથી ભાવનગર પધાર્યા છો તે વાત પૂરી કરીએ, પછી એમની વાત કરીશું.'

દોઢેક કલાકની ચર્ચા પછી મહારાજા ઊઠયા, પટ્ટણીજી તેમને વળાવવા ઊભા થયા ત્યારે પ્રભાશંકરના રહસ્યમંત્રી કોઈ આદેશ લેવા આવ્યા. તેને નજીક બોલાવી તેના ખભા પર હાથ થાબડતાં પ્રભાશંકરે કહ્યું : 'મહારાજા સાહેબ, આ અમારા રહસ્યમંત્રી છે, ગ્રેડયુએટ છે. સેક્રેટરીનું કામ શીખ્યા છે. મને એમના તરફ બહુ લાગણી છે. આપ એમને આપની મોટરકારના શૉફર બનાવી દો.'

'જરૂર' મહારાજાએ કહ્યું, 'પણ તેમને મોટર હાંકતાં તો આવડે છે ને?'

'બિલકુલ નહિ.' પ્રભાશંકરે કહ્યુ. 'પણ મને એ જુવાન બહુ ગમે છે.'

મહારાજાએ કહ્યુ કે, 'મોટર હાંકતાં ન આવડતું હોય તો તો જીવનું જોખમ.'

પ્રભાશંકરે કહ્યુ કે, 'હું પણ આપ કહો છો તે રીતે જ રાજ્યના વહીવટ વિષે વિચારું છું. આપ કહો, આપના મિત્રને હું કયાં જગ્યા આપું?'

અનુસંધાન] **કમલાબાઈ હોસ્પેટ** [પૃ. ૧૭૮થી

જે નાનપ કે લજ્જા અનુભવવા લાગ્યાં છે તેનાથી વૃદ્ધોની સ્થિતિ કરુણાજનક બનતી જાય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે કમલાબાઇએ વૃદ્ધો માટેનું ઘરડાં-ઘર અર્થાત્ આ 'પંચવટી આશ્રમ' સ્થાપ્યો છે. ધર્મ, જ્ઞાતિજાતિથી અપમાનિત સાઠ વર્ષથી મોટી વયનાં વૃદ્ધોને આ આશ્રમમાં સ્થાન મળે છે. અહીં એમના જીવનની સઘળી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ પ્રવૃત્તિના મૂળમાં પ્રેરણા હતી કમલાબાઇની સદ્‌ગત માતા રાધાબાઈની.

આ જ રીતે હિંદુસમાજની વિધવા કે ત્યક્તાને ઘરની ચાર દિવાલો વચ્ચે કોઈના આશ્રયે જીવન વિતાવવું પડે તેવી સ્થિતિ સામે તેમને સ્વાવલંબી બનાવવાના શુભાશયથી કમલાબાઇએ એમના માટે નર્સિંગ સ્કૂલ પણ શરૂ કરી. આ શાળામાં તાલીમ પામેલી એવી અનેક સ્ત્રીઓ આજે વિવિધ સંસ્થાઓમાં સુયોગ્ય રીતે સેવાભાવનાથી નોકરી કરી સુખ-સંતોષથી રહે છે.

આજે તો 'માતૃસેવા સંઘ' વિશાળ વટવૃક્ષ સમ બની ગયો છે. એક સામાન્ય લાગતી સ્ત્રીના નિઃસ્વાર્થ પરિશ્રમ ને સાહસની એ સિદ્ધિ છે. શુદ્ધાશયથી આરંભાયેલું કાર્ય નિષ્ઠાના બળે સંપૂર્ણ સહકાર પામે છે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. આજે તો તેઓ ઑપરેશન થીએટર, એક્સ-રે, પૅથોલોજિકલ લૅબોરેટરી જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. મહારાષ્ટ્રમાં સોળ, મધ્યપ્રદેશમાં ચાર અને રાજસ્થાનમાં બે, એમ કુલ મળીને બાવીસ જેટલી શાખાઓમાં 'માતૃસેવા સંઘ' વિસ્તૃત છે.

'માતૃસેવા સંઘ'ના આ વિકાસનું પ્રથમ ચરણ મંડાયું. ઈ. સ. ૧૯૪૦માં, જ્યારે કૉર્પોરેશને તેને માટે જમીન આપી. આઝાદી પછી સ્વાસ્થ્ય-મંત્રી ડૉ. બારલિંગે પૂરતી જગ્યા સાથે રૂા. ૫૦,૦૦૦નું અનુદાન પણ અપાવ્યું હતું. આ બધું કમલાબાઈના કાર્યનું મૂલ્યાંકન હતું, કાર્યની કદર હતી. ઈ. ૧૯૫૧માં સંસ્થાએ નવું મકાન બાંધ્યું.

માનવીય કલ્યાણાર્થે સેવાનો ભેખ ધારનાર કમલાબાઈએ રાજકીય ક્ષેત્રે પણ નાગરિક તરીકેની પોતાની ફરજ નિભાવી છે. પ્રત્યક્ષ કે પરોક્ષ, વ્યક્તિગત કે સામુહિક રીતે ઈ. ૧૯૩૦-'૩૩, ૧૯૩૫-'૩૭ અને ઈ. ૧૯૪૧ની રાજકીય ચળવળોમાં મદદ કરી હતી. નાગપુરમાં આજે એક પણ સંસ્થા એવી નથી જે આ મૅટર્નિટી હોમ જેટલો ખાદીનો વિનિયોગ કરતી હોય. કામ અને ફરજના સંદર્ભે કમલાબાઈ કડક શિસ્તપાલક ને સખ્તાઈથી કામ કરાવનાર-લેનાર સ્ત્રી છે. એમ કહી શકાય કે છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન લગભગ ૮૦૦ જેટલી કમનસીબ વિધવા સ્ત્રીઓને તાલીમ આપીને કમલાબાઈએ તેઓને મોભાનું સ્થાન અપાવ્યું છે. 'માતૃસેવા સંઘ'ના નર્સિંગ હોમ અને 'પંચવટી આશ્રમ' વચ્ચે ફાળવાતી અતિ અલ્પ પેન્શનની રકમ પર આજે કમલાબાઇ પોતાનું ગુજરાન ચલાવે છે. એમની જરૂરિયાતો નહિવત્ છે. સામાજિક પ્રવૃત્તિ એમનું જીવન છે. એ જ એમના જીવનનું સાફલ્ય, એ જ એમનો સંતોષ. કોઈ માલમિલ્કત નથી. બે જોડ ખાદીનાં કપડાં ને ખભે લટકાવવાનો થેલો એ જ માત્ર એમની આવશ્યકતા. સાદો ખોરાક અને સાદું જીવન. બસમાં કે ગાડીના સેકન્ડ ક્લાસમાં એ મુસાફરી કરે છે અને જીવનના અંતિમ શ્વાસ લગી સેવામય જીવન જીવવા ઇચ્છે છે. આજે નિવૃત્ત હોવા છતાં આરામ એમને માટે હરામ છે. ઈ. ૧૯૩૩માં પડી જવાથી પગમાં ફ્રૅક્ચર થએલું પણ છ માસમાં પુનઃ એ પોતાની પ્રવૃત્તિમાં ગૂંથાઈ ગયાં. ઉમરના કારણે આંખો શિથિલ થઈ છે, પરંતુ હજીય વૉર્ડમાં એ સેવાર્થે સતત તત્પર હોય છે. પ્રવૃત્તિમય જીવન એટલે કમલાબાઈ. જીવનના છેલ્લા શ્વાસ લગી સેવા કરવાની એમની મનીષા છે. પોતે બ્રાહ્મણ છે પણ સેવાકાર્યમાં ઉચ્ચનીચ જાતિનો કોઈ ભેદ એ રાખતાં નથી.

કમલાબાઈની આ બધી સેવાની પાછળ અંગત લાભની કોઈ અપેક્ષા નથી; કે નથી કદી યે એમણે પોતે કરેલાં કાર્યોનો ઢંઢેરો પીટ્યો. જે કંઈ બોલે તે એમનું કામ જ બોલે. ઈ. ૧૯૫૯માં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીએ એમની નર્સ તરીકેની અતિ આગળ પડતી સેવાને 'નાલ્વા મેડલ' (Nalwa Medal) આપીને બિરદાવી હતી.

સમગ્ર મહારાષ્ટ્રમાં કમલાબાઇની સેવા ક્રમશઃ ફેલાઈ ગઈ છે. પ્રજામાં એમના પ્રત્યે માનની લાગણી છે–અહોભાવ છે. આથી જ માનવબંધુઓને અપૂર્વ પ્રેમ આપનાર આ માનવતાવાદી સ્ત્રીને ઈ. ૧૯૬૧માં ભારત સરકારે 'પદ્મશ્રી'ના માનથી નવાજ્યાં છે. યુનિવર્સિટી કક્ષાએ તો નહિ, પણ શાળાકીય ક્ષેત્રનું શિક્ષણ પણ નહિ પામી શકનાર આ સન્નારીને નાગપુર યુનિવર્સિટીએ માનથી નાગપુર યુનિવર્સિટી કોર્ટના માનવંતા સભ્ય તરીકે નીમીને તેમની યોગ્યતાનું સમુચિત બહુમાન કર્યું હતું. સદ્‌ગત રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, સદ્. ઠક્કરબાપા, રાજકુમારી અમૃત કૌર ને શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખે પણ કમલાબાઈની પ્રશંસા કરીને એમનાં કાર્યોમાં પ્રેરણા પૂરી હતી.

યશ મળ્યા છતાં કમલાબાઇને કોઈ દંભ વળગ્યો નથી, કીર્તિ અવશ્ય મળી, પણ એ કીર્તિના ભાર તળે તેઓ દબાઈ ગયાં નથી, કે નથી એમની સેવામાં ઓટ આવી. આથી જ સ્ત્રીઓના ઉત્કર્ષ માટે સદૈવ ચિંતિત રહેનાર તેમ જ બાળકોના કલ્યાણ માટે સતત પ્રવૃત્તિશીલ રહીને સેવામાં જીવન સમર્પિત કરનાર આ સન્નારીને ઈ. ૧૯૮૦માં 'જમનાલાલ બજાજ ફાઉન્ડેશન' તરફથી બહુમાન રૂપે 'જાનકીદેવી બજાજ ઍવોર્ડ' અપાયો.

કમલાબાઈ હોસ્પેટનું જીવન એ સંઘર્ષમાંથી જન્મેલી સંવાદિતાનું જીવંત કાવ્ય છે. સતત ક્રિયાશીલ આ સન્નારીનું જીવન સંન્યાસિની જેવું સાદું છે. સેવા એ એમનો જીવનમંત્ર છે. માનવ પ્રતિ પ્રેમ રાખવો એ એમનો સ્વભાવ છે. ચોરાશી વર્ષની વયે અથાકપણે સેવાનો ભેખ ધરનાર આ નારીએ સાચા અર્થમાં સમાજોત્થાનનું કાર્ય કર્યું છે. એકલે હાથે કેવળ કાર્યનિષ્ઠા પરિશ્રમ ને સમભાવનાના બળે ભગીરથ કાર્ય કરનાર આ સ્ત્રીને શક્તિના સાક્ષાત્ અવતાર સમ લેખી શકાય. દીન દુઃખી પીડિતોની એ માતા છે. નિસ્વાર્થે સેવાની તપશ્ચર્યા કરનાર આ નારી માનવતાની દેવી છે. એ કરુણાદેવી છે. સ્થિતપ્રજ્ઞ આ માનવપ્રિય નારીએ મૂકપણે કરેલાં કાર્યોની પ્રશંસા માટે પૂરતા શબ્દો મળે તેમ નથી. ઈશ્વર જેવા અલૌકિક, નિસ્વાર્થી ને નિરપેક્ષિત સેવાકર્મમાં રત રહેનાર કમલાબાઈ સાચા અર્થમાં કર્મયોગી છે. □

'સૌરાષ્ટ્રની રસધાર' પછી હવે 'સોરઠી બહારવટિયા'ની સુવર્ણ જયંતી આવૃત્તિ

ઈ. ૧૯૮૦માં ઝવેરચંદ મેઘાણીના પ્રસિદ્ધ કથાસંગ્રહ 'સૌરાષ્ટ્રની રસધાર'ની સુવર્ણ જયંતી આવૃત્તિ બહાર પડી, ને હવે 'સોરઠી બહારવટિયાની સુવર્ણ જયંતી આવૃત્તિ આવતી મેઘાણી-જયંતી(તા. ૨૮-૮-'૮૧)એ લેખકના કુટુંબ તરફથી બહાર પડી રહી છે. 'સોરઠી બહારવટિયા'ના ત્રણ ભાગ, 'દરિયાપારના બહારવટિયા' અને 'પરકમ્મા' નામનાં લગભગ ૧૧૦૦ પાનાંનાં આ પાંચ પુસ્તકોની કિંમત વર્તમાન બજાર-ધોરણે ૮૫ રૂપિયા જેટલી થાય પણ, તા. ૧૫-૮-'૮૧ સુધીમાં આગોતરા ગ્રાહક બની જનારને માત્ર ૨૫ રૂપિયામાં આ સંપુટ મળશે. સંપુટ ઘેરબેઠાં રજિ૦ ટપાલથી મેળવવા રૂ. ૩૦ પ્રકાશકને આ સાથેનાં સરનામે મોકલી શકાય છે: પ્રસાર, ૧૮૮૮ આતાભાઈ એવન્યુ, ભાવનગર ૩૬૪૦૦૨. મુંબઈમાં : (૧) મુંબઈ જૈન યુવક સંઘ, (૨) કપોળ યુવક મંડળ, (૩) નવભારત સાહિત્ય મંદિર, (૪) એન. એમ. ત્રિપાઠી લિ. અને અમદાવાદમાં : (૧) ગ્રંથાગાર, નવરંગપુરા મ્યુનિ૦ માર્કેટ સામે, (૨) ગૂર્જર સાહિત્ય ભવન, ગાંધી માર્ગ, તથા સૂરતમાં : નરેન્દ્રભાઈ ઝવેરી, ચીમનભાઈ વકીલનું મકાન, કાજી મેદાન, ગોપીપુરા. અને કલકત્તામાં : એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલ્લા સ્ટ્રીટ.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : નામ અને અર્થની વિપરીતતા

અશુભ કે અરુચિકર વસ્તુ કે ભાવને માટે શુભ કે રુચિકર શબ્દ—એટલે કે વિરુદ્ધ અર્થવાળો શબ્દ વાપરવાની પ્રથા દરેક ભાષા અને સંસ્કૃતિમાં જાણીતી છે. તે ઉપરાંત કલ્પિત વ્યુત્પત્તિને આધારે પણ અમુક શબ્દ અને તેનો અર્થ પરસ્પર વિરોધી હોવાનું બતાવતાં કેટલાંક વિનોદી જોડકણાં જાણીતાં છે. જેમ કે 'રંગી કો નારંગી કહે, ચલતી કો કહે ગાડી' વગેરે.

હમણાં આ જ પ્રકારનો એક સંસ્કૃત શ્લોક વાંચવામાં આવ્યો. શ્લેક અને તેનો અર્થ નીચે પ્રમાણે છે :

ભૌમે મંગલનામ વિષ્ટિવિષયે ભદ્રા કણાનાં ક્ષયે
વૃદ્ધિ શીતલિકેતિ તીવ્રપિટકે રાજા રજઃપર્વણિ।
મિષ્ટત્વં લવણે વિષે ચ મધુરં રૈવંટિકા (? ખા) દ્યે યથા
પાત્રત્વં ચ પણાંગનાસુ રુચિરં નામ્ના તથા નાર્થતઃ ॥

ક્રૂર ગ્રહ હોવા છતાં નામ 'મંગલ'; જ્યોતિષનું અશુભ કરણ હોવા છતાં નામ 'ભદ્રા'; દાણાના ક્ષયને 'વૃદ્ધિ' કહેવી; દાહક ફોડલાંને 'શીતળા' કહેવી: ધૂળેટીમાં કચરા ને ભંગારમાંથી બનાવેલા પૂતળાને 'રાજા' કહેવો; ખારું હોવા છતાં લવણને 'મીઠું' કહેવું; વિષને 'મધુર' કહેવું ('મધુર'નો એક અર્થ કોશમાં 'વિષ' આપેલો છે); મૂળ રેતી અર્થ ધરાવતો 'રેવડી' ખાદ્ય માટે વાપરવો અને વેશ્યાને 'પાત્ર' કહેવું (જૂના સાહિત્યમાં નાચનારી માટે 'પાત્ર', 'પાતર' શબ્દ વપરાયા છે)—આમાં મધુરતા માત્ર નામની છે, અર્થની નહિ.

હરિવલ્લભ ભાયાણી

આજનાં અદ્ભુત ઔષધો*

'બ્રોકાસ બ્રેઈન' એ કાર્લ સાગાનનું તાજેતરમાં પ્રસિદ્ધ થએલું લોકપ્રિય વૈજ્ઞાનિક પુસ્તક છે. 'બ્રોકાસ એરિયા' એ મગજનો એવો પ્રદેશ છે કે જ્યાં માનવીનાં ચિંતન-મનન ચાલે છે. સાગાન કહે છે કે વિજ્ઞાનને લોકભોગ્ય કરતું વિચારબીજ મનુષ્યના આ ભાગમાં હજુ સુધી પ્રવેશ્યું લાગતું નથી! મતલબ કે વિજ્ઞાનને પ્રચલિત કરતાં પુસ્તકોનો સારો એવો અભાવ છે. સાગાન તો કદાચ મજાક કરતા હશે, પણ આપણે ત્યાં આ વાત હકીકત લાગે છે. જ્યાં નજર દોડાવો ત્યાં નવલકથાનાં કે પછી કવિતાઓનાં પુસ્તકોના ખડકલા દેખાશે. અને વિચારવંતાં લોકસુલભ પુસ્તકો? આંગળીએ (વેઢે નહિ જ) પણ માંડ ગણાય!

નવલકથાની વાત સાથે તાજેતરમાં વાંચેલી એક ગુજરાતી કથાની યાદ આવી. સાધુ-સંન્યાસીને સમાજસુધારક બનાવતી આ નવલકથામાં પ્લેગની ગાંઠ નીકળેલા દર્દીને સાજો થતો બતાવ્યો છે! કોઇને સાપ કરડે, કથાનું મુખ્ય પાત્ર-સંન્યાસી મોંથી એનું ઝેર ચૂસે, અકસ્માતથી એ ઝેરનો ઘૂંટડો પેટમાં જાય અને સાધુ મરવા પડે. બિચારા લેખકની નહિ, માત્ર ગુજરાતી જ વાંચી શકતા વાચકની દયા આવે છે. લેખકે જાણવું જોઇએ કે સાપનું ઝેર, જો મોંમાં ચાંદાં કે કાપા ન હોય તો વાટકી ભરીને પીવાય તો પણ કાંઈ ન થાય! આવા પાયા વિનાના બિનવૈજ્ઞાનિક વિધાનો કદાચ ગુજરાતીમાં જ થઈ શકે, અને કૃતિ ઈનામ પણ લઈ જાય! વિવેચકો એક અવાજે આવી નવલકથાને વખાણે, ત્યારે સાગાનની ઉપરની વાતની પ્રતીતિ થયા વગર રહે નહિ.

આપણી ભાષામાં વિજ્ઞાન પીરસતા લેખકો કે તેવાં લખાણોને અવગણવાં હવે પરવડે નહિ. આ ક્ષેત્રે વર્ષોથી નોંધપાત્ર ફાળો આપનાર ડૉ. શિવપ્રસાદ કુ. ત્રિવેદીનું 'આજનાં અદ્ભુત ઔષધો' નામનું પુસ્તક આ દિશામાં એક સુંદર પ્રયત્ન છે. વિવિધકાળે સામયિકોમાં પ્રસિદ્ધ થએલાં એમનાં લખાણોનો આ સંગ્રહ પ્રેરણાત્મક બન્યો છે. સ્વેચ્છાએ પ્રયોગોમાં પોતાની જાતને સમર્પિત કરતા ખૂંખાર ગુનેગારો અને કેદીઓ, પોતાનાં સંતાનોને તેમ જ પોતાની જાતને અખતરામાં હોમી દેતાં ય ખચકાય નહિ તેવા વૈજ્ઞાનિકોની વાતો એમાં આલેખી છે. ઔષધોથી થતા રોગો, વનસ્પતિમાંથી પ્રાપ્ત થતી દવાઓ વગેરે જેવા વિષયો પણ બાકાત નથી રખાયા, કેટલાંક નવાં ઔષધો રહી ગયાં છે. ક્યાંક પુનરોક્તિ પણ ખટક્યા કરે છે, પણ એકંદરે લખાણ સુવાચ્ય અને માહિતીસભર બન્યું છે. નવાં ઔષધો કેવી રીતે શોધાયાં તેની કથા કહેતું આ પુસ્તક જિજ્ઞાસુ અને જ્ઞાનોત્સુક વાચક માટે પૂરતો ખોરાક બની રહેશે.

સંભવ છે કે યુનિવર્સિટી સમા પ્રકાશક અંગેની આપણી અપેક્ષાની સપાટી ઊંચી હોવાથી આવું બને, પણ અહીં સખેદ નોંધવું રહ્યું કે ડૉ. શિવપ્રસાદભાઈના સંનિષ્ઠ પ્રયાસોનો ગુજરાત યુનિવર્સિટીએ સાવ દાટ વાળી નાખ્યો છે. પ્રારંભમાં શુદ્ધિપત્રક તો છે જ, એ ઉપરાંત પણ લગભગ પાનેપાને થોકબંધ મુદ્રણ-દોષ છે, જેમાંથી અંગ્રેજી વૈજ્ઞાનિક શબ્દો પણ બાકાત નથી. ફોટોની છપાઈ તદ્દન નીચલી કક્ષાની છે. આ અંગે ઘણો વધુ ઊહાપોહ થઈ શકે, થવો જ જોઇએ. યુનિવર્સિટીના પોતાના પ્રકાશન અંગે ચીવટની અપેક્ષા રહે જ. અલબત્ત, આ પ્રકાશન અંગે આમ સાવ હતોત્સાહ થઈ જવાની જરૂર નથી. આશ્વાસન લેવા જેવી બે બાબત છે: પુસ્તકનું માહિતીપ્રદ સશક્ત લખાણ અને એની ઓછી કિંમત, જે પુસ્તકની ઢંગધડા વગરની સજાવટ અને અઢળક છાપ-ભૂલની ક્ષતિને કાંઈક અંશે હળવી બનાવે છે.

—ડૉ સુશ્રુત પટેલ

* લેખક. ડૉ. શિવપ્રસાદ કુ. ત્રિવેદી, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, કિં. રૂ. ૧૦. સચિત્ર.

આવકાર

આર. આર. શેઠની કં.
મુંબઈ–૨ • અમદાવાદ–૧

નામરૂપ : લે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ. પૃ. ૧૫૯, પાકું પૂઠું, રૂ. ૧૪.

મોહનિશા : લે. પિનાકિન દવે. પૃ. ૨૩૪, પાકું પૂઠું, રૂ. ૨૪.

પંચપુરાણ : લે. રઘુવીર ચૌધરી. પૃ. ૧૫૬, પાકું પૂઠું, રૂ. ૨૫.

લોહીનો બદલાતો રંગ : લે. વીઠ્ઠલ પંડ્યા. પૃ. ૨૯૧, પાકું પૂઠું, રૂ. ૨૭-૭૫.

વાસંતી : લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૩૧૬, પાકું પૂઠું, રૂ. ૨૫.

પંખીનો મેળો (પુનર્મુદ્રણ) : લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૩૭૩, પાકું પૂઠું, રૂ. ૩૦.

આભ રુવે એની નવલખ ધારે (પુનર્મુદ્રણ) ભાગ–૧ : લે. શિવકુમાર જોશી. પૃ. ૪૩૨, પાકું પૂઠું, રૂ. ૩૫.

આભ રુવે એની નવલખ ધારે (પુનર્મુદ્રણ) ભાગ–૨ : લે. ઉપર મુજબ. પૃ. ૩૦૨, પાકું પૂઠું, રૂ. ૨૫.

સંધ્યાદીપ (પુનર્મુદ્રણ) : લે. વિ. સ.

ખાંડેકર. પૃ. ૩૧૫, પાકું પૂઠું, રૂ. ૨૫.

દશ્યફલક : લે. ઉત્પલ ભાયાણી. પૃ. ૩૧૬, પાકું પૂઠું, રૂ. ૩૦.

સોનેરી સ્વપ્નાં : અનુ. ગોપાળરાવ વિદ્વાંસ. પૃ. ૨૧૯, પાકું પૂઠું, રૂ. ૨૧.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદ-૧

ભૈરવી : લે. કે. જે. મહેતા. પૃ. ૧૫૨, કાચું પૂઠું, રૂ. ૫.

મહત્ત્વાકાંક્ષા અને તેની સિદ્ધિ : લે. સ્વ. પંડિત જગન્નાથ પ્રભાશંકર. પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૩.

ગૃહજીવનની તેજછાયા : પૃ. ૧૪૬, કાચું પૂઠું, રૂ. ૪.

કુમકુમ પ્રકાશન

ગાંધી રોડ, અમદાવાદ

ગિજુભાઈ (પુ. ૧) : પૃ. ૩૨
જયભિખ્ખુ (પુ. ૨) : પૃ. ૩૨
રમણલાલ શાહ (પુ. ૩) : પૃ. ૩૨
રમણલાલ સોની (પુ. ૪) : પૃ. ૩૨
હરીશ નાયક (પુ. ૫) : પૃ. ૨૪
શિવમ્ સુંદરમ્ (પુ. ૬) : પૃ. ૨૪
ધીરજલાલ ગજ્જર (પુ. ૭) : પૃ. ૪૫
કુમારપાલ દેસાઈ (પુ. ૮) : પૃ. ૩૨
યશવંત મહેતા (પુ. ૯) : પૃ. ૨૮
ધનંજય શાહ (પુ. ૧૦) : પૃ. ૩૬.

દરેકના સંપાદક : ધીરજલાલ ગજ્જર. દરેકનું કાચું પૂઠું, દરેકની કિંમત રૂ. ૨-૫૦.

નવભારત સાહિત્ય મંદિર

ગાંધી રોડ, અમદાવાદ-૧ • મુંબઈ-૨

રાજરાણી : લે. રસિક મહેતા. પૃ. ૩૧૯, પાકું પૂઠું, રૂ. ૨૫.

સુખનાં પગલાં સાત : લે. ચંદુલાલ સેલારકા. પૃ. ૧૭૦, પાકું પૂઠું, રૂ. ૧૫.

વાર્તાવિશ્વ : સં. અમૃતલાલ યાજ્ઞિક અને જયા મહેતા. પૃ. ૨૫૯, પાકું, રૂ. ૨૦.

સૂરજ ધીમા તપો : લે. દિનકર જોશી. પૃ. ૨૦૬, પાકું પૂઠું, રૂ. ૧૮.

સૂણી સૂણી ને ફૂટયા કાન : લે. ડૉ. અજય કોઠારી, પૃ. ૧૯૫, પાકું પૂઠું, રૂ. ૧૫.

શરાબી : લે. છગન ભૈયા. પૃ. ૧૫૫, કાચું પૂઠું, રૂ. ૧૨-૫૦.

સફરનાં સંભારણાં (પુનર્મુદ્રણ) : લે. રસિક ઝવેરી. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૭.

સાવજનું અપમાન : લે. કનૈયાલાલ રામાનુજ. પૃ. ૧૧૧, કાચું પૂઠું, રૂ. ૧૦.

પીપરમીંટના પહાડ ઉપર : લે. સુરેશ દલાલ. કાચું પૂઠું, રૂ. ૭.

બખડજંતર : લે. સુરેશ દલાલ. પૃ. ૪૭, કાચું પૂઠું, રૂ. ૫.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રોડ, અમદાવાદ

પાળિયા બોલે છે : લે. મનસુખ એચ. સ્વામી. પૃ. ૧૬૦, પાકું પૂઠું, રૂ. ૧૩.

અપંગ નહિ અશક્ત (ભાગ ૧ થી ૫) : લે. યશવંત મહેતા. કાચું, સેટના રૂ. ૧૯.

આઇવેન હો (પુ. ૧) : લે. ઉપર મુજબ. પૃ. ૬૮, કાચું પૂઠું, રૂ. ૫-૨૫.

લોહગજ (પુ. ૨) : લે. ઉપર મુજબ. પૃ. ૬૮, કાચું પૂઠું, રૂ. ૫-૨૫.

ડૉન કિહોટે (પુ. ૩) : લે. ઉપર મુજબ. પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૬.

બિન હૂર (પુ. ૪) : લે. ઉપર મુજબ. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૪-૫૦.

પ્રસંગકથાઓ (ભાગ ૧ થી ૪, પુનર્મુદ્રણ) : લે. ધૂમકેતુ. સેટના રૂ. ૩૦.

નવા નાકે દિવાળી : લે. જોરાવરસિંહ જાદવ. પૃ. ૧૨૨, પાકું પૂઠું, રૂ. ૨૭.

અન્ય પ્રકાશનો

ગપ્પાંગાડી : લે. સુધીર દેસાઈ. પ્ર૦ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. પૃ. ૩૪, કાચું પૂઠું, રૂ. ૨-૨૫.

મારો આસપાસનો રસ્તો : લે. સુરેશ દલાલ. પ્ર૦ વોરા ઍન્ડ કંપની, ગાંધી રોડ, અમદાવાદ-૧. પૃ. ૧૬૦, કાચું પૂઠું, રૂ. ૨૦.

અવકાશ-વિજ્ઞાન (ભાગ-૧) : લે. ડૉ. પરંતપ પાઠક અને ડૉ. પ્રમોદ અંગ્રેજી. પ્ર૦ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬. પૃ. ૭૦, કાચું પૂઠું, રૂ. ૩-૭૫.

હરદ્વારમાં ગંગાજીની પ્રસાદી : લે. અમૃતલાલ યાજ્ઞિક. પ્ર૦ કિશન ગોરાડિયા, ૩ નવજીવન કો. ઓ. સો. મુંબઈ-૮. પૃ. ૫૦, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

દિશા : સં. શોભિત દેસાઈ. પ્ર૦ પુસ્તિકા મહાશય હાઉસ, ૧લે માળે, શાન્તાકુંજ, મુંબઈ-૫૫. પૃ. ૬૬, કાચું પૂઠું, રૂ. ૧૨.

અરે : લે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૫૮, કાચું પૂઠું, રૂ. ૧૦.

યોગેશ્વર શ્રીકૃષ્ણ : સં. અમૃતલાલ યાજ્ઞિક. પ્ર૦ દુલેરાય મહેતા, બ્લ્યુ ગાર્ડન, મુંબઈ-૨૬. પૃ. ૨૧૫, કાચું પૂઠું, રૂ. ૨૦.

જેલઑફિસની બારી : લે. ઝવેરચંદ મેઘાણી. પ્ર૦ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર. પૃ. ૧૪૬, કાચું પૂઠું, રૂ. ૭.

રક્તકણ : લે. હિંમત ખાટસુરિયા. પ્ર૦ વિશ્વક્રાન્તિ પ્રકાશન, રાણીકા, ભાવનગર. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૫.

મનસા : લે. કૃપાશંકર જાની. પ્ર૦ આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, અમદાવાદ. પૃ. ૫૨, કાચું પૂઠું, રૂ. ૬-૫૦.

મારું જીવનવૃત્ત : લે. પંડિત સુખલાલજી. સં. દલસુખભાઈ માલવણિયા. પ્ર૦ પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨. પૃ. ૨૪૮, પાકું, રૂ. ૨૫.

હરિજનોની સમસ્યા (પરિચય પુસ્તિકા ૫૩૫) : લે. મોરારજી દેસાઈ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

પોલૅન્ડનો બળવો (પ. પુ. ૫૩૬) : લે. રોહિત દવે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

શ્રીમદ્ લોકભાગવત (ભાગ ૧-૨) : લે. નાનાભાઈ ભટ્ટ. પ્ર૦ પરિતોષ પ્રકાશન, ભાવનગર. પાકું પૂઠું, સેટના રૂ. ૪૫.

ગીત બધાં ગમતીલાં : લે. નરશીભાઈ પ્રજાપતિ. પ્ર૦ ગુર્જર પ્રકાશન, જોટાણા. પૃ. ૫૬, કાચું પૂઠું,

ટ્રસ્ટીશિપ : સં. ભોગીલાલ ગાંધી. પ્ર૦ વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા. પૃ. ૨૨૪, કાચું પૂઠું, રૂ. ૨૦.

પત્રલેખા : લે. અને પ્ર. રાજેન્દ્ર શાહ. મહેતા પોળ, કપડવણજ. પૃ. ૮૦, કાચું, રૂ. ૮.

વિન્યાસ : લે. કિશોરસિંહ સોલંકી. પ્ર૦ ગીરાબેન સોલંકી. સરદાર પોળ, મહુધા. પૃ. ૬૨, કાચું પૂઠું, રૂ. ૧૦.

વિચાર જગુનો વેશ : લે. ભદ્રકાન્ત ઝવેરી. પ્ર૦ અનાગત, કીર્તિ બિલ્ડિંગ, ૩જા માળે, ૩૧ વી. બી. ગાંધી માર્ગ, મુંબઈ-૨૩. પૃ. ૪૦, કાચું પૂઠું, રૂ. ૫-૫૦.

લઘુકથા-સ્પર્ધા

'મુદ્રા' (અમરેલી)એ શ્રી અમરેલી જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિમિ.ના સહયોગથી લગભગ ૨૫૦ શબ્દોની મર્યાદામાં તથા નવી અને અપ્રકટ લઘુકથાઓની આ સ્પર્ધાનું આયોજન કર્યું છે. આ માટે આવેલી કૃતિઓમાંથી 'મુદ્રાંકન'ના સંપાદકોએ ચૂંટેલી ૨૫ લઘુકથાઓ 'મુદ્રાંકન'ના દિવાળી-વિશેષાંકમાં પ્રકટ થશે, ને તેના પચ્ચીસે લેખકો દ્વારા જ કરાવેલી પસંદગી પ્રમાણે તેમાંથી પ્રથમ ત્રણ ઉત્તમને અનુક્રમે રૂ. ૧૦૧, રૂ. ૫૧ ને રૂ. ૨૫ તથા બાકીની ૨૨ કૃતિઓને પ્રોત્સાહન પુરસ્કાર રૂપે રૂ. ૧૦ અપાશે. ઉપરાંત આ પચ્ચીસે લેખકોને 'અમરેલ્લીલ્લીલ્લી' પુસ્તક ભેટ અપાશે. તા. ૩૧-૮-'૮૧ સુધીમાં લઘુકથા મળી જવી જરૂરી છે. સંપાદક, 'મુદ્રાંકન', પોસ્ટ બૉક્સ નં. ૪૬, અમરેલી-૩૬૪૬૦૧.

કલાવાર્તા


કલાકાર વજુભાઈ ભગત

ઈ. ૧૯૪૩માં મુંબઈની સુખ્યાત કલાશાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં મેં ચિત્રકળાનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે ભારતીય કલાપરંપરા અને આધુનિક કલાના પ્રવાહ-પગરણનો પરિચય આપી પોતાની માફક આગવી સૂઝસમજથી કામ કરવાની અમને પ્રેરણા આપનાર વજુભાઈ ભગતની યાદ આજે યે મારા મનમાં એટલી જ તાજી છે. એ સમયે તેઓ ત્યાં ફેલૉ હતા. સરળ અને સહજ ભાવ તથા સાદા પોષાકમાં શોભતા એમના વ્યક્તિત્વને એમના ઊંડા કલાભ્યાસથી એક અનેરો ઓપ મળતો હતો.

પશ્ચિમી પદ્ધતિથી કલાશિક્ષણ આપતી એ કલા-મહાશાળાના એક આચાર્ય ગ્લેડસ્ટન સૉલોમને ભારતીય કલા અને તેની શિક્ષા-પ્રણાલિને પણ કલાશાળામાં સ્થાન આપીને ભારતીય કલા-સંસ્કારના સાચા પ્રતિનિધિ સમા શ્રી જગન્નાથ અહિવાસીજીને તે કલા-વર્ગોનું સંચાલન સોંપ્યું હતું. રાષ્ટ્રોત્થાનનો એ કાળ હતો. ભારતીયતા પ્રતિ એક નવજાગૃતિ પ્રકટી રહી હતી અને તેમાં ચિત્રકલા-ક્ષેત્રે પોતાના અગાધ જ્ઞાન, આગવી શિક્ષા-પદ્ધતિ તથા પોતાનાં ચિત્રસર્જનો વડે અહિવાસીજી આપણા કલાવારસાનો સાચો પરિચય ને પ્રેરણા આપતા હતા. વજુભાઈ તેમાં પોતાનો આગવો સાથ આપતા હતા.


વજુભાઇ ભારતીય કળાપરંપરાના પુનરુત્થાન-કાળના એક અગ્રગણ્ય કલાકાર છે. એ કાળે કેટલાક યુવાન કલાકારો પશ્ચિમની કલાથી પ્રભાવિત થઇને કાલ્પનિક અને પૌરાણિક ચિત્રવિષયોનો ત્યાગ કરીને નવી રીતે પ્રથમ જલરંગમાં અને પછી તૈલરંગના માધ્યમમાં કામ કરતા હતા, ત્યારે વજુભાઈ જેવા કેટલાક કલાકારો ભારતની પરંપરાગત ચિત્રકલાનું અધ્યયન કરીને ભારતીય દર્શન ને આદર્શોની ઊંડી સમજ કેળવીને પોતાની આગવી રીતે ચિત્રાંકન કરવા પ્રયત્નશીલ હતા. એમના કલાવર્ગમાં વિદ્યાર્થીની આંતરિક શક્તિ અને પ્રતિભા ભારતીય પરિવેશમાં પ્રકટ થતી. ત્યાં સંસ્કૃત, હિન્દી અને વ્રજભાષામાં ભારતીય સાહિત્ય, શિલ્પ, નૃત્ય-નાટક અને ચિત્રસૂત્રોના શાસ્ત્રીય પક્ષનું વિશ્લેષણ થતું, અવારનવાર એ અંગે વ્યાખ્યાનો પ્રયોજાતાં એને વાતાવરણમાં પ્રતિભાસંપન્ન યુવાન કલાકારોનું ઘડતર થતું.

વજુભાઇએ દરેક ભારતીય ચિત્રશૈલીનો વિગતવાર ઊંડો અભ્યાસ કર્યો છે. પરંતુ એને વળગી ન રહેતાં એમણે એમાંના ભારતીય તત્ત્વને જાળવી રાખીને પોતાનાં ચિત્ર સર્જનોમાં જે આગવી શૈલી અપનાવી છે તેનાથી એમનાં ચિત્રો એમની સ્વતંત્ર પ્રતિભાની નવી ભાત પાડે છે. ભારતીય રંગ, રેખા અને ચિત્રસંયોજનના હાર્દને તેમણે પોતાનાં ચિત્રોમાં સફળતાપૂર્વક ઉતાર્યાં છે.





'કલાકાર કોઈ વ્યક્તિવિશેષ નથી પરંતુ પ્રત્યેક વ્યક્તિ વિશિષ્ટ પ્રકારની કલાકાર હોય છે.' ડૉ. આનંદ કુમારસ્વામીના આ વિધાન પાછળ પ્રત્યેક કલાકારનો કલા પરત્વેનો પ્રતિભાવ વિશિષ્ટ પ્રકારનો ગણાય એવું અભિપ્રેત છે. કલાકૃતિને બુદ્ધિપૂર્વક માણવી કે મૂલવવી હોય તો સૌ પ્રથમ સર્જકની દૃષ્ટિએ કૃતિને અનુભવવી જોઇએ. વજુભાઈનું ચિત્રસર્જન એ એમનો નિજાનંદ છે. એમના ચિત્રવિષયો સચોટ અને શોભનાત્મક હોય છે. તેમાં કોઈ ખાસ સંદેશ આપવાની ભાવના નથી. 'માથેરાનના મજૂર બાળકો'ના આ બાજુના ચિત્રમાં જોનારને સૌ પ્રથમ આકર્ષે છે ચિત્રિત બાળકોની આંખો. એ વિસ્ફારિત આંખોમાં માથેરાન આવતા પ્રવાસીઓમાં દેખાતી નગર સંસ્કૃતિ પ્રત્યેનું વિસ્મય ને કુતૂહલ જોવા મળે છે.▷


આ અંકના મુખચિત્ર તથા પૂઠા પરના ચિત્ર પરથી પણ એમની ચિત્રશૈલી તથા એમના ચિત્રવિષયના વૈવિધ્યનો પરિચય મળે છે.



▽ પોતાને જે ગમે, આકર્ષક લાગે તે ભલે સાદું સરળ હોય પણ વજુભાઇએ તેને ચિત્રાંકિત કર્યું છે. પલાંઠી વાળી હુક્કો ગગડાવતા ગગડાવતા ભજનિકોને સાંભળતા પિતાને આલેખવામાં એમણે સૌરાષ્ટ્રનાં ભીંતચિત્રોની શૈલીને સુંદર રીતે પ્રયોજી છે. જીવનની યાદગાર પળોને જે રીતે માણી તે રીતે તેમણે પોતાની કૃતિઓમાં રજૂ કરી છે.







△ અનંત સાથે એકરાગ △

◁ આશ્રય

ક્ષુલ્લક ગણાઇને પાણીમાં ફેંકાઈ ગએલી ચીજોને પણ અંતે કિનારે આશ્રય મળ્યો છે એ ભાવ વજુભાઇએ ઉપરના ડાબી તરફના ચિત્રમાં બહુ સરળતાથી વ્યક્ત કર્યો છે. જમણી તરફના ચિત્રમાં શાંત પ્રકૃતિ સાથે તાદાત્મ્ય અનુભવતાં પાત્રોને સરળતાથી છતાં સુંદર રીતે સંયોજીને પર્સ્પેક્ટિવના ઉપયોગ વિના પણ ચિત્રમાં સફળતાપૂર્વક ઊંડાણ દર્શાવીને પ્રકૃતિના વ્યાપ તથા પરમ શાંત વાતાવરણને પ્રકટ કર્યાં છે.

એમની દૃષ્ટિ વેધક છે. એમના ચિત્રવિષયો પણ નવા, ચિત્રોનું રેખાંકન પણ સજીવ અને ચિત્રના રંગો પણ ચિત્ર વિષયને અનુરૂપ. આ એમની વિશેષતા છે. સૌમ્ય રેખાઓ એમની શાંત પ્રકૃતિનો, તો ચિત્રસંયોજન એમની કલાસૂઝનો પરિચય આપે છે. માનવપાત્રો, મકાનો, વૃક્ષો કે પશુપક્ષીઓને તેઓ ન તો અતિ અલંકૃત શૈલીમાં કે ન તો બિલકુલ વાસ્તવિક રીતે પણ તદ્દન સાદગીભરી સરળ રીતે સહજપણે આલેખે છે. છતાં યે બહુધા દ્વિપરિમાણયુક્ત એમના ચિત્રાંકનો સપાટ નથી લાગતાં એ એમની ચિત્રકામની વિશિષ્ટતા છે. ભારતીય ચિત્રાંકન પ્રણાલિના ચાહક વજુભાઇને ભારતીય લોકકળામાં જોવા મળતા દ્વિપરિમાણયુક્ત આલેખનમાં વિશેષ સાહજિકતા લાગે છે. એમની ભારતીય પરંપરાનુકૂળ ચિત્રશૈલીની પ્રશંસા કરતાં શ્રી નંદલાલ બોઝ જેવા પીઢ કલાકારે કહ્યું છે: 'શ્રી ભગત એક સમર્થ કલાકાર છે. તેઓ પોતાની વિશિષ્ટ ભારતીય શૈલીમાં સર્જન કરે છે અને તેમણે આધુનિક ચિત્રવિષયોને સફળતાપૂર્વક સ્વદેશી શૈલીમાં ચિત્રિત કર્યાં છે.' આમ, એમની કલાપ્રતિભામાં મૌલિકતા પણ જોવા મળે છે.

તેઓ માને છે કે ચિત્રકળા એક નિજી કળા છે અને તે આત્મલક્ષી તથા વસ્તુલક્ષી ઉભય છે. તેઓ માત્રસ્થૂલઅનુકરણમાં કે માનવઆકૃતિના નિરૂપણમાં શરીરરચના-નિયમોના ચુસ્ત પાલનમાં નથી માનતા. આમ છતાં, આકાર સાદૃશ્ય અને સૌષ્ઠવના પાયાના સિદ્ધાંતોથી તેઓ ચલિત થતા નથી. વિશિષ્ટ કહી શકાય તેવા કલાજગતના યથાર્થ દૃશ્યોને જ આધાર માનવાના બદલે મનોવિશ્વમાં પ્રતિબિંબિત મૂળ સ્થૂલ પ્રત્યક્ષ દૃશ્યોનાં કલ્પનોને આધાર માનીને તેઓ ચિત્રસર્જન કરે છે, અને એને જ તેઓ ખરી કલા માને છે. એમની સર્જનપ્રક્રિયાના આ રહસ્યને લક્ષમાં લઇને જ ભાવક એમનાં ચિત્રોનો આસ્વાદ લઈ શકે. અને તો એમની ચિત્રકૃતિઓની સ્થૂલ વિગતોમાં ભાવકને સર્જકની દૃષ્ટિનો, તેની વિભાવનાનો સંસ્પર્શ તે અનુભવી શકે.

તાજેતરમાં જ મુંબઇની જહાંગીર આર્ટ ગૅલેરીમાંએમનાં ચિત્રોનું એક પ્રદર્શન યોજાયું હતું. ભારતની આધુનિક ચિત્રકળાના ઉત્થાન કાળનું એ એક દસ્તાવેજી પ્રમાણ બની રહ્યું. છેલ્લા ચારેક દાયકાના ગાળામાં એમણે કરેલાં આગવી શૈલીનાં એ ચિત્રોમાં રંગ રેખા અને વિષય-વૈવિધ્યનું એક અનોખું નિરૂપણ પ્રકટ થતું હતું. અહીં તથા આ અંકમાં અન્યત્ર એમાંની થોડી કૃતિઓ રજૂ કરી છે.

કવિ 'કલાપિ'થી જેને ખ્યાતિ મળી છે એ, સૌરાષ્ટ્રના લાઠી ગામમાં ઈ. ૧૯૧૫માં વજુભાઇનો જન્મ. પિતા ધનજીભાઈ ભગતને રાજકુટુંબ સાથે નીકટનો ઘરોબો હતો ને તેઓ રાજઝવેરી તરીકે ઓળખાતા. એમના પાંચ પુત્રોમાં વજુભાઈ ચોથા. મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં કલાનો અભ્યાસ કરી એમણે એ જ શાળામાં વધુ એક વર્ષ મ્યુરલ ડેકોરેશનના વિષયની વિશેષ તાલીમ લીધી. અને પછીના વર્ષે ૧૯૪૪માં ત્યાં ફૅલૉ તરીકે રહ્યા. ૧૯૪૬–'૪૭માં એમણે ત્યાંના સાંજના કલાવર્ગોમાં અધ્યાપન કાર્ય પણ કર્યું. આ દરમિયાન તો એમની કલાપ્રતિભા મુંબઈ, અમદાવાદ, દિલ્હી અને લંડનની બર્લિંગ્ટન આર્ટ ગૅલેરીના ભારતીય કલાના પ્રદર્શનમાં તથા અમેરિકામાં પણ પ્રદર્શિત થઈ ચૂકી હતી. ભારતના પાર્લામેન્ટ ભવનમાં પણ એમના મ્યુરલને સ્થાન મળ્યું છે. બૉમ્બે આર્ટ સોસાએટીના આજીવન સભ્ય હોવા ઉપરાંત એમણે તેના કોષાધ્યક્ષ અને મંત્રી તરીકે પણ કામ કરેલું છે. આર્ટ સોસાએટી ઑવ ઇંડિયાના પણ તેઓ આજીવન સભ્ય છે. આ બંને સંસ્થાઓની જજિંગ કમિટીઓમાં પણ તેમણે વર્ષો સુધી સેવા આપી છે. મુંબઈની મ્યૂઝિયમ સોસાએટી તથા 'સંકલ્પના'ના તો તેઓ સ્થાપક સભ્ય છે. મુંબઈની ખ્યાત જહાંગીર આર્ટ ગૅલેરીની સિલેક્શનકમિટીમાં પણતેમણે વર્ષો સુધી કામ કરેલું છે તે તેની ગૅલેરી કમિટીના સભ્યપદે પણ તેઓ રહી ચૂક્યાછે. ઑલ ઇંડિયા હૅન્ડિક્રાફ્ટ્સ બોર્ડના 'પાઇલૉટ પ્રોડક્શન સેન્ટર ફૉર ટૉયઝ'ની સલાહકાર સમિતિમાં યે તેમણે વર્ષો સુધી સેવા આપી છે. ઈ. ૧૯૭૦–'૭૩માં તેઓ 'અભિનવ કલા-કેન્દ્ર' તથા 'આર્ટ સોસા૦ ઑવ ઇંડિયા'ના પ્રમુખપદે પણ રહ્યા હતા. ૧૯૭૯માં તેઓ 'ધ નેશનલ સેન્ટર ફૉર પર્ફૉર્મિંગ આર્ટ્સ'ના સભ્ય પણ હતા. પણ આ બધી કલાપ્રવૃત્તિ છતાં એમનું ચિત્રસર્જન છેલ્લા ઘણા વખતથી સમયના અભાવે મંદ પડી ગયું હતું. પરંતુ વ્યાવસાયિક રોકાણોમાં વ્યસ્ત હોવા છતાં એમના કલાપ્રેમમાં જરા પણ ઓટ આવી નહોતી. હવે આજ ૬૬ વર્ષની વયે વ્યાવસાયિક નિવૃત્તિ લઇને એમણે પોતાના ચિત્રપ્રદર્શન સાથે કલાજગતમાં પુનઃપ્રવેશ કર્યો છે. એમની આગવી કલાદૃષ્ટિ સાથે તેઓ નવા કલાસંદર્ભો અને અભિનવ કલાવલણો સાથે સંવાદ સાધી મહત્ત્વપૂર્ણ કલાકૃતિઓ આપશે જ એવી શ્રદ્ધા છે.

વાસુદેવ સ્માર્ત

અનુસંધાન] મોનાનું ખૂન [પૃષ્ઠ ૧૮૦થી

મિત્ર કસ્ટમ ઇન્સ્પેક્ટર મિ. કદમને કામમાં લેવા પડશે. પણ તે પહેલાં મોનાના ખૂન બદલ આ રોહતગીને આકરી સજા ભોગવવી પડશે.'

'પણ રોહતગીને તું કયા આધારે ખૂની ગણે છે?'

'અમે, એટલે કે હું અને મારા માણસો ઘણા સમયથી તેની હિલચાલ પર નજર રાખી રહ્યા છીએ. એની આવનજાવનનાં બધાં સ્થળે મારા માણસો મેં ગોઠવેલા છે. કાલે રાતે પણ હું તેની પાછળ હતો. મોનાના ફ્લૅટવાળા મકાનમાં જતો એને મેં દૂરથી જોએલો. પાછા ફરતાં એણે આ ખોખું પાસેના દરિયામાં ફેંકતાં પણ મેં એને જોયો હતો. એ પછી ટૅક્સી કરીને એ વી. ટી. સ્ટેશને ગયો. અત્યારે એ ત્યાંની તિલક હોટેલમાં આરામ કરતો હશે. તમે નોંધ કરી લો ઇન્સ્પેક્ટર, તેણે જે ટૅક્સી કરેલી તેનો નંબર છે એમ આર એચ ૬૫૩૪. આ સાક્ષી તમને કામ લાગશે.

કાર્તિકે પોતાની ડાયરીમાં એ નંબર નોંધી લીધો. શર્વિલકે વાત આગળ ચલાવી. 'જેમાં આ ચાકુ વીંટયું છે એ શેરબજારના ભાવોનું પાનું છે. ખૂનીની પાસે એ પાનું હોય તે પરથી માની શકાય કે તેને શેર-સટ્ટામાં રસ હોવો જોઈએ. વળી આ પાના પર એક ખૂણે જે આંકડા લખેલા છે તે મોનાના ફ્લૅટનો ટેલિફોન નંબર છે. આ ચાકુ ચોરબજારમાંની 'હાતિમતાઈ' દુકાનેથી ખરીદેલું છે. તેના ઉપર કોરેલું 'હાતિમતાઈ'નું નામ કાનસથી ઘસી નાખેલું છે, પણ તેના ઉપર ઍસિડ લગાડીને તે સ્પષ્ટ વાંચી શકાશે. ભારે દાબ આપીને ધાતુ પર પાડેલી છાપવાળો ભાગ ઍસિડમાં ઝટ ખવાઈ જતો નથી એ તો તમે જાણો છો. વળી, આ 'હાતિમતાઇ'નો માલિક મહમદ શેઠ પણ રોહતગીને ઓળખી બતાવશે.'

કાર્તિકને તો અત્યારે શર્વિલક જ હાતિમતાઈ જેવો લાગતો હતો. ચિત્રગુપ્તની જેમ તેની પાસે બધાની નોંધ હતી.

'અને કાર્તિક સાહેબ, આ જે ખોખામાં રોહતગીએ ચાકુવાળું પડીકું મૂકયું છે તે ખોખું પણ તેણે ત્યાંની ઇરાની હોટેલમાંથી મેળવેલું છે. એમાં એ મોનાને માટે પેસ્ટ્રી લઇ ગએલો. મોના પેસ્ટ્રીની શોખીન હતી અને રાતે ડાન્સ પતાવ્યા પછી કૉફી સાથે પેસ્ટ્રી ખાવાની તેને આદત હતી. એ હોટેલનો માલિક પણ રોહતગીને ઓળખી બતાવશે. રોહતગી ત્રણેક માસથી અહીંની મૅજેસ્ટિક હોટેલમાં ઊતર્યો છે. શેરસટ્ટાનો એ ખેલાડી છે. કાલે સવારે પૂના જવા માટે મૅજેસ્ટિક હોટેલમાંથી જ એણે ટિકિટ બૂક કરાવી હતી જો કે આ એલિબાઈ બહુ ટકે તેવી નથી. પૂના જવા ગાડીમાં બેઠા પછી એ કલ્યાણ ઊતરી જાય ને ત્યાંથી ટૅક્સી કરીને એ પાછો મુંબઈ આવીને પોતાનું કામ પતાવી શકે એ તો સમજી શકાય તેવું છે. અને એણે એમ જ કરેલું. જે ટૅક્સીમાં એ આ રીતે પાછો મુંબઈ આવેલો તેનો નંબર પણ નોંધી લો—એમ આર એચ ૩૭૫૪. આ ટૅક્સીનો ડ્રાયવર પણ તમને કામ લાગશે. રોહતગીની પાછળ મારા ઘણા માણસો મેં લગાડેલા છે એટલે જ આટલી બધી વિગતો હું મેળવી શક્યો છું.

'મોનાને એણે પ્રેમમાં ફસાવી હતી. તમે રોહતગીને મળશો ત્યારે જોશો કે એના મોહક અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી એ કામ સરળ હતું.' આ કહેતાંકહેતાં શર્વિલકના દાંત ભીંસાઈ જતા હતા એ કાર્તિકે જોયું. શર્વિલકે આગળ ચલાવ્યું, 'આ ખોખું—એણે કરેલા ખૂનનો પુરાવો, એણે તો દરિયામાં ફેંકેલું, પણ એ જઈ પડયું નીચે ઊભેલી એક હોડીમાં. હવે આ ખોખું લઇને એ હોડીવાળો રહેમાન તમારી ઑફિસે એક-દોઢ કલાકમાં આવશે. હું થોડીવાર પછી એને આ સોંપી દઈશ. બસ, હાલ તુરત તો હું આટલી મદદ કરી શકું તેમ છું. તમારા ડીવાય સાહેબ મિ. પાંડે રોહતગીના પક્ષમાં છે એ ખયાલમાં રાખજો.'

એ જ વખતે ફ્લૅટની બહારથી કોઈએ મોંએથી વગાડેલી ધીમી સીટી સંભળાઈ. શર્વિલકે એકદમ બધું સમેટવા માંડયું. ત્યાં એકાએક કંઈ યાદ આવતાં ખિસ્સામાંથી એક કવર કાઢી કાર્તિકને આપતાં કહ્યું, 'આમાં બનાવટી મૂછ છે. મોનાને ત્યાં જતી વખતે રોહતગીએ તે લગાડેલી. લાઇનઅપમાં તમને કામ લાગશે.' અને પછી ટેબલ પર પડેલી કાર્તિકની પિસ્તોલ ઉઠાવી લઈ અંદરના રૂમમાં પેસતાં કહેતો ગયો. 'કંઈ જરૂર પડે તો અઠવાડિયા પછી આ જ જગ્યાએ મળજો—પણ એકલા જ આવજો, નહિ તો ધક્કો થશે.' અને તેણે સામેના રૂમમાં પેસી જઈ અંદરથી બારણું વાસી દીધું. પોતાની પિસ્તોલ જાય એ કાર્તિક માટે પ્રતિષ્ઠાનો સવાલ હતો, પણ શર્વિલક માત્ર પોતાના બચાવ ખાતર તે લઈ ગયો હશે એમ તેણે માની લીધું.

પાંચેક મિનિટમાં તો બારણું ખુલ્યું. કાર્તિકને શોધતો સખારામ ત્યાં આવી પહોંચ્યો હતો. એને સાથે લઈ કાર્તિક નીચે દોડયો. મકાનની બહાર કયાંય કોઈ દેખાયું નહિ. સામે જ એમની જીપ પડી હતી ત્યાં પહોંચતાં કાર્તિકે સીટ ઉપર પોતાની પિસ્તોલ પડેલી જોઈ. તુરત તે ઝડપી લઈ ખોલીને નજર કરી લીધી. અંદર બધા કારતૂસ સલામત હતા. શર્વિલકે કાર્તિકની પ્રતિષ્ઠાનો ખયાલ રાખ્યો હતો. સખારામે જીપ ચાલુ કરી. આજુબાજુની ગલીઓ તરફ એમણે ગાડીને ઘુમાવી, પણ શર્વિલક કે તેનો કોઈ માણસ નજરે ચડયો નહિ.

કાર્તિકે જે રેસ્ટોરાં અને પાનની દુકાન પાસે શર્વિલકના પેલા બે પાકીટચોર અટકયા હતા ત્યાં એમના વિષે પૂછપરછ કરી. કાર્તિકે આપેલા વર્ણન પરથી પાનવાળો તેમને ઓળખી ગયો. તેણે કહ્યું કે એમનાં નામની તો એને ખબર નહોતી પણ એ એમને દીઠે ઓળખતો હતો. છેલ્લા કેટલાક સમયથી તેઓ ત્યાં ચા-પાણી ને પાન-સિગારેટ માટે કયારેક આવતા હતા. કાર્તિકે પેલા મકાન વિષે પણ પૂછી જોયું. વનેચંદ ગાલા નામના જૅકબ સર્કલ પરના એક દુકાનદારનું એ મકાન હતું. વનેચંદને ત્યાં પૂછતાં તેણે કહ્યું કે મકાન બહુ જૂનું હોઈ હાલમાં ત્યાં બહુ ઓછા ભાડુઆતો હતા, અને એથી એણે મરામત અને રંગકામ કરાવવા માંડયું હતું. એ મકાનનો આખો ચોથો માળ કોઈ એક મહનિકા શર્માના નામે ભાડે રખાયો હતો, અને તેનું છ માસનું ભાડું અગાઉથી આવી ગયું હતું. જો કે ત્યાં દિવસે ખાસ કોઈ રહેતું નહોતું. પણ કેટલીક વાર કેટલાક માણસો રાતભર સૂવા માટે ત્યાં આવતા. ત્યાં જે થોડુંઘણું ફર્નિચર હતું તે પણ વનેચંદનું હતું.

હવે વિશેષ કંઈ જાણવા મળે તેવું ન લાગતાં કાર્તિકે જીપને ઑફિસ તરફ લેવરાવી. પણ એ મકાનમાં આવતાજતા માણસો પર નજર રાખવાની વ્યવસ્થા કરવાનું તેણે નક્કી કરી લીધું. રસ્તામાં એણે સખારામને પૂછયું કે એ એની પાછળ છેક એ મકાન સુધી કઈ રીતે આવી પહોંચ્યો હતો.

'આપને માટે સિગારેટ લઇને પીઠ ફેરવી ત્યાં મેં આપને કોઇની પાછળ દોડી જતા જોયા એટલે હું પણ આપની પાછળ દોડયો. પણ પછી આપ દેખાયા જ નહિ. અંતે આસપાસ તપાસ કરતો હું પેલી રેસ્ટોરાં પાસે પહોંચી ગયો. ત્યાં પાનવાળાએ કહ્યું કે એણે આપને એ મકાનમાં દોડી જતા જોયા હતા. એટલે તેમાં પેઠો. અંદર પેસતાં જ મકાનની હાલત જોઈ સમજી ગયો કે જે કંઈ હશે તે અહીં જ હશે. સાવધાની રાખી હું આગળ વધતો હતો ત્યાં કોઇએ ધીમી સીટી મારી. હું સમજી ગયો કે એ રીતે મારા આગમનની કોઇએ ચેતવણી આપી હતી. એ સીટીના અવાજના અંદાજે પછી હું સીધો ઉપર જ ચડી આવ્યો, ને ત્યાં આપ મળી ગયા.'

'તું પગપાળો આવેલો? તો પછી આ જીપ કોણ લાવ્યું?'

'હું તો નહોતો જ લાવ્યો. જરૂર કોઈક મૂકી ગયું લાગે છે.'

'હં. એ એનું જ કામ!' કાર્તિક મનોમન શર્વિલકની પ્રશંસા કરી રહ્યો. એક સાથે એ કેટલી બધી બાબતોનો ખયાલ રાખતો હતો. પણ એથી તો એ વધુ ખતરનાક હતો. શું એ ખરેખર મોનાના ખૂનનું વેર લેવા એને મદદ કરી રહ્યો હતો ? એ કામ તો એ પોતે પણ પતાવી શક્યો હોત. પોલીસને—એટલે કે એક રીતે તો પોતાને જ મદદ કરવા પાછળ શર્વિલકને કોઈ સબળ કારણ પણ હશે જ. ખેર, આગળ ઉપર જોયું જશે. પણ આ કેસમાં બરાબર સજાગ પણ રહેવું પડશે.

ઑફિસમાં પ્રવેશતાં કાર્તિકે જોયું કે તેનો સહાયક રાઠોડ કોઈનું બયાન લઈ રહ્યો હતો. થોડી વાર પહેલાં જોએલું પેલું ખોખું પણ કાર્તિકે રાઠોડના ટેબલ પર પડેલું જોયું. પેલા મકાન આસપાસમાં પોતાને પૂછતાછ કરવામાં જે સમય ગયો તેટલામાં તો શર્વિલકે કહ્યા પ્રમાણે આ કામ પતાવી નાખ્યું હતું.

'સર!' કાર્તિકને જોતાં રાઠોડે ઊભા થઈ સૅલ્યૂટ કરતાં કહ્યું, 'આ આદમી એક પુરાવો લઇને આવ્યો છે. કહે છે આમાં એક લોહીવાળું ચાકુ છે જે કદાચ ખૂન માટે વપરાયું હશે. એ ચાકુ કદાચ...'

રાઠોડને બોલતો અટકાવતાં કાર્તિકે કહ્યું, 'તમે પૂરો રિપોર્ટ તૈયાર કરો. અને મિ. ચિટનીસ આવે તો તુરત મારી પાસે મોકલો. આ આદમીને પણ રોકજો. કદાચ મારે એનું કામ પડશે.'

પોતાની કૅબિનમાં જઈ કાર્તિકે ઑપરેટરને ફ્રેટ ટૅક્સી સર્વિસને ફોન જોડવા કહ્યું. લાઈન મળતાં તેણે શર્વિલકે નોંધાવેલા બંને નંબરની ટૅક્સીના ડ્રાઈવરો આવે ત્યારે કોલાબા પોલીસ સ્ટેશને રિપોર્ટ કરવા સૂચના આપી. પછી તેણે રાઠોડ પાસે રિપોર્ટ લખાવતા આદમીને અંદર બોલાવ્યો.

'તારું નામ ?' 'રહેમાન'.

આ પુરાવાનું ખોખું લઇને તું વહેલો કેમ ન આવ્યો ?'

'સા'બ, એક ફેરો મળી જતાં હું હોડી લઇને ઊરણ ગયો હતો. ત્યાંથી પાછા આવીને તુરત અહીં આવ્યો છું.'

'ખોખામાં શું છે એ તેં કઈ રીતે જાણ્યું ?'

'સા'બ, હું તો હોડી લઈ કોઈ ફેરો મળે તો તેની રાહ જોતો બેઠો હતો ત્યાં ઉપરથી આ ખોખું મારી હોડીમાં આવી પડયું. ખોલીને જોયું તો અંદર કાગળમાં વીંટેલું એક લોહીવાળું ચાકુ હતું. મને થયું કે સવારે અહીં આવી આપને સોંપી દઉં, કદાચ આપને કામ લાગે. પણ પછી ઊરણ જવાનો ફેરો મળ્યો. મારી પાસે એ તરફ જવાનો પરવાનો પણ છે, સા'બ. ત્યાંથી પાછા આવીને સીધો અહીં આવ્યો છું.'

'તું જૂઠું બોલે છે. આ ખોખું તને કોઇએ આપેલું છે.' કાર્તિકે અવાજ કડક કરી કહ્યું.

'ખુદા ખેર કરે, સા'બ.' રહેમાને હિંમતથી કહ્યું : 'આપ તપાસ કરી જુઓ. હું નાનજી શાહનો ફેરો લઇને વહેલો ગએલો અને હમણાં જ પાછો આવ્યો છું તેની આપને ખાતરી થઈ જશે.'

'તારા હાથ અડવાથી એ ચાકુ ઉપરથી ખૂનીના આંગળાની છાપ પણ કદાચ ભૂંસાઈ ગઈ હશે. અને કદાચ તેં પોતે પણ ખૂન કર્યું હોય!'


'સા'બ, અકબર ડોસાએ બરાબર કહ્યું હતું કે ડહાપણ કર્યા વિના બધું પાણીમાં ફેંકી દે અને ચૂપચાપ બેસી'રે, નહિ તો નાહક ફસાઈ જઈશ. પણ સા'બ, હું આપને થોડાઘણા પહેચાનું છું. આપ ભલા છો એટલે મેં હિંમત કરી...'

'અચ્છા, જા. બહાર બધું બરાબર લખાવીને તારી સહી કે અંગૂઠો પાડીને જજે.' ઈન્સ્પેક્ટરને લાગ્યું કે શર્વિલકની જમાતના આ માણસ પાસેથી વિશેષ કંઈ જાણવા નહિ મળે. છતાં એણે રહેમાનના ગયા પછી તેના પર નજર રાખવાની સૂચના આપી દીધી.

થોડી વાર પછી ચિટનીસ આવ્યો. કાર્તિકે તેને મોના વિષે મળે તેટલી માહિતી એકઠી કરવા મોકલ્યો હતો. સૅલ્યૂટ કરી એણે પોતાનો અહેવાલ આપવા માંડયો : 'સર, મોના અહીં છએક માસથી આવી હતી. 'રેડ રૂહાઈન'માં એ કૅબરે કરતી હતી. ચાલુ ડાન્સે એ એક પછી એક પોતાનાં કપડાં ઉતારતી જઈ લોકોને લટ્ટુ બનાવતી. અને નાચતાં નાચતાં એ એક દુપટ્ટો એવી રીતે ચગાવતી કે એ ધારે એટલા ભાગનું જ શરીર દેખાય અને બાકીનું દુપટ્ટાથી ઢંકાતું રહે. એનો એ દુપટ્ટો પણ બધું આરપાર દેખાય એટલા પાતળા કપડાનો સ્પેશીઅલ રહેતો. અને છતાં એના બે છેડાનો ભાગ બેવડો-તેવડો વાળીને સીવેલો રાખતી, જેની આરપાર કંઈ દેખાય નહિ. વળી, એ છેડા પર પુષ્કળ સિતારા ટાંકેલા રાખતી. એ છેડા ઉલાળવાની એની કળા એટલી અફલાતુન હતી કે તેની પાછળ એ પોતાનું બદન દેખાવા ન દેતી. આ દુપટ્ટાને એ કાયમ પોતાની પાસે જ રાખતી હતી. ઘણા લોકો એના કૅબરે પર ફિદા હતા, અને કેટલાક તો તે જોવાના આદી બની ગયા હતા. છેલ્લા કેટલાક સમયથી બાબુલાલ રોહતગી નામનો એક આદમી લખનૌથી આવીને મૅજેસ્ટિક હોટેલમાં રહે છે તે આ મોનાનો બડો આશિક છે. મોનાને એ

શતરંજના કોયડાઓ

એ માસના અંકમાં હવે પછી આ લેખમાળામાં વાચકો શું પસંદ કરશે તે બાબત અભિપ્રાય માગ્યો હતો. તેના જે કેટલાક જવાબો આવ્યા છે, તેમાં બે ચાલવાળા કોયડા, રમતમાં આવતી રસમય સ્થિતિ અને વચ્ચે-વચ્ચે ક્યારેક એકાદ 'fairy' આવે તેવી ઇચ્છાઓ વ્યક્ત થઈ છે. આ મુજબ હવેના અંકોમાં આપણે બે ચાલવાળા થોડા કોયડા જોઈશું. શરૂઆત એક ટચૂકડા (સાત યા તેથી ઓછાં મહોરાંવાળા –Miniature) કોયડાથી કરીએ.



A. Miskolczy
White to play aud mate in two moves

આ કોયડામાં ચાવીની ચાલ પછી કાળો રાજા તેની આસપાસનાં આઠ ખાનાંમાંથી ચાર ત્રાંસી ચાલે આવતાં ચાર કાળા ખાનાં ઉપર જઈ શકે છે. આવી ચાર ચાલને Star flight કહે છે. (બીજાં ચાર સફેદ ખાનાં પર જવાનું હોત તો તે Plus-flight કહેવાત.)

ચાવીની ચાલ : 1. P–N4 waiting move. ધમકી : નથી.

વિકલ્પો :

1..., K–R5, 2B–K7

1..., K–B5, 2Q–B5

1..., K–B3, 2Q–K7

1..., K–R3, 2B–K3.

ફક્ત છ મહોરાંવાળા આ ટચુકડા કોયડામાં પણ Star flight મહોરાની જુદીજુદી રચનાવાળા ચાર મ્હાત અને તે પણ બધા model mate! ૭૦ વર્ષ જૂનો આ કોયડો આજે ય એટલો જ સુંદર લાગે તેમાં નવાઈ નથી.

—સુરેશ મોદી

ઘર આંગણનો બગીચો

તે અંગે માસવાર માર્ગદર્શન આપતી ઉપયોગી લેખમાળા

લેખક બાગાયાત-નિષ્ણાત **અમીલાલ ઢાંકી**

વર્ષાનો આરંભ એટલે જવારાથી માંડી ખેતરમાં વાવણી કરવાનો સમય. આજકાલ વધતી જતી હાઉસિંગ સોસાએટીઓમાં બનાવેલાં પોતાનાં નવાં ઘરનાં આંગણાંમાં સ્વાભાવિક જ સૌને કંઇ ને કંઇ ઉગાડવાની ઇચ્છા થાય. અને આ કંઇ અઘરું કામ પણ નથી. લગન હોય અને સમજપૂર્વક થોડી મહેનત કરવાથી તથા કાળજીપૂર્વક દેખરેખ રાખવાથી સૌ કોઇ પોતાના આંગણાને રળિયામણું બનાવી શકે. અહીં એ માટે માસવાર માર્ગદર્શક સૂચનો આપવાનો પ્રયાસ છે. આમ કરતાં, ફૂલછોડથી આંગણ દીપી ઊઠશે અને જાતે ઉગાડેલાં ઘર પૂરતાં શાકભાજીનો લાભ મળશે.

આ માટે પ્રાથમિક તૈયારીમાં જમીનને–એટલે કે જ્યાં કંઇ ઉગાડવા ધાર્યું હોય તે ભાગની જમીનને એકાદ ફૂટ ઊંડી ખોદી તેમાંથી નીકળતા કાંકરા-પથરા, ઘાસનાં જડિયાં વગેરે કચરો કાઢી નાખીને ખોદેલી માટી ચોખ્ખી કરી નાખવી. જો આ માટી ચીકણી હોય તો તેમાં નદીની રેતી કે કાંપ ભેળવવો. જો લાલ માટી હોય તો તેમાં રેતી ભેળવવાની જરૂર નથી. જો જમીન ખારવાળી હોય તો તેમાં ચીરોડીનો ભૂકો ભેળવવો. જમીનના ક્ષારને એ શોષી લઇને તેને વાવેતરને યોગ્ય બનાવશે. જો ઊધઇનો ઉપદ્રવ હોય તો જમીનમાં પ્રથમ ગૅમેક્સિન પાઉડર છાંટી પછી તેના ઉપર માટી ભરવી.

આ રીતે ખોદીને તૈયાર કરેલી માટીને ખાડામાં સમથળ કરી તેના ઉપર સારા સડી ગએલા છાણિયા ખાતરનો બેએક આંગળ જાડો થર પાથરવો. ઘેટાં-બકરાંની લીંડીનો ભૂકો પણ તેમાં ઉમેરી શકાય, અથવા શહેરના સુએઝ ફાર્મ કે એવા કોઇ સ્થળેથી મેળવેલું તૈયાર કૉમ્પોસ્ટ ખાતર પણ વાપરી શકાય. આ ખાતરના થરને પછી પાવડા વડે ખાડામાંની માટી સાથે બરાબર ભેળવી દેવો. ઢેફાં વગેરે હોય તો તેને પણ ભાંગીને ભૂકો કરી નાખવાં. અને પુનઃ બધું સમથળ કરી નાખવું. કોઇ પણ છોડ રોપવા માટેની આ પ્રાથમિક તૈયારી થઇ.

આ તૈયાર ખાડા કે ક્યારામાં આ ઋતુમાં દીવાલની બાજુના ભાગમાં બબ્બે ફૂટને અંતરે તૂરિયાં, કારેલાં, ચોળી, ગલકાં વગેરેનાં બીજ રોપી શકાય. આ બીજ એકાદ ઇંચથી વધુ ઊંડાં રોપવાં નહિ. બીજ રોપ્યા પછી તેના ઉપર પાણી પાવું. આ શાકના વેલા ચડશે, એટલે એમને જમીન પર પથરાવાને બદલે ઉપર તરફ ચડવા માટે દીવાલ પાસે કાથીની દોરી બાંધવાની વ્યવસ્થા રાખવી. કારેલાં સિવાયનાં બીજ તો આઠ-દસ દિવસમાં ઊગી નીકળશે અને પછી જેમજેમ તે વધતાં જશે તેમતેમ તે આધાર માટે બાંધેલી દોરી કે તારને વીંટળાતા જઇ ઉપર ચડવા લાગશે. આથી જગ્યાનો બચાવ થઇ તે ભાગમાં બીજાં શાક પણ ઉગાડી શકાશે. આ બીજાં શાકમાં ગુવાર, ભીંડો વગેરેનાં તો સીધાં બીજ રોપી શકાશે. આ રીતે સીધાં રોપી શકાતાં બીને રોપતાં પહેલાં જરા વાર તડકામાં રાખીને પછી એકએક ફૂટને અંતરે રોપવાં.

રીંગણ, મરચાં, ટમાટાં, વહેલી તૈયાર થતી કૉબિજ અને ફૂલકૉબિજના પ્રથમ રોપ તૈયાર કરવા પડે છે. આ માટે ઉપર કહ્યા પ્રમાણે એક જુદો જ નાનો ક્યારો બનાવવો અને તેમાં જે તે શાકનાં બી આછાં આછાં વાવી દેવાં. એ ઊગીને જ્યારે ચાર પાંચ ઈંચ ઊંચા રોપ તૈયાર થાય ત્યારે પાણી છાંટીને હળવે હાથે તેને મૂળ સાથે ઉપાડી લઇને તેને માટે તૈયાર રાખેલા ક્યારાઓમાં સવા ફૂટને અંતરે રોપવા અને રોપ ઊભો રહે તેમ હળવે હાથે આજુબાજુની માટી દબાવી દેવી. આ કામ હમેશાં સાંજના વખતે જ કરવું. રોપ રોપીને તેના ઉપર પાણી આપવું.

શાકભાજીનાં બી બજારમાં તૈયાર મળે છે. ખેતીવાડી ખાતા પાસેથી પણ બહુ નજીવી કિંમતે તે મળી શકે છે. આ જ રીતે ફૂલછોડનાં બીનાં પણ તૈયાર પડીકાં બજારમાં મળે છે.

ફૂલછોડમાં હાલ તનમનિયાં (બાલસમ)નાં બી છ–છ ઈંચના અંતરે સીધાં વાવી શકાય છે. ઝિનીઆ, ગલગોટા (મેરીગોલ્ડ), જાફરાન (ગેલાર્ડિયા)ના પ્રથમ રોપ તૈયાર કરવા. આ માટે તેનાં બી જાતવાર અલગઅલગ છાંટી દઇ ઉપર માટી વાળી દઇ સમથળ કરી દેવું. બી રોપીને ઉપર પાણી આપવું. એકાદ અઠવાડિયામાં એ ઊગી નીકળશે અને હાલ તેને અનુકૂળ ઋતુ હોઇ ઝડપથી વધવા લાગશે. આ રોપ પાંચેક ઈંચ લાંબા થાય ત્યારે તેને માટે વિચારેલી જગ્યાએ સાંજના સમયે એકેક ફૂટને અંતરે રોપી દેવા અને ઉપર પાણી આપવું.

ફૂલછોડનાં બીનાં તૈયાર મળતાં પડીકાં ઉપર જે તે ફૂલનાં સુંદર રંગીન ચિત્રો પણ હોય છે. તેથી ઋતુ અનુસારનાં ફૂલો પસંદ કરવામાં ઘણી અનુકૂળતા રહે છે.

આ મહિને આટલી તૈયારી બસ છે. વરસાદ ન હોય ત્યારે દરેક છોડને નિયમિત દરરોજ પાણી પાવું. આવતા મહિને આપણે આ આંગણના બગીચાની માવજત વગેરે, તથા એ કાળે વાવવા યોગ્ય છોડ વગેરે વિષે વધુ જોઇશું. (ક્રમશઃ)

ઘણી વાર મળતો હતો. એ રોહતગી શેઠના નામે જાણીતો છે. મોના પણ ઘણી વાર તેની સાથે બહાર જતી હતી. રોહતગી પૂના ગયો છે.'

'અચ્છા, મોના અંગે બીજું કંઈ જાણવા મળ્યું છે?'

'જી. એક ફ્લોર-શોના તેને એક હજાર મળતા હતા. એ કદી ડ્રિંક્સ લેતી નહોતી. પાન ખાવાની તેને આદત હતી. 'રેડ રૂહાઈન'ના પારસી માલિક રાંદેરિયાની માલિકીના મકાન 'પરીજાદ'માં, જ્યાં તેનું ખૂન થયું, એ ફ્લૅટમાં જ એ રહેતી હતી. એ માળ ઉપર બે જ ફ્લૅટ છે. એ તો આપ જાણો છો. બીજા ફ્લૅટમાં એક મિ. ઝવેરી રહે છે. એ પણ એકલો જ છે. ફૉર્ટમાં એની ઘડિયાળની મોટી દુકાન છે. કાલે મોડી રાતે એ ઘેર આવ્યો ત્યારે ઉપરથી એક અજાણ્યા માણસને ઊતરતો જોએલો. એ માણસના ચહેરા પર મૂછ હતી અને એણે માથે હૅટ પહેરેલી. રાતના રિપોર્ટમાં એણે એ લખાવ્યું છે. સાંભળવા મળ્યું છે કે મોના પર એની નજર પણ હતી, પણ એ એને દાદ આપતી નહોતી.'

'તમે રિપોર્ટ તૈયાર કરીને આપી દેજો, અને મિ. ઝવેરીને પણ જીપમાં અહીં લઇ આવો.'

આમાંથી પરવારી કાર્તિકે તે દિવસનાં છાપાં ઉથલાવવાં માંડ્યાં. મોનાની છબીઓ તથા તેના પરિચય અને તેની કારકિર્દી વગેરેની વિગતોથી એ ભરેલાં હતાં. કાબેલ ઇન્સ્પેક્ટર કાર્તિક ખૂનની તપાસ ચલાવે છે તે પણ છાપવાનું તેઓ વિસર્યા નહોતા.

બપોર પછીનાં છાપાંમાં પોસ્ટમોર્ટમનો રિપોર્ટ પણ છપાયો. મોનાને પ્રથમ ગૂંગળાવીને બેહોશ કરી પછી તેના પર ચાકુ ચલાવવામાં આવ્યું હતું. એ ચાકુ પોલીસે હાથ કર્યું હોવાના ખબર પણ હતા અને આ ઉપરાંત, મોનાના શબનો કોઇ કબજો લેવા આવે તો તેની પાસેથી પણ કંઇક જાણવા મળે એ આશયથી ઈન્સ્પેક્ટર કાર્તિકે શબને વધુ ચોવીસ કલાક સુધી સાચવી રાખવામાં આવશે એવી જાહેરાત પણ તેમાં પ્રકટ કરાવી હતી.

બીજે દિવસે સવારે પૂનાથી તાર આવ્યો. મોનાના અપમૃત્યુ અંગે દુઃખ વ્યક્ત કરવા સાથે પોતાની એ ગાઢ મિત્ર હોવાના દાવે બાબુલાલ રોહતગીએ એના શબને અવલમંજલ પહોંચાડવાની પોતાની ઇચ્છા તેમાં જણાવી હતી.

ઇન્સ્પેક્ટરે એ તાર પાંડે સાહેબને બતાવ્યો અને રોહતગીને શબ સોંપવા માટે પરવાનગી માગી. પાંડેજીએ અરજદાર સાથે મરનારને કોઇ સગપણ ન હોઇ શબ આપવાની ના પાડી. કાર્તિક સમજી ગયો, પણ એ નાઇલાજ હતો. છતાં તેણે પાંડે સાહેબની સૂચના મુજબ શબના અંતિમ સંસ્કાર જેવાં કામ કરતી સેવા સમિતિને જાણ કરીને મોનાના શબની ઘટિત ક્રિયા કરવા માટે સંપર્ક સાધવાનું કામ જરા ઢીલમાં નાખ્યું. બપોરે ત્રણેક વાગ્યે બાબુલાલ રોહતગી પૂનાથી આવી ગયો. કાતકે તેના ચહેરા પર શર્વિલકે આપેલી મૂછ કલ્પીને તથા અન્ય સાહેદોએ આપેલાં વર્ણન સાથે સરખાવીને તેનું મનોમન નિરીક્ષણ કરી લીધું, અને શબ સોંપવા માટે પોતાને પરવાનગી મળી નથી તે જણાવ્યું. બાબુલાલે શબ મેળવવા માટે ઘણી રકઝક કરી અને અંતે છેક આલોક સાહેબ પાસે પહોંચી જઇને એ પરવાનગી લઇ આવ્યો. જાણે અગાઉથી પૂરતી તૈયારી કરી રાખી હોય તેમ તેણે મોનાની શબયાત્રા કાઢી. સામાન્યતઃ આવે વખતે હોય તે કરતાં વધુ માણસો તેમાં જોવા મળ્યા. અનેક ફોટો પણ લેવાયા અને મોનાના મોતથી રોહતગી શેઠને કેટલો કારમો આઘાત લાગ્યો છે તથા પોતાની એ મિત્રને માટે એને કેટલી બધી ખેવના છે તેની વાતો પણ થવા લાગી. છુપાવેશે ડાઘુઓ સાથે ભળી ગએલો કાતક મનોમન આ બધાંની નોંધ લઇ રહ્યો હતો. કાર્તિકે એ પણ જોયું કે પોતાની માફક શર્વિલક પણ સ્મશાનમાં આવ્યો હતો. ધીરેધીરે બંને જણ એકબીજાની નજીક આવી ગયા. બહુ ધીમા અવાજે કાર્તિકે તેને કહ્યું : 'તેં મને ઘણી મદદ કરી દોસ્ત, પણ બાબુલાલને પકડવા માટેના બધા પુરાવા સાંયોગિક છે.'

'કેમ ? તમે બપોરે એને પોલીસ સ્ટેશનમાં ફેન્ટા પાઇ હતી તે બાટલી ઉપરથી એના આંગળાની છાપ પણ લીધી જ હશેને ? મોનાના કમરામાંથી પણ એવી છાપ મળી હશે.'

પણ એ બંને તો મિત્રો હતાં. મોનાને ત્યાં તો એ અવારનવાર આવતો, એટલે એનાં આંગળાંની છાપ ત્યાંથી મળે એ સ્વાભાવિક છે વળી, એણે ખૂન કર્યું હોય તો શા માટે કર્યું તે પણ શોધવું પડશે ને ? એ વિના એને પકડવો પણ મુશ્કેલ પડશે.' અને એકઠા થએલા સંખ્યાબંધ માણસો બતાવતાં કાર્તિકે ઉમેર્યું : 'અને આ જો, મોના માટે એ જે લાગણી બતાવી રહ્યો છે તેના આ બધા સાક્ષી છે, આ સૌમાં અત્યારે બાબુલાલ પ્રત્યે હમદર્દી દેખાય છે.' પણ કાર્તિકે જોયું કે શર્વિલકની આંખોમાં એથી તદ્દન વિપરીત ભાવ હતો.

'તમે એને શબ સોંપ્યું જ શા માટે ? પાંડે સાહેબે તો ના પાડી હતી.'

'એ અંગે હું લાચાર હતો. બાબુલાલ છેક ઉપરથી પરવાનગી લઇ આવ્યો હતો.' અને પછી ઉમેર્યું, 'મને તો એમ હતું કે મદનિકા ખાતર પણ કદાચ આ ફરજ તું જ બજાવશે.'

'હું એ ન કરી શકું. તમે જાણો છો હું દિલ્હીની જેલમાંથી નાસીને આવ્યો છું ?'

કાર્તિક આ સાંભળી ચમકી ગયો. પણ ચૂપ રહ્યો. શર્વિલક તેને એક તરફ દોરી જતાં બોલ્યો: 'આ બાજુ આવો, કદાચ કંઇક જાણવા મળશે.'

એ તરફ કોઇ બે જણ ધીમે સાદે વાતો કરી રહ્યા હતા. કાન એ તરફ અને નજર બીજી તરફ રાખી બંને જણ પેલાઓની નજીક જઇ શકાય તેટલા નજીક જઇને ઊભા.

'સો ચૂહા મારકે બિલ્લી તીરથ કરને ચલી !' એક જણ બોલતો હતો, બળતી ચિતા તરફ નિર્દેશ કરી તેણે કહ્યું, 'આનો ઉપયોગ ન રહ્યો એટલે એને પતાવી નાખી અને હવે સતો થઇને આંસુ પાડે છે.'

'તે પેલી યે ક્યાં કમ હતી ?' બીજો બોલ્યો, 'એનું મોં યે પહોળું થતું જતું હતું. હવે તો એ વધુ ને વધુ કમિશન માગવા લાગી હતી. અને માગે જ ને ? કેટલી સીફતથી એ બધો માલ સરકાવી લાવતી'તી ! પેલી હીરાની માળા તો એ હિંમતથી પહેરીને ફરતી, પણ આ એની પાસેથી એ હાથ કરી શકતો નહોતો.'

'પણ એ માળા માટે આ એનું ખૂન કરે નહિ. અને એ રીતે માળા હાથ કરે તો પછી એના નિકાલનો સવાલ પણ ઊભો થાયને ?'

'એ તો કદાચ એણે કંઇ ગોઠવણ કરી યે હોય. એ પણ કંઇ કાચો ખેલાડી નથી. પણ જો આને એણે જ પતાવી હશે તો બૉસ આને છોડશે નહિ એ નક્કી.'

'ખેર, છોડ એ વાત. કોઈક સાંભળી જશે તો મુશ્કેલી થશે.' પછી એકઠા થએલા લોકો પર નજર ફેરવતાં એ બોલ્યો, 'બાકી આ યે હતી તો ફટકો.' અને શર્વિલકને રૂમાલમાં પોતાનું મોં છુપાવીને ઊભેલો જોઇ એ તરફ ઇશારો કરતાં બોલ્યો, 'જો આ યે કોક એનો આશિક જ લાગે છે. પોતાની જ સગલી મરી ગઇ હોય એમ રોવા બેઠો છે.'

'હશે કોઇ દિલફેંક.' બીજાએ અભિપ્રાય આપતાં કહ્યું, 'એવા તો એણે કંઈકને ઘાયલ કર્યા હતા. અહીં નહિ આવ્યા હોય તો ઘેર સોગ પાળીને બેઠા હશે.'

'કેમ ? હવે તો ખૂનનો હેતુ સમજાઇ ગયોને ?' શર્વિલકે કાર્તિકને ત્યાંથી દૂર લઇ જતાં પૂછ્યું. 'હવે બાબુલાલની તલાશી લો. કદાચ એને ત્યાંથી પેલી માળા મળી આવે.' અને પછી એ દૂર સરકી ગયો. (ચાલુ)

કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન ઈનામી નિબંધ સ્પર્ધા

'આધુનિક માનવસંદર્ભમાં ધારક બળ તરીકે ધર્મ' તથા 'સામાજિક વિકાસ માટે આંદોલનો અનિવાર્ય છે ?' તે વિષે ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સૂરત અને વલસાડ જિલ્લાનો કોઈ પણ વતની આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. ગુજરાતી, હિન્દી અને મરાઠી આ ત્રણમાંની કોઈ પણ એક ભાષામાં, ફૂલસ્કેપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે, ઓછામાં ઓછા દસ હજાર અને વધુમાં વધુ પચીસ હજાર શબ્દોની મર્યાદામાં તા. ૩૧-૧-૧૯૮૨ સુધીમાં, અધ્યક્ષ, ગુજરાતી, ફેકલ્ટી ઑવ આર્ટ્સ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા-૩૯૦ ૦૦૨, એ સરનામે નિબંધ મોકલવો. પારિતોષિક દરેક સ્પર્ધા દીઠ રૂ. ૧૦૦૦ (એક હજાર)

શ્રી દિલીપકુમાર રાય સાહિત્ય-સંપુટ

ભારતના સંસ્કાર-પુરુષ, શ્રી અરવિંદના શિષ્ય – શ્રી દિલીપકુમાર રાયના ત્રણ ગ્રંથો '(૧) ચમત્કારો આજે પણ બને છે, (૨) યોગમાર્ગના પ્રવાસી : શ્રી કૃષ્ણપ્રેમ, (૩) અનંતના યાત્રીઓ'નું, પુનર્મુદ્રણ થઈ રહ્યું છે અને તે ત્રણે ગ્રંથો તા. ૧૫-૮-'૮૧ સુધીમાં ગ્રાહક થનારને માત્ર રૂ. ૪૦-૦૦માં ઘેર બેઠા મળશે. દશ કે તેથી વધુ સંપુટ મંગાવનારે સંપુટ દીઠ રૂ. ૩૬-૦૦ મોકલવા. પ્રકાશન બાદ સંપુટની કિંમત રૂા. ૯૦-૦૦ રહેશે. આગોતરી રકમ મોકલવાનું સરનામું : વોરા ઍન્ડ કં. 'ગાંધી ચેમ્બર્સ', ગાંધી માર્ગ, અમદાવાદ-૧, ટે. નં. ૩૮૧૬૧૫.



ઉત્ક્રાંતિવાદાનુસાર વામન ક્રમશઃ દ્વિપાદ મનુષ્યના આગમનના પ્રતીક રૂપ છે. વિષ્ણુભક્ત પ્રહ્લાદના ધાર્મિક મનોવૃત્તિવાળા પૌત્ર બલિ પાસે વામનાવતાર વિષ્ણુએ માત્ર ત્રણ પાદ ભૂમિ માગીને સમગ્ર પૃથ્વી ગ્રહીને, બલિને પાતાળમાં ધકેલી દીધો એવી આખ્યાયિકા છે.

'ઋગ્વેદ'ના પ્રથમ મંડલ, સૂક્ત ૧૫૪માં વિષ્ણુના પરાક્રમ દ્વારા વર્ણિત સ્તુતિમાં વિષ્ણુએ ત્રણ ડગલાં ભર્યાંનું સૂચન છે. એ ઘટના પુરાણકાળમાં વિસ્તરિત બનીને એના વામનાવતાર રૂપે ખ્યાત થઈ છે. વસ્તુતઃ 'ઋગ્વેદ'ની સ્તુતિમાંના ત્રિપાદ દ્વારા વામનાવતારનું સૂચન હોવાનું માનવું એ અવતાર વિભાવનાને પ્રાચીનકાલીન ઠેરવવાનો અહોભાવ છે. વાસ્તવમાં બલિ દૈત્ય હોઈ દેવોને એનું રાજત્વ-પ્રભુત્વ માન્ય નહોતું. આથી ધાર્મિકવૃત્તિવાળા બલિ પાસેથી એના રાજ્યવિસ્તારમાંના સંભવતઃ આદિ-મધ્ય-અન્તના સ્વઃ, ભુવઃ ને ભૂ નામના રાજ્યવિસ્તારો માગીને બલિને છેક તલપ્રદેશ (સંભવતઃ દક્ષિણમાં ક્યાંક)નો નિવાસત બનાવ્યો. 'ઋગ્વેદ'માં સત્-ચિત્-આનન્દના અર્થમાં સૂચિત ત્રિપાદ પૌરાણિક સાહિત્યમાં કવિકલ્પનાએ જુદાં જ રૂપે અભિવ્યક્તિ પામેલો છે.

વામન સ્વયં વિષ્ણુ નથી, પરંતુ બારઆદિત્યો પૈકીના એક અથવા આદિત્યપુત્ર હોવાનું જણાય છે. સ્પષ્ટતઃ વામન ઐતિહાસિક વ્યક્તિ હતા. ભાસના 'દૂતવાક્યમ્'માં

'त्रिचरणातिक्रान्त त्रिलोको नारायणः'

વામનાવતારની સ્તુતિ છે. 'અભિષેક'માં રામને વામન રૂપે ગણીને એમનું સ્તવન કર્યું છે. ઠીંગણા કદયુક્ત વામનની મૂર્તિ મહદ્અંશે દ્વિભુજ, ઊભી, યજ્ઞોપવિતધારી હોય છે. —પ્ર. રાવલ



મધુકરી

ખરો હું! ખંખેરું, નિજ ઉપરની ધૂળ હળવે,
રખે મેલાં થાયે, તન ઉપરનાં વસ્ત્ર ઊજળાં!
પછી છાને રે'તા મન ઉપરનો મેલ મણનો,
ખરે ના સ્હેજે એ, રજ રજ કરી જાય ચડતો!

—ભરત પાલ

એસ. કે. પોટ્ટેક્કાટ

પ્રતિ વર્ષ સાહિત્યની ઉત્તમ કૃતિ માટે અપાતો જ્ઞાનપીઠ પુરસ્કાર આ વર્ષે આત્મચરિતાત્મક નવલકથા 'ઓરુ દેસાથીન્તે કથા' માટે મલયાલમ સાહિત્યકાર એસ. કે. પોટ્ટેક્કાટને એનાયત થયો છે.

અડસઠ વર્ષના એસ. કે. પોટ્ટેક્કાટનો જન્મ ૧૪ માર્ચ, ૧૯૧૩માં કાલીકટમાં થયો હતો. એ જ એમનું વતન. ફરવું-રખડવું એ એમનો બાળપણથી નિજી શોખ છે. બલકે એ જ એમની મુખ્યતયા જીવનપ્રવૃત્તિ રહી છે. વ્યસનની જેમ પ્રવાસ એમને વળગ્યો છે. બાળપણમાં એક વાર છાનામાના એ મૈસુરની સફરે ઊપડી ગયેલા. ઈ. ૧૯૩૪માં વીસ વર્ષની વયે મેંગલોરથી સ્ટીમર દ્વારા મુંબઈની યાત્રા કરેલી. રસ્તામાં બૅગ-પાકીટ ચોરાઇ જતાં પિતા પાસેથી પૈસા મંગાવ્યા બાદ ઘેર પાછા ફરી શકેલા. ઇ. ૧૯૩૯માં મુંબઇમાં સ્થિર થવાની ઇચ્છાથી ગયા, પરંતુ નવ માસ રહીને ભારતની મુસાફરી કરી. મુસાફરી પૂરી થયે વતન કાલીકટ પહોંચ્યા. પરંતુ ત્યાં કંઇ ફાવ્યું નહિ. કશુંક જોવું-નવું જોવું એવી જિજ્ઞાસાએ પુનઃ મુંબઇ પ્રયાણ કર્યું. ટેક્સ્ટાઇલ કમિશનરની ઑફિસમાં ક્લાર્ક તરીકેની નોકરી મળી ગઈ. તે સ્વીકારી. મુંબઇમાં ત્યારે રાષ્ટ્રીય ચળવળની પ્રવૃત્તિ ધમધમતી હતી, અને એમનું મન તે લડત પ્રતિ ખેંચાતું હતું. અંતે એમણે પણ એ ચળવળમાં ઝંપલાવ્યું અને જેલ ભોગવી. જેલમાંથી છૂટ્યા બાદ ઇ. ૧૯૪૪માં ત્રીસ વર્ષની વયે સાહિત્યિક પ્રવૃત્તિ કરવાની મનીષાએ ટેક્સ્ટાઇલ કમિશનરની ઑફિસમાંની નોકરીને તિલાંજલિ આપીને કાશ્મીર ને હિમાલયના પ્રવાસે ઊપડી ગયા. લેખન એ હવે તેમનો વ્યવસાય હતો. મલયાલમ સાહિત્યમાં પોટ્ટેક્કાટ જ એવા પ્રથમ સર્જક છે જેમણે સાહિત્ય પર નભવાનો અતિ કપરો નિર્ણય લઇને સાહિત્યોપાસનામય જીવન પસાર કરે છે.

મલયાલમ સાહિત્યનું સુપ્રસિદ્ધ સાપ્તાહિક 'માતૃભૂમિ' સારા સર્જકોને નિયમિત કોલમ માટે દસ આનાનો પુરસ્કાર આપતું. પોટ્ટેક્કાટે એ સાપ્તાહિકમાં નિયમિત લેખ-વાર્તા આપવા માંડયાં. લેખન હવે વ્યવસાય હોઇ તેઓ તેના પૈસા અચૂક લેતા, પરંતુ પૈસા ખાતર તેઓ લખતા એવું નહોતું.

ઇ. ૧૯૪૯ પોટ્ટેક્કાટે યુરોપ, આફ્રિકા અને એશિયાના પ્રવાસ કર્યા. પ્રથમ પોર્ટુગીઝ, પૂર્વ આફ્રિકા અને પછી આફ્રિકામાં તેઓ નવ માસ રહ્યા. રહોડેશિયા, ટાંગાનિકા, કેન્યા, યુગાન્ડા ને સુદાનનું પરિભ્રમણ પણ કર્યું. સુદાનથી ઇજિપ્ત, સ્વિટ્ઝર્લૅન્ડ, જર્મની, ફ્રાન્સ ને ઇંગ્લૅન્ડ સુધી ફરી આવીને ૧૯૫૧માં તેઓ સ્વદેશ પાછા ફર્યા. આ પ્રવાસમાં એમણે માણેલી પ્રકૃતિ તેમ જ જોએલાં શહેરો-લોકો વિષેની માહિતી એમણે લખેલા ત્રણ પ્રવાસગ્રંથોમાં મળે છે. પ્રવાસમાં પોટ્ટેક્કાટ સ્થાનિક ભાષામાં વાતચીત કરવા અર્થે વિવિધ ભાષાનું સંમિશ્રણ કરી લેતા. ક્યારેક આ રખડવું કપરું પણ સાબિત થતું. બેએક વાર તો મોતના મોંમાંથી માંડ પાછા વળી શકેલા. મલયાલમ સાહિત્યમાંનું પ્રવાસ-સાહિત્ય પોટ્ટેક્કાટ થકી ઊજળું છે. સતત રખડનાર આ સર્જકના પ્રવાસનાં પુસ્તકો અવશ્ય વાંચવા જેવાં છે.

પોટ્ટેક્કાટે આઠ નવલકથા, ત્રેવીસ નવલિકાસંગ્રહો અને ત્રણ કાવ્યસંગ્રહો પણ પ્રસિદ્ધ કર્યા છે. માનવ-માનવીય લાગણીને વાચા આપવી એ એમના સર્જનનું ધ્યેય જણાય છે, માનવકથાની અભિવ્યક્તિ અર્થે નવલકથા ઉત્તમ માધ્યમ છે એમ એમનું માનવું છે. 'વિષકન્યા' એમની ઉત્તમ નલવકથા છે.

ગ્રાહકોએ પોતાના નામ-સરનામામાં ફેરફાર હોય તો તુરત તેની જાણ કરવા તથા અકસ્માતે ગુમ થએલા અંકો ભરભાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી તેની નોંધ લેવા વિનતિ.

દેશમાં પ્રવર્તમાન અનેક વાદોથી પોટ્ટેક્કાટ અલિપ્ત છે. અલબત્ત, સામ્યવાદી વિચારધારા એમને સ્પર્શી ગઈ છે. એમણે એમની નવલકથાઓને નવલિકાઓમાં દેશમાં વિસ્તરિત અનેક વિચારધારાઓ પર આકરા પ્રહારો કર્યા છે ને એની સંકુચિતતાની ઝાટકણી કાઢી છે. પોટ્ટેક્કાટ ખરેખર તો સાચા માનવતાવાદી છે. માનવતાના પૂજારી છે.

ઇ. ૧૯૬૨થી '૬૭ સુધીનાં પાંચ વર્ષ પોટ્ટેક્કાટ લોકસભાના સભ્ય પણ રહી ચૂકયા છે. એ સમય ગાળાના અનેક પ્રસંગોને સાંકળતી એમની નવી નવલકથા 'નોર્થ ઍવન્યુ' હવે પ્રસિદ્ધ થવાની છે.

'ઓરુ દેશાથીન્તે કથા' કાલીકટ નજીકના અતિરાનીપદમ્ નામના ગામડાના ૧૯૨૦ થી ૧૯૩૦ સુધીના ગાળાના જીવનનો ચિતાર આપતું ગદ્યકાવ્ય છે. વિકસતું જતું કાલીકટ જે ગામડાને હોઇયાં કરી ગયું એ ગામડાની તેમાં કથા છે. માનવના અસામાન્ય વિષમ સ્વભાવની મનોભાવની ગતિની તેમાં અભિવ્યક્તિ છે. આ નવલકથાનો નાયક શ્રીધરન્ તે સર્જક સ્વયં છે. એથી આ અનુભવનિષ્ઠ કથા સર્જકના જીવનની જ કથા છે. આ કૃતિને અગાઉ ૧૯૭૨માં કેરાલા સાહિત્ય અકાદમી ઍવોર્ડ તથા સાહિત્ય અકાદમી ઍવોર્ડ પણ મળી ચૂકયા છે.

—પ્રફુલ્લ રાવળ

દિવંગત

એલિસ બોનર : ભારતીય શિલ્પ-સ્થાપત્ય, નૃત્યકળા અને સંસ્કૃતિના ઉપાસક ચાહક અભ્યાસી આ સ્વિટ્ઝર્લૅન્ડવાસી વિદુષી નારીનો જન્મ ઇટાલીમાં થએલો. ૧૩ એપ્રિલે ૯૧ વર્ષની વયે એમનું ઝૂરિખમાં અવસાન થયું. ઈ. ૧૯૭૪માં ભારત સરકારે એમને પદ્મભૂષણનું માન આપી પ્રાચીન ભારતીય કળાનાં આ ઉત્તમ તજ્જ્ઞની ભારતીય સંસ્કૃતિના અભ્યાસ અંગેની સેવાની કદર કરી હતી.


પટવર્ધન વિનાયક માધવ દિક્ષીત : મુંબઈની ઇસ્માલિયા કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ, પૂનાની ડેક્કન કૉલેજના અધ્યાપક, કેળવણીકાર અને મરાઠી લેખક. ૧૦ મેના રોજ ૭૩ વર્ષની વયે નાસિકમાં એમનું અવસાન થયું.

મેરી લુ વિલિયમ્સ : જાઝ પ્રકારના કલાકાર. ૧૮ મેના રોજ કૅન્સરના કારણે ૭૧ વર્ષની વયે એમનું અવસાન થયું. સંગીતમાં નવું પરિવર્તન લાવનાર જૂજ કલાકારો પૈકીનાં તેઓ એક હતાં. આ જાઝ પ્રકારના સંગીતમાં ગવાતાં ગીતો પણ એમણે લખેલાં.

અય્યર, પાલઘાટ મણિ : દેશ-વિદેશમાં પોતાના ઉત્કૃષ્ટ મૃદંગ-વાદનથા સુવિખ્યાત કલાકારનું ગઈ ૩૦ મેના રોજ ૭૦ વર્ષની વયે કોચિનમાં અવસાન થયું.

સત્યમ્, વેમ્પટી પેદ્દાં : કુચિપુડી નૃત્યના સુખ્યાત ભાષ્યકાર અને તેલુગુ ફિલ્મોના દિગ્દર્શક. ૧૭ જૂનના રોજ ૫૯ વર્ષની વયે એમનું અવસાન થયું.

ડૉ. પ્રહ્લાદ બાલાચાર્ય ગજેન્દ્રગડકર : ૧૨ જૂને ૮૦ વર્ષની વયે અવસાન. જન્મ : ૧૬ માર્ચ, ૧૯૦૧. ૧૯૨૪માં એમ. એ.ની પરીક્ષામાં પ્રથમ આવી 'ઝાલા વેદાન્ત પ્રાઈઝ' મેળવનાર. તેઓ સંસ્કૃત ભાષાના વિદ્વાન, કેળવણીકાર, સામાજિક કાર્યકર, ૧૯૬૬ થી '૭૧ ઑમ્બે યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલૅર, હિન્દુ કાયદાના તજ્જ્ઞ અને 'હિન્દુ લૉ કવાર્ટર્લી'ના તંત્રી, ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ, અનેક કમિશનોના ચેરમૅન ને 'પદ્મવિભૂષણ'ના માનથી વિભૂષિત હતા.



અસામાન્ય ચિત્ર : કોઈ બરફ આચ્છાદિત ખડકોની નહિ પણ નાયગરા ધોધની આ છબિ છે. જગતની અજબ સુંદર અજાયબીઓમાં આ ધોધની ગણના થાય છે. એરિ સરોવરમાંથી ૧૫૦ ફૂટ નીચે ઓન્ટેરીઓ સરોવરમાં ઠલવાતા નાયગરા નદીના પાણીથી બનતો આ જળધોધ શિયાળાની ઠંડીમાં એક નવું જ રૂપ ધારણ કરે છે. એનાં પ્રચંડ પ્રપાતથી ચોપાસ ઊડતું-ફેલાતું પાણી શિયાળામાં જામી જઈ આવું પરિકથાની સૃષ્ટિ સમું ચિત્ર ખડું કરે છે. અલબત્ત, ધોધનો મુખ્ય પ્રવાહ કદી જામી જતો નથી. પણ એક વાર એ પ્રવાહ પણ અટકી પડેલો. ઈ. ૧૯૪૮માં ૨૯ મેના રોજ ઉપરવાસમાં પુષ્કળ બરફ પડવાથી નદીમાંથી આવતું પાણી રોકાઈ પડતાં આ પ્રચંડ ધોધના સ્થાને થોડો સમય માત્ર નાનીનાની જલધારાઓ જ પડતી જોવા મળેલી.

સદોબા પાટીલ : મુંબઈના બેતાજ બાદશાહ તરીકે ખ્યાત અને સંગઠનશક્તિની કાબેલિયત ધરાવનાર નેતા સદોબા કાનોજી પાટિલનું ૮૦ વર્ષની વયે ૨૪ જૂને અવસાન થયું. ૧૪ ઑગસ્ટ ૧૯૦૦માં જન્મેલા અને અર્થશાસ્ત્રના વિદ્યાર્થી પાટિલ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મુંબઈ રાજ્યની ધારાસભાના સભ્ય હતા. પાટિલ ભારતીય વિદ્યાભવનના સ્થાપક સભ્ય પણ હતા.

સ્વરૂપસીંગ : આંતરરાષ્ટ્રીય હૉકીના આ ખેલાડી પાંસઠ વર્ષની વયે ૨ જુલાઇના રોજ સિમલા ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન થયું ભારતે એક ઉત્તમ ખેલાડી ગુમાવ્યો.

—પ્ર. રાવળ

મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું

ચરિત્ર-પારિતોષિક

જૂન અંક માટે
'તાઝા દેલ વાસ્તો'ના લેખક
શ્રી કનુભાઈ જાનીને મળે છે.

—નાણેલા નુસખા—

કમળામાં કુકડવેલો

કમળો ઝડપથી અશક્તિ લાવનારો રોગ છે. તેમાં પાચનતંત્ર અને લીવર (યકૃત) બગડે છે. રોગીની આંખ, જીભ, નખ, ચામડી, મળ, મૂત્ર વગેરે પીળાં પડી જાય છે. રોગી દેડકા જેવો થઈ જાય છે. તેનો ઉત્સાહ હણાઇ જઈને એ શરીર અને મનથી થાકી જાય છે. કમળો જલ્દી મટતો નથી. તેમાં તેલની પરહેજી હોય છે. ખાવામાં, વઘારમાં, તળવામાં, માથામાં નાખવામાં કે માલિશ માટે તેલનો જરા પણ ઉપયોગ કરવો નહિ. કુકડવેલાનું ફળ કમળામાં અકસીર છે. કુકડવેલાના વેલા ચોમાસામાં થાય છે. તેને તૂરિયાંના જેવાં નાનાંનાનાં ફળ આવે છે, જે વેલા ઉપર જ સુકાઈ જાય છે. આવાં ફળને લાવી, તેને ઉપરના ભાગેથી ખોલીને બી કાઢી નાખી તેમાં પાણી ભરી આખી રાત રહેવા દેવું. બીજે દિવસે રોગીને ચત્તા સુવાડી, માથું ઢળતું રાખી બંને નાકનાં નસકોરામાં ૨-૨ ટીપાં તે પાણી મૂકવું. થોડી વારમાં નાકમાંથી પીળું, રાતું, ગરમ પ્રવાહી નીકળવા લાગશે. માથું, નાક, આંખ બળવા લાગશે. જ્યારે ઘણું પિત્ત આ રીતે નીકળી જાય અને વધુ સહન થાય તેમ ન લાગે ત્યારે ઘીનાં ટીપાં નાકમાં મૂકવાથી શાન્તિ થઈ જાય છે, અને કમળો મટે છે.

ચક્કરમાં ધમાસો

ચક્કર ખૂબ ખરાબ રોગ છે. ચાલવા કે ઊભા થતાં લથડી જવાય, પડી જવાની બીક લાગે, પગ નીચેથી જમીન સરકી જતી લાગે, માથું ભમી જાય ને ધરતી ફરતી લાગે તથા સીધું ચાલી શકાય નહિ યા લાંબો સમય ઊભું રહી શકાય નહિ, વાંકા વળી નીચું જોઈ શકાય નહિ, કૂવા જેવી ઊંડી જગ્યામાં ડોકિયું કરી શકાય નહિ એ બધાં ચક્કર આવવાનાં લક્ષણો છે. ધમાસો એ વગડામાં થતી કેરડાના ઝાડને મળતી પાન વગરની માત્ર ડાળખાંવાળી વનસ્પતિ-તેને સંસ્કૃતમાં યવાશય કહે છે. આ ધમાસાને અધકચરો ખૂંદી, ૨ તોલા જેટલા ધમાસામાં સોળ તોલા પાણી નાખીને ચોથાભાગ જેટલું પાણી રહે ત્યાં સુધી ધીમે તાપે ઉકાળીને પછી ગાળીને પી જવું. આમ, સવાર-સાંજ બે વાર ધમાસાનો આ ઉકાળો પીવાથી ચક્કર આવતાં મટે છે.

શરદીમાં સૂંઠ

શરદી એ કફનો અને અજીર્ણનો રોગ છે. પુષ્કળ છીંકો આવે, નાકમાંથી પાણી ટપકે, નાક બઝાઈ જવું, માથું ભારે થઈ જવું, ભૂખ મરી જાય વગેરે લક્ષણો શરદીમાં જોવા મળે છે. સૂંઠ શ્રેષ્ઠ કફઘ્ન અને ઉત્તમ પાચક છે. સૂંઠવાળી રાબ પીવી, સૂંઠવાળો ઉકાળો પીવો, સૂંઠ-ગોળ-ઘીની લાડુડી બનાવી ખાવી, સૂંઠનો માથે લેપ કરવો કે સૂંઠને છીંકણીની જેમ સૂંઘવી. એક વાટકીમાં પાણી ભરી તેમાં ચપટી સૂંઠ નાખી ખૂબ ઉકાળી એ પાણી પીવાના પાણીમાં ભેળવી એ જ પાણી પીવું. આમ, સૂંઠનું નિયમિત સેવન કરવાથી શરદી દૂર થાય છે.

પાંડુમાં લોહ

લોહીમાંના રક્તકણો પ્રમાણથી વધુ ઘટી જવાથી પાંડુ રોગ થાય છે. તેમાં પગ તૂટે, શ્વાસ ચડે, ચક્કર આવે, આંખે અંધારાં આવે, છાતીમાં દુખે, આંખ નીચે કાળાં કૂંડાળાં જોવા મળે, શરીર ફિક્કું પડી જાય, ઠંડી વધુ લાગે અને થાક જલ્દી લાગે, લોહતત્ત્વ ઘટવાથી આવું થાય છે. તેથી જ લોખંડની કઢાઈમાં વઘારેલાં ખટાશ વગરનાં દાળ-શાક ખાવાં, લોખંડની વાડકીમાં દાળનો વઘાર કરવો. લોખંડનો જાડો ટુકડો ખૂબ ગરમ કરી પાણીમાં છમકારવો અને એ જ પાણી પીવાનું રાખવું. એમ વિવિધ રીતે આહાર દ્રવ્યો સાથે લોહનો સૂક્ષ્મ અંશ શરીરમાં જવાથી પાંડુ મટે છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

જ્ઞાન ગરીબી ગુણ ધરમ, નરમ વચન નિરમોષ;
તુલસી કબહું ન છાંડિયે, શીલ સત્ય સંતોષ.

— તુલસીદાસ —

લોકો પાસેથી દ્રવ્ય ઓકાવવા મિસરના રાજાએ હજરત ઇસાને ગિરફતાર કર્યા. તેમને છોડાવવા લોકો અખૂટ દ્રવ્ય રાજાને ધરવા લાગ્યા. તેમાં એક રંક ડોસીમાને જાતે કાંતેલા સૂતરની ચાર-પાંચ આંટી રાજાને આપવા જતી જોઈ લોકો હસવા લાગ્યા. તેમને માજીએ કહ્યું, 'આનાથી હજરત સાહેબ છૂટે કે ન છૂટે તેનો વિચાર હું કયાં કરું ? પણ ખુદાના દરબારમાં 'હજરતને છોડાવવા તમે શું કર્યું" એમ પુછાશે ત્યારે હું મોં નીચું ઘાલી ઊભી તો નહિ રહું ને ?'

અનેકાર્થી શબ્દ : **કોટ**=કિલ્લો, ગઢ કે કાંટાની વાડ; વંડો; ઢગલો; ગરદન કે ડોક; ઝૂંપડી; જથ્થો કે સમૂહ; શત્રુ ન ભેદી શકે એવી વ્યૂહરચના; શરીર; કુટિલતા (ફૂટ); મહેલ; માળો; મદ્રાસ તરફ બોલાતી એક ભાષા; એક જાતનું ઝાડ; ઘણું.

ચશ્માં સૌપહેલાં ઉપયોગમાં આવ્યાં ઈ. ૧૩૫૨માં. ઈટાલીના શહેર ટ્રેવિસોના એક દેવળમાં ત્યાંના એક ચિત્રમાં કાર્ડિનલ ચુગોને આંખ આગળ કાચની જોડી પહેરેલો બતાવવામાં આવ્યો છે. ચશ્માંની આ સૌથી જૂની પ્રાપ્ત માહિતી છે.

કાકડીમાં વધુ પ્રવાહી હોય કે દૂધમાં ? માનશો ? કાકડીમાં ૯૫ ટકા ભાગ પ્રવાહી હોય છે જ્યારે દૂધમાં ૮૭ ટકા.



કલાકણિકા : ઈરાનની શોભનપ્રચુર કલામાંથી પ્રેરણા લઇને અરબી શાસનકાળમાં જે કલા-શોભનો થયાં તેના નમૂનારૂપ એક અરબી ચંબુ.

विवादो धन-संबन्धः
याचनं स्त्रीषु संगतिः।
आदानग्रतः स्याधि
मैत्री-मंगस्य हेतवः ॥

ઝગડા કરવા, નાણા-વ્યવહાર, યાચના કરવી, સ્ત્રીઓ સાથે વધુ વાતચીત, સામેથી કોઈ વસ્તુનું લઈ લેવું—આ બધાં મૈત્રીભંગનાં કારણો છે.

ગણિતગમ્મત : ઊતરતી ક્રમિક સંખ્યાવાળા કોઈ પણ ત્રણ આંકડા ધારો (દાખલા તરીકે ૭, ૬, ૫); અને હવે તેનો ઊલટો ક્રમ કરો (૫, ૬, ૭). એ બેની બાદબાકીને અંતે જવાબ હમેશાં એકસરખો જ આવશે : ૧૯૮.



ટિકિટકથા : કિંગ એડવર્ડ સાતમાની છબીને 'આઈ. આર. ઑફિસીઅલ' એવા ઑવરપ્રિન્ટવાળી બ્રિટનની આ છ પેન્સની ટિકિટ બહુ દુર્લભ ટિકિટોમાંની એક ગણાય છે. માત્ર દેશના રેવન્યૂ ખાતામાં જ તેની ઉપયોગ થતો હતો. આ જ રીતે બોર્ડ ઑવ એડ્યુકેશન, એડમિરાલ્ટી અને વૉર ઑફિસમાં પણ જે તે ખાતાના ઓવરપ્રિન્ટ સાથે આવી ટિકિટો વપરાતી હતી. જાહેર પ્રજા માટે તેના ઉપયોગ પર પ્રતિબંધ હતો. પરંતુ વપરાઈ ગએલી ટિકિટો સંગ્રાહકો પાસે કોઈ પણ રીતે પહોંચી જતી એટલે છેવટ ૧૯૦૪ના મે માસમાં ટ્રેઝરીએ આ ટિકિટોનો ઉપયોગ ઓચિંતો બંધ કરી દીધો. છતાં જે દિવસે તે પાછી ખેંચાઈ તે દિવસે થોડીક ટિકિટો પોસ્ટ ખાતાએ અજાણતાં આપી હતી. આમાંથી વણવપરાએલી કેવળ આઠ જ ટિકિટો હાલ હયાત છે. જેમાંની એક સાતેક વર્ષ પર સ્ટેન્લી ગિબન્સને ત્યાંથી ૧૦,૦૦૦ પાઉન્ડમાં વેચાઈ હતી. ૧૯૭૯ના સ્ટેન્લી ગિબન્સના કૅટલૉગમાં આવી મિન્ટ ટિકિટોની કિંમત ૧૯,૦૦૦ પા. અને વપરાએલી ટિકિટની ૭,૦૦૦ પાઉન્ડ જેટલી આંકવામાં આવી હતી. આજે તો એથી ક્યાંય વધુ કિંમત હશે.

લવાજમ-વધારો

કાગળ અને મુદ્રણસામગ્રીના થતા રહેલા એકધારા ભાવવધારાને કારણે ઑક્ટોબર-૧૯૮૧થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦ અને પરદેશમાં રૂ. ૬૦ અથવા પાઉન્ડ ૩–૫૦ યા ડૉલર ૯ રહેશે. અને ખાસ અંક સિવાયના છૂટક અંકની કિંમત રૂ. ૩ રહેશે.

સાત વર્ષ બાદ ન છૂટકે કરવો પડેલો માસિક માત્ર ૫૦ પૈસા, એટલે કે રોજના બે પૈસાથી યે ઓછો આ લવાજમ-વધારો, પરિસ્થિતિ પ્રમાણીને સુજ્ઞ ગ્રાહકો નિભાવી લેશે તેવી આશા છે.

આમ છતાં, ૩૦ સપ્ટેમ્બર સુધીમાં અમને મળી જાય એ રીતે ચાલુ વર્ષના ગ્રાહકો રૂ. ૨૪ પ્રમાણે આવતા વર્ષનું આગોતરું લવાજમ ભરી શકશે.

નવા ગ્રાહકો પણ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં રૂ. ૨૪ના દરે લવાજમ ભરી શકશે. આ રાહત ૧ ઑક્ટોબરથી મળી શકશે નહિ.

આવતા ઑક્ટોબર ('૮૧)નો અંક, આજીવન 'કુમાર'નું ઘડતર કરનાર **સ્વ. શ્રી બચુભાઈ રાવતની** સ્મૃતિમાં પ્રકટ થશે, જેમાં એમના સચિત્ર વિસ્તૃત પરિચય સાથે એમના જીવનકાર્યનાં વિવિધ પાસાંની ઝાંખી વગેરે સહિત ચાલુ બધી વાચનસામગ્રીનો પણ સમાવેશ હશે.

અને સુજ્ઞ વાચકોને એ પણ ખયાલમાં હશે કે આવતા એપ્રિલ ('૮૨)નો અંક એ 'કુમાર'ની આગલી પ્રણાલિ પ્રમાણે તેનો ૭૦૦મો ખાસ અંક હશે.